
સંસ્થાપક · રવિશંકર રાવળ



સ્વ. 'ધૂમકેતુ' (૧૨-૧૨-૧૮૯૨ ✱ ૧૧-૩-૧૯૬૫)
(ખાસ સહી કરી આપેલો ફોટો : કાન્તિ જોશી · ભાવનગર)

આવતી કાલનાં નાગરિકોના જ્ઞાન-સંસ્કાર-ઘડતરનું માસિક
વર્ષ બેંતાળીસમું · અંક ચોથો · એપ્રિલ ૧૯૬૫
સળંગ અંક ૪૯૬
તંત્રી · બચુભાઈ રાવત

કુમાર




કાશ્મીરના ગામડાની સવાર

ચિત્રકાર : છગનલાલ જાદવ



૧૯૪૦માં પ્રસિદ્ધ થએલી 'મીઠી નજર'માં 'સ્વ. કનૈયાલાલ વકીલ' નામે મારો લેખ છપાયો છે. એમાંથી કેટલીક લીટીઓ અહીં ઉતારું છું: 'સર જે.જે. સ્કૂલ ઑવ આર્ટ ઉપર અમુક અમલદારોની ખફગી ઊતરી: તેને બંધ કરવાનો વિચાર સેક્રેટેરિયેટમાં થયો. આ સ્કૂલ મુંબાઈ ઈલાકામાં માત્ર એક જ સંસ્થા કલાવિકાસ માટે હતી. પણ કલા જેવા ક્ષુલ્લક વિષયને ગંભીરાઈથી લઈ સરકાર સામે ઝુંબેશ ચલાવવા કોઈનવરું નહોતું. કનૈયાલાલે તે કામ ઉપાડી લીધું અને તેમાં તેમણે વિજય પણ પ્રાપ્ત કર્યો.' એની કદર આટલે વર્ષે જગન્નાથ અહિવાસી જેવા ચિત્રકારોના પ્રયાસથી સ્વ. વકીલની કાંસાની પ્રતિમા સ્કૂલ ઑવ આર્ટમાં ગયે વર્ષે મૂકીને કરી. એ કાંસાની પ્રતિમાનો ફોટો બીડું છું.



હવે પાવલોવા વિષે: માદામ પાવલોવાએ પોતાના રાધા-કૃષ્ણના નૃત્યમાં કનૈયાલાલની ઘણી સલાહ લીધેલી. એ નૃત્યનાં રીહર્સલો વેળા કનૈયાલાલ તથા શિલ્પી માદ્રી દેસાઈ કલાકોના કલાક ત્યાં બેસતાં અને હિન્દ તથા અને પશ્ચિમનાં નૃત્યોની કેટલીક મુખ્ય વિશિષ્ટતાઓ તેમજ શારીરિક વળાંકો વિષે એમણે એ અદ્વિતીય નર્તિકા સાથે ચર્ચા કરેલી.

(સાન્ટાક્રુઝ) —ધનસુખલાલ કૃ. મહેતા

આપે Caricature બાબત પ્રયાસ કરવા મને પ્રેરણા આપેલી. એ ક્ષેત્રે મારી કલમ કેટલું કામ કરી શકે એ એક શંકાનો વિષય હોવા છતાં 'મારી દૃષ્ટિએ રવિભાઈ'એ વિચાર



'નૂતન ગુજરાત'માં પ્રકટ થયો છે તેનું કટિંગ આપની જાણ ખાતર મોકલું છું.

(મુંબાઈ-૫૮) —ઈન્દ્રદેવ આચાર્ય

માર્ચ અંકમાં 'માધુકરી'ની એક કાવ્યની ચાર પંક્તિઓ છપાઈ છે. નીચે 'હ' લખ્યું છે. પણ ધારું છું એ શ્રી મનસુખલાલ ઝવેરીના કાવ્યમાંની પંક્તિઓ હશે. 'આરાધના'માં 'શાશ્વત યૌવનશ્રી' શીર્ષકવાળા પ્રો. ઝવેરીના ૨૯ પંક્તિના કાવ્યમાં બીજી કડી આમ છે:

આંધી ચઢા ચહુ દિશે ચડતી અને એ
આકાશના અમર દીપ બુઝાવવાને,
ગાંડો મહાબ્ધિ જવ તાંડવ રુદ્ર ખેલે;
જ્યારે શશી, રવિ, ગણો ગ્રહ તારકોના
આકાશના કુહરમાં થઈ દીન છૂપે,
ને મત્ત એક જવ અબ્ધિ પ્રચંડ હાસે
માણે અનંત પ્રલયંકર ગીત ગુંજી
ત્યારે યુવાન ઉર તારું ચહે જયશ્રી.

(પૂના) —શશિન ઓઝા

મારે ૧૯૩૬નો સળંગ અંક ૧૪૯મો જોઈએ છે. કોઈ વાચક મિત્રને આ જૂનો અંક આપવા ઇચ્છા હોય તો મને જણાવે.

(લોકભારતી-સણોસરા) —પ્રવીણ મકવાણા

૪૯૫મા અંકમાં 'કળાનો ધર્મ' લેખ વાંચી હૃદય ગદ્‌ગદ્ થયું. શ્રી રવિભાઈ સિવાય આવો ભાવાત્મક લેખ બીજું કોણ લખી શકે? આવા લેખો લખવા પ્રભુ એમને લાંબું આયુષ્ય અર્પે.

(વારાણસી) —જગન્નાથ અહિવાસી

૫૦૦મા અંકની સલામતી

એક નમ્ર સૂચન ૫૦૦મા અંક અંગે કરું? 'કુમાર'ના ચાલુ અંક પણ એના લવાજમ કે છૂટક કિંમત કરતાં વધુ કીમતી રહ્યા છે. તો ૫૦૦મો અંક તો 'કુમાર'ની જ્વલંત પ્રતિભા ઉપર છોગું જ હશે એ નિઃશંક. આવો કીમતી અંક કેવળ સામાન્ય ટપાલ દ્વારા મોકલાય તો 'ટપાલના ચૂહા' જેમની સંખ્યા દિનપ્રતિદિન વધતી જ જાય છે એમની ચાંચિયાગીરી ઉશ્કેરાઈ ઊઠવાની જ. એના પ્રતિકાર તરીકે નિદાન ૫૦૦મો અંક જે ગ્રાહકો એનું રજિસ્ટ્રેશન પોસ્ટેજ ભરવા તૈયાર હોય તેમને રજિસ્ટર્ડ કરીને મોકલાવવાનું કરો તો કેમ?*

(મુંબાઈ) —કાન્તિલાલ મોદી

અંક ગેરવલ્લે ન જાય અને ટપાલમાં ચૂંથાઈ ન જાય એ માટે જે ગ્રાહકોની ઇચ્છા હોય તેમને રજિસ્ટર્ડ પોસ્ટથી મોકલો તો અંક ગેરવલ્લે જવાની ધાસ્તી ન રહે અને એ અંકને જરા વધુ જાડી કોથળીમાં રવાના કરો તો અંક ટપાલમાં બગડે તો નહિ. ઘણી વાર મુંબાઈ જેવા શહેરમાં પણ અંકો છૂટક નથી મળતા. તો આ ૫૦૦મા અંક માટે ઉપલાં બે સૂચનો ધ્યાનમાં લેશો.*

(મુંબઇ) —પ્રવીણ મંગળદાસ

[* આ વિષે એક બે બીજી સૂચનાઓ આવી છે: (૧) રજિસ્ટર્ડ ખર્ચ પૂરતું વી.પી. કરવું, જે એકાદ રૂપિયા જેટલું આવે, (૨) આવતા વર્ષના રૂા. ૧૫)નું વી.પી. કરવું અને એ રીતે જેઓ આગોતરું લવાજમ ભરવા ઇચ્છતા હોય તેમને ખાસ લાભ તરીકે વી.પી. રજિસ્ટ્રેશન ખર્ચ અમારે ભોગવી લેવું—એટલે કે ગ્રાહકને વી.પી. છોડાવતી વખતે માત્ર પંદર રૂપિયા જ ભરવાના આવે. આ બીજું સૂચન બંને પક્ષને લાભદાયી લાગે છે. ઇચ્છતા હોય તેમણે આ વિષે અમને અત્યારથી લખવું.

'કુમાર'ના દરેક અંકમાં નિત્ય નવીનતા નીતરતી જોવા મળે છે. રવિભાઈના 'જીવનપટનાં સ્મૃતિચિત્રો'માં પાના ૮૭ ઉપર દર્શાવ્યું છે કે હૈદરાબાદ વટાવીને રોહરી જંકશને પેશાવરથી આવતી મોટી ગાડીમાં ફેરવ્યું પરંતુ હૈદરાબાદ પછી રોહરી નહિ પણ કોટ્રી જંકશન આવે છે અને ત્યાં તે વખતે ગાડી બદલાવાતી.

(સિહોર) —મુકુંદરાય ત્રિ. ત્રિવેદી

'કુમાર'નાં કાવ્યો અંગે જાન્યુઆરીઅંકમં K. M. U. એ લખ્યું છે તેમ એ કાવ્યો કુમારો ન પણ સમજી શકે; પરંતુ કુમારોની કાવ્યરુચિને ઘડવાની તથા સાચી દિશામાં વાળવાની શક્તિ 'કુમાર' જેટલી ભાગ્યે જ બીજા કોઈ માસિકમાં હશે. કાવ્યસાહિત્યનાં અદ્યતન વહેણોમાંથી સાચું કાવ્યતત્ત્વ તારવીને મૂકવાની ઉત્તમ સેવા 'કુમાર' કરે છે. માત્ર પરંપરામાં નહિ બંધાનાર 'કુમાર'નાં કાવ્યો આધુનિકતાના આછકલાપણામાં તણાતાં પણ નથી. અલબત્ત એ કદીક દુર્બોધ બને, પરંતુ એવે સમયે તંત્રીનું લાઘવભર્યું ટિપ્પણ સારું માર્ગદર્શક બને જ છે. અપવાદ રૂપે કોઈ કાવ્યો સહૃદયી વાચકને પણ આસ્વાદ્ય ન બને. આધુનિક જીવન અને આધુનિક કળા પેઠે આધુનિક કાવતા પણ વાચક પાસેથી થોડી મહેનત માગે છે. પણ એ મહેનત સાચા વાચક માટે સહ્ય અને સાર્થક બને એમ છે. માત્ર યાદ રહે કે મોઢે રહી જાય એને જ કાવ્ય કહેવું યોગ્ય નથી. કવિતામાં એ સિવાય બીજાં ઘણાં તત્ત્વો ખબ મહત્ત્વનાં છે. અને આવી બાબતમાં માત્ર મતગણતરીથી કોઈ સાચું માપ ન આવી શકે. કવિતા સારી હોય એ જેટલું જરૂરી છે તેટલું જ જરૂરી વાચક અધિકૃત હોય તે પણ છે. અને એવો વાચક જરૂર કહેશે કે આજની કવિતાનું સાચું ને સુંદર પ્રતિનિધિત્વ 'કુમાર' કરે છે.

(અમદાવાદ) —ગી. પ.

એક મિત્ર 'કુમાર'ના કાવ્યવિભાગથી છેડાઈ પડયા છે. હું તો હંમેશાં તેમાંથી રસાસ્વાદ લઈ રહ્યો છું. દર વખત માત્ર એક જ પાનું આ માટે રોકાતું હોવા છતાં તે ખરેખર તેની કલગી સમાન છે. અભિપ્રાયોની દુનિયા પણ વિચિત્ર હોય છે.

'કુમાર'માં પ્રસિદ્ધ થએલા લેખોના 'ચયન ગ્રંથ' બાબત ઘણી સૂચનાઓ આવ્યા કરી છે. ૫૦૦મો અંક જ આવો પહેલાંના ચૂંટેલા લેખોમાંથી તૈયાર કરો તો?

(કલ્યાણ) —પદ્મકાન્ત ર. શાહ

[*છેક એમ નહિ, પણ આજ સુધીમાં જેટલું વૈવિધ્ય આવ્યું છે તે દરેકની (બનતાં સુધી નવી જ) વાનગી આવી જાય એવો ખયાલ છે.]

ભાઇશ્રી પીરભાઈ મનસૂરીને લંડન આવવામાં તકલીફ પડી અને વર્ક પરમિટ ઉપર આવ્યા એ જ પરિસ્થિતિ બધાની છે. જોકે પાસપાર્ટ વગેરે માટે હું મુંબાઈનો રહીશ હોવાથી કંઈ તક્લીફ પડેલી નહિ; પણ લંડનમાં કોઈ ઓળખીતું કે લંડનની પરિસ્થિતિ વિષે માહિતી ન હતી. એટલે ખૂબ તકલીફ પડેલી. લખતાં પણ દુઃખ થાય એવી એ કહાણી છે. કામ મળવું મુશ્કેલ અને ઠંડી સખત. ઇંડિયા હાઉસવાળા પણ મદદ તો શું, ગાઈડ પણ કરી શકતા નથી. મારા અને ભાઈ મનસૂરી જેવા જે કોઈ લંડન આવવા માગતા હોય તેને બધી માહિતી અને મદદ કરવા હું તૈયાર છું, મારો આ પ્રસ્તાવ 'કુમાર'માં મારા સરનામા સાથે છાપશો? —કેશવ પટેલ

Keshav Patel, 8, Hungerford Rd.
London–N. 7 (U. K.)

ગયા વર્ષના ફેબ્રુઆરી અંક (૪૮૨)માં આવેલી શ્રી ચેતનકુમારની 'ગઝલ'ની અનુકૃતિ–પૅરડી–'હઝલ'; એમની ક્ષમા સાથે:

ફિકરસત્તાનીકરનારાખબરતોલો બિચારાની,
કરી બેઠો છે બેહાલી જે મત આપી બિચારાની.
અમે પાકી જશું કિંતુ ખબર પડવા નહિ દેશું,
નહિતર ટેવ આ જગને પડી જાશે લખારાની.
ચમકતું છે જગત પર ઇન્દ્રની પેઠે ખુમારીથી,
અમારેજોઇએના જિંદગી 'સેવક' બિચારાની!
બની બેઠા છે, જેઓ પ્રશ્નપૃચ્છક એમને પૂછો,
લઇને મામલો ચાલ્યા, ખબર છે કોઈ ચારાની?
જગતમાંથીજનારાઓવિષેઇતિહાસજાણે છે,
ખબર આપી શક્યું છે કોણ વેતન આંવનારાની?

(અમદાવાદ) —વેતનકુમાર

જાન્યુઆરી અંકમાં 'મહાવ્યક્તિ મુનશી'નું જીવનચરિત્ર વાંચી પ્રસન્નતા અનુભવી. એ જ રીતે રાજકીય ક્ષેત્રે શ્રી મોરારજીભાઈ દેસાઈનું ચરિત્ર ન છાપી શકાય?

(પોરબંદર) —હરજીવન થાનકી

[*અંક ૩૪૨ તથા ૪૩૫માં આવી ગયું.]

જાન્યુઆરી માસમાં પુછાએલા એક વાચકના પ્રશ્નનો જવાબ: મોં પર પડેલા ખીલના કાળા ડાઘ દૂર કરવા ફુલાવેલી ફટકડી પાણી સાથે ઘસવી અને ત્યાર બાદ તેને ઘટ્ટ બનાવી મોં પર ચોપડવી. ટૂંક સમયમાં જ મોં પર પડેલા ખીલના કાળા ડાઘ દૂર થશે.

(વલ્લભપુરી-કટારિયા) —ન. મ. ગઢેચા

આંખ ઉપરની મારી ભમરો નાક આગળ મળી ગઈ છે અને કપાળ પણ રૂંવાટીથી છવાઇ ગયું છે. ઘણા પ્રયત્ન કર્યા છતાં ય કંઈ ફેર પડતો નથી. તેને દૂર કરવાનો ઉપાય કોઈ બતાવશે તો આભારી થઈશ.

(અમદાવાદ) —એક વાચક

કુમાર

એપ્રિલ ૧૯૫૫ · અંક ૪૯૬

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૨; પરદેશમાં રૂ. ૧૫ અથવા શિ૦ ૨૪; છૂટક નકલ : રૂ. ૧-૨૫

ભર બપોરે / ચંદ્રકાન્ત શેઠ

· ગાન ·

ભરબપોરે ચાંદલો ક્યાંથી? આપ રે ક્યાંથી?
તડકો જે રેતાળ હતો તે લાગતો તાજા પાન શો લીલો,
ચંપાના ફૂલ-દલની સાથે અલક તારે અદકો ખીલ્યો:
ભરબપોરે તારલિયાળી રાત રે ક્યાંથી?

પાલવમાંથી મ્હેકતો પવન ફૂલથી જાણે ભીંસતો મને,
ઝૂલતું આંબાવાડિયું તારા ટૌકા સાથે આવતું કને:
ભરબપોરે પરબને જલ ચાંદની ક્યાંથી?

સીમની લૂખી લટમાં હતો ઊડતો જ્યાં સૂનકાર રે ખારો,
પગલે તારે કોઇ સરોવર–જલનો જોયો ફૂલ–ફૂવારો:
ભરબપોરે સૂરજ તારકફૂલ શો ક્યાંથી?

વ્રજ વેરાન / રઘુવીર ચૌધરી

· સવૈયા ·

જોજનલાંબો સૂનકાર ને વનરાવન વેરાન,
પંથહીન પદ વહે વેદના સરકી ગયું વિતાન.

હવા ઉદાસીન પાંશુવદન શી, પડયું બા'વરું ઘાસ,
વાદળછાયું મૌન ધરાનું, અકળવિકળ આકાશ.

ખર્યા વિનાનાં પુષ્પ ખખડતાં, પર્ણ ઢળેલાં પડખે,
પોતાના ખરતા પીછાને પંખી પડતું નીરખે.

ઊડી ગએલો પરાગ, અમિયલ સપન ક્યાંય ના ફરકે,
એકલતાની પાંપણ પર એ આંસુ બનતું સરકે.

પ્રીતવછોયાં વાછરડાં ધૂસર સંધ્યામાં ભટકે,
કાલિન્દીને નીર ડૂબવા કદંબછાયા લટકે.

લોચન તાકી રહ્યાં સમયનાં, નજર મૂળમાં બળતી,
આવનારની દિશા આખરે ખાલી નભમાં ભળતી.

ગોપી ને ગોપાળ હવે અણજાણ લોક શાં ફરતાં,
વ્યાકુળ મૂગા પડછાયા શાં ધેનુનાં ધણ ચરતાં.

કોક કામળી, કોક બંસરી, કોક અધૂરું ગાન...
બધું ગયું વિસરાઇ, એકલું ટકી ગયું વેરાન.

કબૂલાત / રાજેન્દ્ર શુકલ

· ગઝલ ·

હા, હું તારાથી ઘણો યે દૂર છું,
(તે) એટલે તો તુજ થકી ભરપૂર છું!

શું તને નો'તી ખબર એની પ્રથમ?
કે હું તારાથી વધુ મગરૂર છું!

આ, કશુંક ના પામવાની છે મજા,
કે પળેપળ આટલો ચકચૂર છું!

બંધ કરી દો બંધ અવ આ બારણાં,
કોઈ આવે તો કહો– ઘેઘૂર છું!

હા, ગઝલ ગાવી પડે છે કોક દી',
તે કબૂલ્યું—એટલો મજબૂર છું!

અત્તરિયાને / બાલમુકુન્દ દવે

અત્તરિયા! અત્તરના સોદા ન કીજીએ,
અત્તરિયા! અત્તર તો એમનેમ દીજીએ.

હાટડી પૂછીને કોક આવી ચડે તો એને
પૂમડું આલીને મન રીઝીએ,
દિલની દિલાવરીનો કરીએ વેપાર ભલે
છોગાની ખોટ ખમી લીજીએ: અત્તરિયા૦

ઊભે બજાર લોક આવે હજાર, એની
ઝાઝી ના પડપૂછ કીજીએ,
આપણને વહોરવા આવે, એને તે એલા
ગંધને રે બંધ બાંધી લીજીએ: અત્તરિયા૦

આઘેથી પગલાંને પરખી લઇએ, ને એના
ઉરની આરતને પ્રીછીએ,
માછીડો ગલ જેમ નાખે છે જલ, એમ
નજરુંની ડૂબકી દીજીએ: અત્તરિયા૦

આછીઆછી છાંટ જરી દઇએ છાંટી, ને એવો
ફાયો સવાયો કરી દીજીએ,
રૂંવેરૂંવે સૌરભની લે'રૂં લહેરાય, એવાં
ઘટડામાં ઘેન ભરી દીજીએ: અત્તરિયા૦

પજવણી / ચિનુ મોદી

· શિખરિણી ·

થયો ઝાઝો એને સમય પણ, જ્યારે પ્રણયમાં
વફાદારી તૂટયે અલગ જ થયાં બે ય ઝગડી.

છતાં યે તે આજે પથ ઉપર ક્યારેક તમને
જતાં જોઉં ત્યારે હૃદય હળવેથી ધબકવું
જતું ભૂલી શાને? ઘર તરફ છેલ્લી 'બસ' વિષે
જઉં રાત્રે ત્યારે પથ પર તમારું ઘર હજી
નિહાળી લેવાને નજર કરતો બ્હાર, શીદને?

કરાવે છે કોઇ પરિચય મને સ્હેજ મરકી
તમારાં નામેરી સહ, અવશ આંખો, હૃદય આ
વિવેકે ચૂકે કાં? કદીક નવરાશે, ફુરસદે
કબાટે ફંફોસ્યે, ગડ વળી ગયો પત્ર નિકળ્યે
અચિંત્યાનો શાને ગહન જલમાં હું સરકતો?

મને આવું પૂછી હૃદય પજવે નિત્ય; તમને
તમારું હૈયું શું કદી ય પજવે આ......મ?

દંતકથાના પાત્ર જેટલી લોકપ્રિયતા પ્રાપ્ત કરનાર અને ભારતીય નૃત્યોને વિશ્વભરમાં

ભારતીય નૃત્યોની વાત નીકળે કે અચૂક સૌકોઈ ઉદયશંકરને યાદ કરવાનું જ. એમના નામોલ્લેખ વિના ભારતીય નૃત્યોની વાત ભાગ્યે જ થઈ શકે. અને આજે તો ૬૪ વર્ષની વયે પહોંચેલા, દંતકથાના પાત્ર જેટલી લોકપ્રિયતા પ્રાપ્ત કરનાર, ભારતીય નૃત્યોને વિશ્વભરમાં ગૌરવવંતું સ્થાન અપાવનાર અગ્રણી આ કલાકારે રંગમંચ પરથી લગભગ વિદાય લીધી છે, છતાં એમના બહુમૂલ્ય પ્રદાનની કિંમત જેટલી આંકીએ તેટલી ઓછી ગણાય.

ઈ. ૧૯૫૮ના અરસામાં મુંબાઇના ક્રૉસમેદાનમાં તેમણે છાયા-નૃત્યો રૂપે નૃત્યનાટિકાઓ રજૂ કરી ત્યારે પહેલી વાર હું તેમને મળેલો; પણ તે ખૂબ થાકેલા હોવાથી થોડીઘણી વાતચીત થઈ શકેલી. ત્યાર બાદ જાન્યુઆરી'૬૦માં મણિપુર–ત્રિપુરા રાજ્યના સાંસ્કૃતિક પ્રવાસેથી પાછા ફરતાં કલકત્તામાં તેમનો કાર્યક્રમ જોવા મળ્યો. તેમાં તેમણે તલવાર સાથે યોદ્ધાનું નૃત્ય ને તેમનાં પત્ની અમલાએ ભરતનાટ્યમનું વિખ્યાત પદ 'કૃષ્ણાની બેગને બારો' રજૂ કરેલું. આ બધાં નૃત્યોમાં સંગીત 'ટેઈપ' કરેલું હોઈ બરાબર જામતું લાગ્યું નહિ. જે સંસ્થાના આશ્રયે મારે મણિપુર જવાનું થએલું તેના સંચાલક શ્રી દેવીલાલ સામરે વર્ષો પૂર્વે ઉદયશંકરની મંડળીમાં નર્તક તરીકે કામ કરેલું તેમણે ઉદયશંકર પર પત્ર લખી આપેલો એટલે મારું કામ સરળ બન્યું.

ઈ. ૧૯૦૦માં ડિસેમ્બરની ૯મીએ તેમનો જન્મ ઉદયપુરમાં થયો હતો, તે પરથી તેમના પિતાએ તેમનું નામ ઉદયશંકર પાડેલું. પિતા ડૉ. શ્યામશંકર અને માતા હેમાંગિનીદેવી બન્ને બંગાળી બ્રાહ્મણ. હાલ પાકિસ્તાનમાં આવેલા કાલિયા ગામનાં તેઓ વતની. પિતા એમ. એ. અને બાર-ઍટ-લૉ હતા. શરૂમાં હેડમાસ્તર તરીકે કામગીરી બજાવ્યા બાદ પાછળથી સ્વપ્રયત્ને સેક્રેટરી ટુ ધ મિનિસ્ટ્રી ઑવ ઝાલાવાડ (રાજસ્થાન) તરીકે નિયુક્ત થયા હતા. નિવૃત્તિ બાદ બનારસમાં સ્થિર થએલા. સંસ્કૃતના અઠંગ અભ્યાસી અને વિદ્વાન પંડિત. ડૉક્ટર ઑવ ઈન્ટરનૅશનલ પૉલિટિક્સની પદવી પણ તેમણે મેળવેલી, અને જીનિવામાં મળેલી 'લીગ ઑવ રીલિજીઅન્સ'ની કૉન્ફરન્સમાં પણ



શિવના પાત્રમાં

ભાગ લીધેલો. રજવાડાના કામ અંગે લંડનમાં હતા ત્યાં ઈ. ૧૯૩૫માં મોટરના અકસ્માતમાં તેમનું અવસાન થએલું.

ડૉ. શ્યામશંકરને ચાર પુત્રો. તેમાં સૌથી મોટા ઉદયશંકર. તેમનાથી નાના રાજેન્દ્રશંકર, જેમનાં પત્ની શ્રીમતી લક્ષ્મી હિન્દુસ્તાની સંગીતનાં જાણીતાં ગાયિકા છે. તેમનાથી નાના દેવેન્દ્રશંકર નવી દિલ્હીમાં સ્થાયી થયા છે અને ત્યાંની સ્થાનિક નૃત્ય-સંસ્થાને આશ્રયે નૃત્ય–નાટિકાઓનાં દિગ્દર્શન વગેરે સંભાળે છે. સૌથી નાના ભાઈ તે હવે વિશ્વવિખ્યાત સિતારવાદક તરીકે જાણીતા રવિશંકર. ઉદયશંકરનાં બે સંતાનોમાં પુત્ર (એકવીસ વર્ષનો) હાલ બનારસ કૉલેજ ઑવ મ્યૂઝિકમાં સિતાર શીખે છે, અને અગિયાર વર્ષની પુત્રી તેમની સાથે કલકત્તામાં રહી અભ્યાસ કરે છે.

બાલ્ય વયમાં ઉદયશંકર રમતગમતમાં ભારે હોશિયાર, પણ ભણવામાં ચિત્ત ચોંટે નહિ. તરવાનો ખૂબ શૉખ. કુમારાવસ્થામાં બનારસ રહેતા ત્યારે ગંગામાં પૂર વખતે ઝંપલાવે અને સામે કાંઠે પાર ઊતરે. કંઈક વધુપડતા તોફાની. જાદુના ખેલો કરે. ચિત્રકળાનો યે નાદ ખરો, ને યાંત્રિક કરામતો (મિકૅનિક્સ)માં પણ રસ. જાદુમાં તેમનો ઊંડો રસની બહુ ઓછાને જાણ હશે. તેમાં પારંગત પણ એવા છે કે લંડનની મૅજિશ્યન્સ ક્લબે તેમને પોતાના માનાર્હ સભ્ય બનાવ્યા છે.

પિતાને તેમનાં આ તોફાનો તથા અભ્યાસ પ્રત્યેના દુર્લક્ષથી ખૂબ ચિંતા થતી. ચિત્રકળા તરફ તેમનું વલણ જોતાં તેમને મુંબાઇની સર જે.જે. સ્કૂલ ઑવ આર્ટમાં મૂકયા, જ્યાં પ્રો. ધુરંધરે તેમની શક્તિઓ પીછી તેમને પરદેશ મોકલવા ડૉ. શ્યામશંકરને સૂચન કર્યું અને લંડનની 'રૉયલ કૉલેજ ઑવ આર્ટ્સ'માં તે દાખલ થયા, જ્યાંના આચાર્ય વિખ્યાત કલાકાર રૅાથેન્સ્ટાઇનના પ્રીતિપાત્ર તે બન્યા. હોશિયાર ઘણા એટલે ત્યાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થઇ 'ડબલ પ્રમોશન' અને ઇટલીની અભ્યાસ-શિષ્યવૃત્તિ મેળવી.

પહેલા વિશ્વયુદ્ધનાં વર્ષોમાં ડૉ. શ્યામશંકર લંડનમાં હતા. યુદ્ધમાં ઘાયલ થએલા ભારતીય સૈનિકો માટે તેમણે કંઇક નાટક જેવું ભજવવાનું નક્કી કર્યું. નાટકનાં બેએક દૃશ્યો હતાં: 'મુઘલ એમ્પાયર' અને 'ધ વૅનિશિંગ ટ્રાઈબ.' તેમાં સંગીત અને નૃત્યવિભાગમાં ઉદયશંકર પિતાને મદદ કરતા. આ પ્રયોગોનું સ્વરૂપ કંઈક ટૅબ્લો (Tableau) જેવું થએલું; ન તો તે નૃત્ય-નાટિકા હતી કે ન તો નાટ્ય; તેને 'ઑપેરા' પણ ગણી શકાય નહિ; એ બધાંનું મિશ્ર સ્વરૂપ કહી શકાય. એમાં કામ કરતાંકરતાં ઉદયશંકરને નૃત્યકળાનું રહસ્ય પામવાની જિજ્ઞાસા થઇ. નાની વયે પણ તેમને નૃત્ય વગેરે જોવાં ઘણાં ગમતાં, પણ તેનું સ્વરૂપ ભ્રષ્ટ થઇ ચૂક્યું હોવાથી લોકનૃત્યો જોવાની પણ પિતા રજા ન આપતા. છાનાંછપનાં તે ગુજરાતની ભવાઇ જેવાં સ્વરૂપો — નૌટંકી, નાચ, રાસ વગેરે જોવા જતા ત્યારે તેમાંના કલાત્મક સંસ્કારોને તેમણે ગ્રહેલા. પિતા દ્વારા જાણ્યું કે મૂળે નૃત્ય અને સંગીત ધાર્મિક વિધિ અને પૂજાનાં અંગરૂપ હતાં. નાટ્યશાસ્ત્રમાં આંકેલા તેના મહત્ત્વ તરફ પણ પિતાએ આંગળી ચીંધી. આ અરસામાં જ પાવલોવાએ (આપણે શરૂમાં જોયું તેમ જુઓ અંક ૪૯૩) પોતાના બૅલે 'ઓરીએન્ટલ ઇમ્પ્રેશન્સ' માટે તેમની મદદ માગી અને પાવલોવાના આ નિમંત્રણે ઉદયશંકરના જીવનમાં મોટું પરિવર્તન આણ્યું.

નૃત્યમાં સક્રિય ભાગ લેવાનું ઠર્યું ત્યારથી તેમની જીવનદિશા બદલાઇ, અને તે દિવસથી તેમણે પાછું વાળી જોયું નથી. બ્રિટિશ મ્યૂઝિયમમાં ઉપલબ્ધ જેટલું ભારતીય કલાવિષયક સાહિત્ય હતું તે બધું

ગૌરવવંતું સ્થાન અપાવનાર

ઉદયશંકર

લેખક • સુનીલ કોઠારી



કાર્તિકેયના પાત્રમાં

તે શોધી વળ્યા, તેનો ખંતપૂર્વક અભ્યાસ કર્યો અને કલાના રહસ્યને આત્મસાત્ કર્યું. ભારતીય કલાકાર પોતે કેટલી હદે બિન-અંગત રહી પોતાના વ્યક્તિત્વના લેશમાત્ર પ્રક્ષેપ વિના ભક્તિભાવ અને સ્વાર્પણની ભાવનાથી મોક્ષ-પ્રાપ્તિ અર્થે કલાસાધના કરે છે તેની તેમને કંઇક ઝાંખી થઈ. મહાનમાં મહાન કલાકારો અનેક પ્રાચીન કલાકૃતિઓ મૂકી ગયા છે, પણ તેમનો નામોલ્લેખ સુદ્ધાં ક્યાંય મળતો નથી; કારણ પોતે જે સિદ્ધ કર્યું છે તેને તે ઇશ્વરનો પ્રસાદ માને છે. આવી વિભાવનાની સમજ પ્રાપ્ત થતાં કળાના સાચા રહસ્ય પ્રતિ અભિ-મુખ થએલી ઉદયશંકરની નૈસર્ગિક શક્તિ ચેતન-વંતી બની ઊઠી.

પાવલોવા જોડે કામ કરવાની તક મળી એ મહદ્ ભાગ્યથી તેમના આનંદનો પાર રહ્યો નહિ. એવી વિશ્વવિખ્યાત નૃત્યાંગના સામેથી ચાલી-ને નિમંત્રણ આપે અને બૅલેમાં પોતાની સાથે મુખ્ય પુરુષપાત્ર ભજવવા વિનતિ કરે એ કોઈ પણ તદ્દન અજાણ્યા વિદ્યાર્થી માટે તો અતિ મહત્ત્વની ઘટના ગણાય. એટલે એમણે તો ભારતીય નૃત્યની યથાર્થ રજૂઆત માટે યોજના ઘડવા માંડી અને તેના અભ્યાસમાં ઊંધું ઘાલીને ઝંપલાવ્યું. જેટલું ઉપલબ્ધ સાહિત્ય હતું તેમાંથી ભારતીય શિલ્પ, મિનીએચર પેઇન્ટિંગ્સ (લઘુચિત્રો) અને ફ્રેસ્કોઝ (ભીંત-ચિત્રો)ના અનેક નમૂનાઓ, તેની છબિઓ વગેરેનો ખંતપૂર્વક અભ્યાસ કર્યો. તેમાંની વિવિધ અંગભંગની અને સંયોજના (કૉમ્પોઝીશન)ની વિભાવનાથી પ્રભાવિત થએલી તેમની કલ્પનાને વેગ મળવા લાગ્યો અને એ બધાં શિલ્પો-ચિત્રોને જાણે વાચા ફૂટવા માંડી. એનાં સ્થ-ગિત સ્વરૂપોમાં ચેતના પ્રવેશી અને તે બધાં જાણે ગતિશીલ બનવા લાગ્યાં. આ અકલ્પનીય અનુભવથી તેમને સાક્ષાત્કાર થયો કે કલાકારે માત્ર શાસ્ત્રમાં નિપુણતા મેળવ્યે જ નહિ ચાલે, પણ કલ્પના એકા-ગ્રતા સંવેદન વગેરે લક્ષણો અને ગુણોથી સત્ત્વશીલ થવું રહ્યુ. તો જ એનું સર્જન સચેત-સમૃદ્ધ બની શકે.

આ બધી પ્રક્રિયામાંથી પસાર થતાંથતાં ઉદયશંકરનો કલાકાર આત્મા કૉળી ઊઠ્યો અને એક દ્રષ્ટા કલાકાર તરીકેની તેમની સુપ્ત રહેલી સમગ્ર શક્તિઓ જાગૃત થઇ ઊઠી. પાવલોવા માટે 'રાધા અને કૃષ્ણ' તથા 'અજંટા' એમ બે બૅલેની યોજનાએ તેમને નવો જ દૃષ્ટિ-કોણ બક્ષ્યો અને આધુનિક ભારતીય બૅલેની સંયોજના ક્યા પ્રકારે કરવી જોઈએ તે પરત્વે તેમનું ધ્યાન દોરાયું. ગતિ અને વેશપરિધાન, વસ્તુ અને પાર્શ્વસન્નિવેષ, સંગીત અને ગીતગાન વગેરેમાં સુનિયોજિત રૂપે ફેરફાર કરવા જરૂરી હતા અને આધુનિક રંગમંચની જરૂરિયાતને લક્ષમાં રાખી તેની સાથે એ બધાંનો સુમેળ સાધવો આવશ્યક હતો. એ બધાંનું પરિણામ એમણે 'ઓરીએન્ટલ ઇમ્પ્રેશન્સ'માં આણ્યું.

એ પછી પાવલોવા સાથે એમણે ઘણે સ્થળે પ્રવાસ કર્યો. તેમાં તેમની ભૂમિકા માત્ર બે દશ્યો પૂરતી જ હતી તો યે પગાર વગેરે પૂરતું મળતું હતું, પરંતુ બાકીનો સમય તેમને જે નવરા બેસી રહેવું પડતું અને મુસાફરી વેઠવી પડતી તેનાથી આ સર્જક કલાકાર વાજ આવી ગયા અને સ્વતંત્રપણે નૃત્યો રજૂ કરવાનું વિચારી પાવલોવાથી છૂટા થયા.

પરંતુ હવે જ તેમને સ્વતંત્ર કાર્યક્રમો રજૂ કરવાની મુશ્કેલીઓનો અનુભવ થયો. તે એટલી હદે કે પાછળથી હોટેલોમાં 'કૅબરે (Cabaret) આઇટેમ્સ' તરીકે તેમને નૃત્યો રજૂ કરવાં પડતાં! ખોરાકની, પૈસાની વગેરે તંગીનો પાર ન રહ્યો. એ અરસામાં વળી લંડનમાં જ નૃત્યશિક્ષણ આપવા સારુ 'સ્ટુડિયો' ભાડે લીધો તેનાં ભાડાં ચૂકવ-વાની ત્રેવડ ન રહી. પણ આ બધી મુસીબતોનો તેમણે કોઇ પણ સ્વજન પાસે લાંબો હાથ કર્યા વિના ધીટતાથી એકલે હાથે સામનો કર્યો. પિતાની ખફગી વ્હોરી, એકબે વર્ષ લગી અજ્ઞાત-



ડાર્ટિંગ્ટન હૉલના
ખુલ્લા રંગમંચ પર
નૃત્ય કરતા
ઉદયશંકર



અમલાદેવી
રાજકુમારીની ભૂમિકામાં



વિખ્યાત સિતારવાદક પંડિત રવિશંકર
ઉદયશંકરની મંડળીમાં નૃત્યકાર તરીકે

વાસ વેઠવા જેવી દશા આવી પડી, પણ તે શ્રદ્ધાચ્યુત થયા નહિ.

૧૯૨૦માં પારી(સ)માં કૅલોનિયલ એક્ઝિબિશન યોજાયું ત્યાં તેમને નૃત્યો રજૂ કરવાની તક સાંપડી અને એમને નવા સહયોગીઓ પણ મળી આવ્યા. ત્યારે તો એમની સાથે માત્ર બે કે ત્રણ અંગ્રેજ કલાકારો જ હતા. આ અરસામાં જ એમના પ્રયોગોથી પ્રભાવિત થઇ ફ્રેંચ કલાકાર કુ. સિમ્કી તેમની મંડળીમાં જોડાયાં અને ઉદયશંકરે નવી નૃત્યમંડળીની સ્થાપના કરી. આ 'ટ્રુપ' સાથે યુરોપભરમાં તેમણે પ્રવાસ કરતાં એક સ્વિસ સન્નારી અને વિખ્યાત શિલ્પી મિસ એલિસ બૉનરનો પરિચય થયો. ભારતીય સંસ્કૃતિની ચાહક આ કલાકારે ત્યારથી ઉદયશંકરને નૃત્યપ્રવૃત્તિ માટે સતત આર્થિક તેમજ અન્ય આવશ્યક સહાય કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

ઈ. ૧૯૨૦માં ઉદયશંકર ભારત પાછા ફર્યા ત્યારે એ 'રૉયલ કૉલેજ ઑાવ આર્ટ્સ'ના માત્ર સ્નાતક-ચિત્રકાર જ નહિ પણ સવિશેષ તો નૃત્યકાર તરીકે સ્વદેશ આવ્યા હતા. હિંદના તત્કાલીન સામાજિક સંજોગો અને પરિસ્થિતિમાં ભદ્ર અને સંસ્કારી બ્રાહ્મણ વર્ગનો કોઈ યુવાન નૃત્યકાર તરીકે કારકિર્દી શરૂ કરવાની ઇચ્છા ધરાવે એ 'અબ્રહ્મણ્યમ્' સમાન હતું. મિત્રો અને સ્વજનોને આ કલંકરૂપ લાગેલું. પણ લંડનમાં પાવલોવા જોડે નૃત્યમાં ભાગ લીધા પછી અને યુરોપમાં સ્વતંત્ર પ્રયોગો રજૂ કર્યા પછી ઉદયશંકરે તો દૃઢ નિર્ધાર કરી પોતાની શક્તિઓના ઉત્તમ વિનિયોગ માટે માધ્યમ તરીકે નૃત્યકલાને સ્વીકારી લીધી હતી.

બંગાળી વૃત્તપત્રોએ તેમને વધાવી લીધા અને ઠેરઠેર ઉદયશંકરનું નામ ગાજવા લાગ્યું. પ્રાદેશિક ગૌરવથી બંગાળની છાતી ગજગજ ફૂલી ઊઠી અને 'ભારતીય નૃત્યો જેવી કોઇ કળા'ને આમ 'પુનર્જીવન આપવાના તેમના અગ્રણી કાર્યની' સારી પેઠે નોંધ લેવાઇ. હવે તેમણે નૃત્યોના અભ્યાસ માટે ભારતવર્ષની સફર આદરી. દક્ષિણ ભારતમાં જ્યારે પહેલવહેલી વાર ગુરુવાયુરના મંદિરમાં ભવ્ય કથકલી નૃત્ય જોયું ત્યારે તે સ્તબ્ધ થઈ ગયા. જાણે આ સૃષ્ટિની પેલે પાર કોઇ અન્ય અલૌકિક સૃષ્ટિમાં તે પહોંચી ગયા, જ્યાં દેવ ને દાનવનો—અને અર્થાતરે મનુષ્યમાત્રમાં રહેલી આસુરી ને દૈવી વૃત્તિઓનો સંઘર્ષ ચાલે છે! આવું જ મણિપુરીનૃત્ય અવલોકીને તેમણે અનુભવ્યું. જાણે તે આ ધરતીનાં નૃત્યો જ નહિ! અને ભરતનાટયમ્‌માં રહેલી અંતર્ગત વિદ્યુતસમી ચપળતા, લય, સંગીતનો સુમેળ, પદબંધ, અભિનય અને તેના સર્વોપરિ સ્વરૂપની ભાતીગળ સુંદરતા અને ક્રમબદ્ધ રજૂઆતથી તો એ મંત્રમુગ્ધ બની ગયા. આ પ્રવાસની ધૂન બદલ ઘણાએ તેમને સલાહ આપી કે સમય અને નાણાંનો આ દુર્વ્યય ન કરવો, — કંઇ નહિ ને આવાં અધમ નાચનખરાં પાછળ ભણેલગણેલ માણસે બુદ્ધિનું દેવાળું તો ન જ કાઢવું જોઇએ. પણ એ કશું એમણે કાને ધર્યું નહિ.

ભારતીય લોકનૃત્યોનો પણ એમણે સુપેરે અભ્યાસ કર્યો. તેમાંનું વીર્ય, ઝમકદાર રજૂઆત આદિથી તે ઘણા મુગ્ધ થયા. તેની શૈલી, પોષાક, વાતાવરણ, રજૂઆત બધાંમાં પાર વિનાનું વૈવિધ્ય હતું જ. પણ એમને જે ઘેલું લાગ્યું તે તો સમાધિ લાગી જાય તેવી તદ્રુપતાપૂર્વક નૃત્ય કરનાર અને ભાગ લેનાર કલાકારો નૃત્ય કરતાંકરતાં આત્મવિસ્મૃત થઇ આજુબાજુનો પરિવેશ, સ્થળકાળ ભૂલી જઇને આનંદમગ્ન થતાં, તે લોકનૃત્યગત પ્રચ્છન્ન ભાવના પ્રેરિત તેનાં સૌંદર્ય-અંશોનું.

આ કલાયાત્રાએથી કલકત્તા પાછા ફર્યા બાદ આ વિષે તેમણે જાહેર સમારંભો, વ્યાખ્યાનો અને વૃત્તપત્રો દ્વારા જાહેર અનુરોધ કર્યો. લોકોએ પણ સહાનુભૂતિપૂર્વક તેમને વધાવી લીધા, અને આમ કંઇક અંશે લોકોને નૃત્યો પ્રતિ અભિમુખ કરવામાં એમને સફળતા મળી.

આમ એકાદેક વર્ષ ભારતમાં એતદ્દેશીય નૃત્યસ્વરૂપોનો અભ્યાસ અને અધિકારી જ્ઞાન પ્રાપ્ત કરી તે યુરોપ ઊપડી ગયા, અને ૧૯૩૦માં પારીસમાં 'કમ્પની ઑાવ હિન્દુ ડાન્સિંગ' નામે સંસ્થા રજિસ્ટર કરાવી. ત્યારે બાર સભ્યોની એ સંસ્થામાં તેમના ભાઇઓ, સિમ્કી, કનકલતા, વિષ્ણુદાસ શિરાલી, તિમિર બરન વગેરેનો સામાવેશ થતો હતો અને 'આઇટેમ્સ' (વેશ)માં તે 'શિવતાણ્ડવ', 'સ્નેઈક ચાર્મર', 'રાધાકૃષ્ણ' અને 'મારવાડી ડાન્સ' જેવી ચીજો રજૂ કરતા. પારીસમાં મુખ્ય મથક રાખી તેમણે યુરોપમાં અસંખ્ય પ્રવાસો ખેડયા. ઇ. ૧૯૩૧ માં પારીસના જગવિખ્યાત સાંઝ લીઝે (Champs Elysees)માં નૃત્યો રજૂ કર્યાં ત્યારે તો ટિકિટો માટે લોકોએ પડાપડી કરી અને તેમને અનેક વાર નૃત્યો કરવાં પડયાં. એ પ્રયોગો એટલા તો લોકપ્રિય થયા કે યુરોપભરમાં તેની ખ્યાતિ પ્રસરી અને યુરોપના રંગમંચ પર ભારતીય નૃત્યોનો પ્રવેશ તેમણે સરળ કરી મૂકયો. એક સ્થળે કાર્યક્રમ પતે કે લાગલા જ વસ્ત્રો વગેરે 'પૅક કરી' ભૂખ્યા પેટે બસમાં અને ખટારાઓમાં દોડાદોડ કરતા બીજે સ્થળે સમય અને તારીખો સાચવવા તે ભાગાભાગ કરતા. જર્મનીમાં ત્યારે હૉફ માઈસ્ટર નામે ઈમ્પ્રેસારીઓની બોલબાલા હતી. એણે એમને ઘણી મદદ કરેલી. એ અરસામાં જ મુદ્રા પરના અધિકારી સિલ્વાં લેવીનો એમને પરિચય થયો.

આ બધા પ્રયોગો અને પ્રવાસો દરમિયાન ઉદયશંકરને એક વાતની સતત પ્રતીતિ થયા કરી કે લુપ્તપ્રાયઃ થએલી આ કળા પ્રત્યે લોકોને જો અભિમુખ કરવા હશે તો સાદગી તથા સરલતાને કલાકારે પ્રથમ સ્થાન આપવાનું રહેશે. પણ જીવનનાં ગૂઢતમ રહસ્યોને સરલ હાવભાવમાં રજૂ કરવાનું કેટલું બધું વિકટ છે તેનો પણ તેમને ખયાલ આવ્યો. છતાં યુરોપમાં તેમનાં સર્જનોને વરેલી સફળતાથી તેમને શ્રદ્ધા પ્રગટી કે રજૂ કરવા ધારેલા ભાવ અને વાતાવરણ માટે હસ્તમુદ્રાઓ અને હાવભાવનો ઉપયોગ, અનુકૂળ કથાવસ્તુને યોગ્ય ભાવસ્થિતિ-નિદર્શક વાતાવરણ, સમય સ્થળ આદિ માટે સરલતા અને સાદગીભરી રજૂઆતની સંભાવના છે ખરી. આ દિશામાં વિશેષ કામ કરતાં તેમને પરંપરાગત શૈલીઓના અભ્યાસનું મહત્ત્વ સમજાયું અને તેમની પ્રવૃત્તિમાં તે પ્રેરણાસ્રોત સમાન નીવડયું.

પરિણામે તે પોતાનાં દર્શન અને શ્રદ્ધામાં સવિશેષ દૃઢમૂલ થતા ગયા. પ્રશિષ્ટ (ક્લાસિકલ) નૃત્યો અને લોકનૃત્યોમાંથી પ્રેરણા મેળવી તેમણે પોતાનાં વિશિષ્ટ સર્જનો કરવા માંડયાં. સંગીતનો અનિવાર્ય સંબંધ, પ્રકાશ-યોજના, પોષાક, રંગવિધાન, મુખ-શોભા અને શૈલીકરણવાળા હાવભાવ ભારતની પ્રજાના આત્માને પ્રગટ કરે તેવી રીતે એમણે સંયોજવા માંડયા. ભારતમાં ત્યારે શાસ્ત્રીય નૃત્યોને સમજી શકે તેવો અધિકારી વર્ગ ન હતો, આ કળા ગ્રહણબદ્ધ હતી, મૂળ પ્રશિષ્ટ નૃત્યો જ લોકોએ વિસારે પાડયાં હતાં. ત્યાં આવું સર્જનાત્મક સાહસ ને નવતર પ્રયોગો લોકો કેટલી હદે સ્વીકારશે એ વિકટ પ્રશ્નનો એમને સામનો કરવાનો હતો. અને કરવાની હામ એમણે ભીડી.

પરિણામ ધાર્યા કરતાં વધુ સફળ અને યશસ્વી આવ્યું. એ કાળે લોકો રાષ્ટ્રીય ભાવનાથી રંગાએલા હોઈ સ્વદેશાભિમાન અને આત્મભાનથી ભારતીય હોય તેટલું સઘળું સ્વીકારવા, તેની પ્રાણપ્રતિષ્ઠા કરવા પ્રજા ઉદ્યુક્ત થઈ હતી અને રાષ્ટ્રીય કળા તરીકે સર્વ લલિતકળાઓનો



ઝોહરા અને અન્ય કલાકાર. આરંભમાં આ ઢબે નૃત્યો રજૂ થતાં. નીચે : સિમ્કી, ઝોહરા અને (હવે હિંદુસ્તાની કંઠયસંગીતનાં ખ્યાતનામ ગાયિકા) શ્રીમતી લક્ષ્મી શંકર.



જીર્ણોદ્ધાર થઈ રહ્યો હતો. ઉદયશંકરે પશ્ચિમનાં બૅલેના અનુભવો, રજૂઆતની કળા, રંગમંચનું જ્ઞાન, કથાનકની પસંદગી વગેરે તત્ત્વોનો સુભગ મેળ સાધી, અટપટી શાસ્ત્રીયતા ગાળી નાખી, દૃશ્ય કલાના ઉત્તમાંશોને પ્રભાવશાળીરીતે ઉપયોગમાં લઈ લોકોને નૃત્ય પ્રતિ વાળ્યા. ભરતનાટયમ્, કથકલી, મણિપુરી કે કથક કોઈ નૃત્યોને ઉદયશંકરે ગજવેલા દાયકામાં—કે તે પૂર્વે કે તરત પછીનાં વર્ષોમાં પણ—એટલો આવકાર મળ્યો નહોતો. જોકે તે તે ક્ષેત્રે અગ્રણીઓએ હિલચાલ શરૂ કરી યુગવર્તી કાર્ય આરંભ્યું હતું ખરું. પણ ત્રીસી–ચાળીસીના એ ગાળામાં ઉદયશંકરની બોલબાલાને તો કશું પહોંચે નહિ. (અનુ. પૃ. ૧૨૯)

સૂર્યની આડે વાદળી નાની, પણ પૃથ્વી પર પડછાયો મોટો

ગૃહપ્રવેશ

લેખિકા
ઇવા
ડેવ

અરબી સમુદ્ર અત્યંત શાંત હતો એ સવારે. પાણીની સપાટી લીસી ફરસબંધ જેવી જણાતી હતી: જાણે લાઈમનો જૅલો બનાવીને ના ઠારી દીધો હોય! સૂર્ય જ્વલંત તપી રહ્યો હતો. સાગરની સરકણી સપાટી પર સુવર્ણકિરણો પ્રતિબિંબિત થતાં ચોમેર ઝળાંઝળાં થઈ રહ્યુ હતું. અહીંતહીં નાનીનાની નાવડી ટબૂડીઓ પેઠે હલકી હલકી ડોલી રહી હતી. નાનકડી નારની પેઠે ઠમકતી, મસ્તાની શી અમારી ફ્રેઈટર હળવે હળવે મુંબાઈના બારા તરફ ધપી રહી હતી.

આસપાસ સમુદ્રના માઈલ બે માઈલના ઘેરાવામાં ટૅંકર્સ—કોઈ ક્રૂડ પેટ્રોલ કે કેરોસીન ઑઈલ લઇને આવતાં, તો કેટલાંક એને બંદરે ઠાલવીને જતાં, સફેદ રૂપાળાં પૅસૅંજર શિપ્સ, કાર્ગોશિપ્સ અને તરેહતરેહની નાનીમોટી બોટ્સ, સૌ એકસામટાં અહીંતહીં સરકતાં દેખાતાં હતાં. દૂર સુદૂર એક ખરબચડી, ઝાંખી, ભૂરી લીટી—મુંબાઈના કિનારાની—ધુમ્મસછાયા વાતાવરણમાં ગૂપચૂપ ઊપસતી હતી.

એ ડોકિયાં કરતી રેખાને ડેક ઉપર ઊભીઊભી હું અનિમેષ નયને નિહાળી રહી હતી-આંસુનો આવેગ દબાવતી. હૈયામાં સંસ્મરણો ઊઠતાં હતાં: વિધવિધ, એકીસાથે આનંદજનક છતાં ય અતિઅતિ દુ:ખકર. કાળનો પ્રવાહ વિક્ષિપ્ત થઈ ગયો ને અસંખ્ય ડહોળા ઊર્મિતરંગ એકસામટા ફુત્કાર કરી ઊઠી રહ્યા.

એ મારી માતૃભૂમિ. ત્યાં ઊભાં હશે, મારી જેમ અગણિત લાગણીઓથી મૂંઝાતાં મારાં કુટુંબીજનો: મારી વહાલસોયી બા, બિપિન, ભાભી, અરૂંધતી, કુશા ને અમિત. બાપુજી નહિ હોય. નોકરી પરથી રજા મેળવવી મુશ્કેલ હતી એમ કરાચીમાં મળેલા પત્રમાં હતું. મોટી બા? તરત જ એક ઝાટકા સાથે આવેલા વિચારને ખંખેરી નાખી મેં બીજા વિચારતંતુનો સહારો ખોળ્યો.

સાગર—લીલોકચ વિશાળ સાગર! પાસે જ જળમાં દસપંદર ફૂટ મોટાં પૉમ્પર્સ મત્સ્ય પાણીના ફુવારા ઉડાડતાં ગેલ કરતાં કૂદવા માંડ્યાં. ન્યૂ યૉર્ક છોડ્યું ત્યારથી ઍટલાંટિક, પૅસિફિક ને અરેબિયન સાગરમાં આ પૉમ્પર્સનો સતત સહવાસ રહ્યા કર્યો હતો. કલાકો સુધી એમનું અવલોકન કરતાં હું કંટાળતી નહોતી. જોકે નાનીમોટી માછલી માત્રને જોવા અમે પ્રવાસીઓ બારે કલાક ઉત્સુક રહેતાં. કેટલીક વખત અમે કલાકોના કલાક એમની પ્રતીક્ષા કરતાં બેસી રહેતાં. અંતે એ દેખા ન દેતાં નિરાશ પણ બનતાં.

કેવું વિચિત્ર! અમેરિકા છોડ્યું ત્યારથી હું મિસ્ટર-મિસિસ બ્રાઉને બતાવેલો નુસખો અજમાવ્યા કરતી હતી. વસમી વિદાયનું દુ:ખ કમ કરવાસ્તો! નુસખો હતો સાદો. તેઓની સલાહ મુજબ, હું અમેરિકા છોડું છું, સદાયને માટે, એ વિચારોમાં મનને વ્યસ્ત રાખવાને બદલે હું હિંદ જાઉં છું એ વિચારોમાં ગર્ક થઈ જવું—એટલે કે એમ જ સતત વિચાર્યા કરવું. ઓહ! પાંચ વર્ષે વતન પાછી ફરી રહી હતી. બા, બાપુજી, ભાઈબહેનો; પેલી નિર્મલ નર્મદા, એનો સુદીર્ઘ રેતીનો પટ, (અચાનક જિબ્રાલ્ટર રૉક્સ વચ્ચેથી પસાર થતાં હતાં તે દૃશ્ય કેમ યાદ આવતું હશે?) જીર્ણ, છેવાડું મહાદેવનું મંદિર ને એમાંનું કાળું શિવલિંગ, પેલો કાળો આરસનો પોઠિયો: (વળી પાછું એક દૃશ્ય ધસી આવ્યું: બાર્સેલોના સ્ટૅડીઅમમાં માતાદોરની તીક્ષ્ણ તલવાર કલેજામાં ખોસાતાં દારુ પીધો હોય એમ ક્ષણો લથડી ફટ શાંત બની ગએલો સાંઢ.) એ મારું પ્યારું વતન. માત્ર થોડા દિવસોમાં હું એ લોકોની વચમાં બેઠી હોઈશ, જેમ પોષની કડકડતી ઠંડીમાં અમે સૌ સઘડીની આસપાસ કોકડું વળીને ગરમાટો લેવા બેસતાં તેમ. કેવો આનંદ! કેવી મધુરતા! જ્ઞાતપણે હું સતત આમ વિચારતી હતી; માન્યું હતું કે અમેરિકા છોડી રહી છું, એ વિચારોને દૂર કરવાને સમર્થ બની હતી. એ રમણીય ભૂમિ, એ વહાલાં સ્નેહીજનો મિસ્ટર અને મિસિસ બ્રાઉનનું—ના, જાણે મારું પોતાનું જ-એ હૂંફાળું ઘર. જીવનમાં કદાચ ફરી કદી ય એ કશાની પ્રત્યક્ષ ઝાંખી થવાની નથી. હૃદયના વેરાન ખૂણામાં એ બધાંને એક કબરમાં દાટી દીધે જ છૂટકો હતો.

પરંતુ ખરેખર એને હું ગાડી દઇ શકી હતી? બરાબર અણીના સમયે જ્યારે મારું હૃદય મારાં વહાલસોયાં સ્નેહીઓને મળવા ઉત્કંઠ બની રહેવું જોઇએ ત્યારે, રુંવે રુંવું ઉલ્લાસથી પુલકિત બની ઊઠવું જોઇએ ત્યારે જ તત્ક્ષણ ઊઠી રહ્યાં હતાં પેલાં વિયોગનાં સ્મરણો. ધખધખ વહેવા માંડેલો એ દબાએલી સ્મૃતિઓનો અસ્ખલિત ધોધ પુરવાર કરી રહ્યો હતો કે કશું ય, એ અલ્પ અતીતનું એક બુંદ માત્ર પણ ભુલાયું નહોતું. દુષ્ટ મન! કીડો પાનને કોતરે તેમ એ ભૂતને કોરી રહ્યું હતું. ભૂત અને વર્તમાનની સીમાઓ એકમેકમાં મળી ગઇ હતી. એ પ્રક્રિયામાં હું ભીંસાઈ રહી હતી. (કેરોમાં એ બન્યું હતું: બે સ્ટીમરો એવી અડોઅડ આવી ને ઘસાઇ—ઊફ! કેવો રૂંગટાં કાંપી ઊઠે એવો ભીષણ, કર્કશ અવાજ થયો હતો!) જાણે એ બે સ્ટીમરો વચ્ચે હું કચરાઇ રહી છું એવો ભાસ થયો.

પાંચ વર્ષ પહેલાં અમેરિકા જવાની તૈયારી કરતી હતી ત્યારે જે બન્યું તે બધું યાદ આવતું હતું. એ દુ:ખકર હતું, એને વિસ્મરવું હતું છતાં ય એ મારો કેડો છોડતું નહોતું. બરાબર પાંચ વર્ષ પહેલાં ભરૂચના અમારા સાધારણ ઘરમાં ઉલ્કાપાત થઇ ગયો હતો. બાવીસ વર્ષની અપરિણીત છોકરી વિશેષ અધ્યયન માટે પરદેશ, અને તે ય છેક અમેરિકા જઈ રહી હતી. ગામમાં, જ્ઞાતિમાં, સ્નેહીઓમાં—અરે કહેવાતા મિત્રોના વર્તુલમાં યે આ સાહસ ઉપહાસને પાત્ર બન્યું હતું. હરવખત મારી નાની બહેન ઘેર આવીને રડી દેતી, કારણ? લોકોનાં ટોણાં સાંભળ્યાં જતાં નહોતાં: 'કેમ બહેન, ક્યારે જાય છે તમારાં મોટીબહેન ગોરો વર મેળવવા?' સૌથી વિપરીત અસર થઈ હતી બાપુજી ઉપર. મોટીબાના હૃદયમાં તો હાહાકાર થઈ ગયો હતો: એમ. એ. થએલા સારા કુટુંબના નબીરાની પસંદગીનું પાત્ર થએલી હું; સામાન્ય અને શ્યામ દેખાવની હું; એને નકારી—એટલે કે પરણીને મઝાનો સંસાર ચલાવવાને બદલે-અમેરિકા જવા તૈયાર થઈ હતી. તે ય પાછું થોડુંઘણું દેવું કરીને! મોટીબા કાને ભલે થોડાં નબળાં હતાં, પરંતુ એમની આંખો (વિચિત્ર! વૉશિંગ્ટન ડી. સી.માં કૅપિટલ હિલ ઉપર મોટું ગોલ્ડન ઈગલનું સીલ જોયું હતું તે યાદ આવે છે!) અને એમની જીભ? તોબાહ! એ બાપુજીને કહેતાં: 'હેડંબા જેવી છોડીને આમ એકલી, કુંવારી જવા દેતાં તને લાજ નથી આવતી? કુળ ડુબાવવા

બેઠાં છો તમે. મારી છોડી હોતને, તો...! (મિસિસ બ્રાઉનની પેલી ભૂરી આંખો નજર સમક્ષ ખડી થાય છે. એમાં કેટલું અમી હતું!) ભાઇ, બા ને બહેનોએ ટેકો ના આપ્યો હોત તો? પરિસ્થિતિ કદાચ જુદી જ હોત. હું આ ફ્રેઈટરમાં ના હોત. (પેલો યુવક કંઈ મારા રૂપ પર નહોતો મોહ્યો; મારી એકૅડેમિક કૅરીઅર પર એને ચાહ થયો હતો.) મને સામેથી અમેરિકા જવા આમંત્રણ આવ્યું હતું, શિષ્યવૃત્તિ ને ઍસિસ્ટંટશિપ મળ્યાં હતાં, ડૉકટરેટની ઉપાધિ મળવાની હતી, તેનું તેમને કાંઈ મૂલ્ય નહોતું, મારી જીવન-એષણાની કાંઈ પડી નહોતી.

હું ચિંતાથી વ્યગ્ર હતી: મોટીબાને કેમ કરી મળી શકીશ? બા, ભાઈ, ભાભી, બહેનો, બાપુજી મને આવકારશે? પત્રો તો મીઠા આવતા હતા. પણ મારી બદલાએલી જીવનરીતિ એમને ગમશે? જેમ કિનારો પાસે આવે છે તેમ અમેરિકા પાછા નાસી જવાની વૃત્તિ કેવી પ્રબળ બનતી જાય છે? હમણાં ય હું કેવી છેતરી રહી છું મારી જાતને? સાચી ચિંતાના વિચારોને હું મારા અંતરના પેટાળમાં ઠેલ્યા કરું છું. વાસ્તવ સ્વીકારાતું નથી.આ વેદના કંઈ નવી છે?એ તો જીવન સાથે વણાએલી છે. શું મારી સમગ્ર વર્તણૂકનું કારણ મારી આ લઘુતાગ્રંથિ નથી? હું અનાકર્ષક છું, શ્યામ છું, ઊંચી અને સુક્લકડી છું! છેલ્લાં પાંચ વર્ષમાં એમાં કશો ફેરફાર થયો હોય તો તે મને વધારે શોષી નાખવાનો. અરીસામાં પ્રતિબિંબ નથી જોવાતું. ઊફ! જે મને નથી ગમતું તે બીજાને કેમ ગમશે? સાગરની ભેજવાળી હવાએ અને અખંડ તપતા સૂર્યે મારી ચામડીને વધુ કાળી બનાવી દીધી હતી. સફેદ થતા વાળને કેમે ય છુપાવી શકી નહોતી. તબિયત સારી નહોતી રહી. સી-સિકનેસ લાગી હતી. પાઉડર મૂળ રંગને ઢાંકી શકતો નહોતો, કપડાં સુકાએલા દેહને છાવરી શકતાં નહોતાં, ને મેઇક-અપ શીળીના ડાઘને સંતાડી શકતો નહોતો.

કિનારો,—નાનીમોટી ટેકરીઓનાં ચડાણ-ઉતરાણથી આકાર પામતો દેખાઈ રહ્યો હતો. (ન્યૂ યૉર્ક છોડયું ત્યારે જે ઊંચા સ્કાઈ સ્કેપરોનું અદ્ભુત દૃશ્ય દેખાયું હતું તે નજર સમક્ષ તરી આવ્યું.) ત્યાં દૂરથી ત્રિરંગો ફરકાવતી પાઇલૉટની સ્ટીમલૉંચ આવતી દેખાઈ. ભારતની કાનૂની સરહદમાં અમે પ્રવેશી ચૂક્યાં હતાં.

વિચારો પીછો છોડતા નહોતા: કોઈ પણ સંજોગોમાં હું મારા સફેદ થઈ ગએલા વાળને મોટીબાની આંખોથી દૂર કરી શકું તો? ઓહ! કેમે ય કરીને ડોસીમા પરણવાની વાત ના છેડે તો? (સ્મૃતિ પર ઍન આર્બર ધસી આવ્યું: કિચનમાં ઍપ્રન પહેરીને રસોઈ કરી રહેલાં મિસિસ બ્રાઉન, હોકલીને જમણા ખૂણાના દાંતમાં દબાવી ધૂમાડાનો ગોટ કાઢતા, પોતાનાં ચશ્માંમાંથી ત્રાંસી પણ માયાળુ દૃષ્ટિએ જોતા ને 'નાઉ, માઇ ડીઅર લીલી' કહેતા મિસ્ટર બ્રાઉન ને તેમની વિદાય!)

એ જ ન્યૂ યૉર્ક ઉપર બરાબર પાંચ વર્ષ પહેલાં અમારુ TWAનું કૉન્સ્ટેલેશન બે કલાક સુધી ઊડયું હતું; ચકરાવા લેતું. અને આજે એ જ ન્યૂ યૉર્કના બારામાંથી અમારી ફ્રેઈટર મને અમેરિકામાંથી બહાર લઈ જઈ રહી હતી. એમ્પાયર સ્ટેઈટ બિલ્ડિંગ, બ્રૂકલિન, લીબર્ટી સ્ટૅચ્યુ ધીરે ધીરે ઝાંખાં થતાં અંધકારમાં ઓઝલ થઈ રહ્યાં હતાં. એ અંતિમ વિદાય હતી. આંખો છલછલ થઈ ઊઠી હતી. આગલે દિવસે બની ગએલા એક બનાવે સમગ્ર પીડનને સ્પર્શગોચર બનાવી દીધું હતું.

તે દિવસ સુધી હું ગર્વથી, પૂરા હક સાથે ને મુક્તપણે અમેરિકાની ધરતી પર ધમધમ ચાલતી હતી; ચાહે ત્યાં જઇ શકતી હતી; મન ફાવે તેમ કરી શકતી હતી. બોલી શકતી હતી: સ્વપ્ને ય ખયાલ કર્યા વિના કે અમેરિકા ભારતથી કોઈ પણ રીતે વિભિન્ન છે; મિસ્ટર ને મિસિસ બ્રાઉન મારાં માબાપથી જુદાં કે ઓછાં આત્મીય છે. શિપ કંપનીનો કલાર્ક પાસપોર્ટમાંથી વીસાનું ફૉર્મ લઈ ગયો, ઈન્કમટૅક્સ ફૉર્મ્સ એક થઈ ગયાં, છતાં ય હજુ મને પ્રસંગની ગંભીરતા સમજાઈ નહોતી.

પરંતુ તે સંધ્યા! ઊફ! કેવો વિષમ કડવો ઘૂંટ! મારી કૅબિન-સહપણી મિસિસ ચૅન્સી સાથે થોડી ખરીદી કરવા હું નીકળી. અમે દરવાજા આગળ આવ્યાં. દરવાજો બંધ હતો. પોલિસે અમને અભિવાદન કર્યાં. અમે પણ પ્રત્યુત્તર વાળ્યો અને બાજુના ઝાંપેથી બહાર નીકળવા ગયાં. પેલા પોલિસે નમ્ર અવાજે મને રોકી. મને જરી આશ્ચર્ય થયું. એણે વીસાની અથવા પાસની માગણી કરી: 'પાસ...!' હું થોથવાઈ. 'પા...સ? અમેરિકામાં પગ મૂકવા માટે?!' એક સખ્ત ધ્રાસકા સાથે છાતી બેસી ગઈ. દારુણ વ્યથાથી હૃદય કરપાઈ રહ્યું: 'પાસ?' મન કેમે ય માનતું નહોતું. હવે પેલા પ્રતિવર્ષ જોએલા, સાંભળેલા ને બેદરકારીથી ન ગણકારેલા શબ્દ 'એલિયન'નો સાચો અર્થ એકાએક કળાયો. તત્ક્ષણથી હું તેઓને માટે અનાવકાર્ય 'એલિયન' બની ગઈ હતી. એ ભૂમિ પર પગ મૂકવાનો મારો હક સદાયને માટે છિનવાઈ ગયો હતો. જ્યાં સુધી અમેરિકન સરકારને લાગેવળગે તેમ હતું ત્યાં સુધી મારાં અમેરિકન સ્નેહીઓ, મારું ઍન આર્બરનું ઘર, એનો બૅક યાર્ડ, મારી ઑસ્પિટલ, પેલો નાના સરવરવાળો પાર્ક,—ઓહ, સારું અમેરિકા જાણે જન્મજન્માંતર માટે અલગ થઈ ગયાં હતાં. મારે અને એમને નહાવા-નિચોવવાનો ય સંબંધ હવે નહોતો રહ્યો. એકસામટા આ વિચારો ધમધમ થતા હતા ત્યારે પોલિસે ફરીથી પૂછ્યું: 'પાસ શિપ ઉપર મૂકીને આવ્યાં છો, મિસ?'

આંસુના પ્રચંડ આવેગને દબાવતી, પોલિસ ને મિસિસ ચૅન્સીને આશ્ચર્ય પમાડતી હું શિપ પર પાછી દોડી હતી ને કેબિનમાં સંતાઈ છાતીફાટ રુદન કર્યું હતું. રહીરહીને વિચારો ઊઠતા હતા: 'દફનાવી દેવાનું, લીલા, આ બધું જ, જાણે જીવનમાં કદી બન્યું જ નહોતું. એ પ્રીત, એ સંસ્મરણો, એ ગરવી ભૂમિ, એ બધાંને કબરમાં દાટે જ છૂટકો...'

'ડૉક્ટર લીલી!' હું ચમકી ઊઠી. જાણે એ શબ્દોએ મને દુઃસ્વપ્નમાંથી જગાડી. જાતને વશમાં લાવી અવાજની દિશામાં મોં ફેરવ્યું. કૅપ્ટન મને બોલાવી રહ્યા હતા. એમની બાજુમાં એક શ્યામ, ઊંચો સફેદ યુનિફૉર્મમાં સજ્જ હિંદી યુવાન ખડો હતો. એ પાઈલૉટ હતો. એને જોતાં જ મને લાગણી થઈ કે મેં એને ક્યાંક જોયો હતો. એ નિમિષ માર્યા વિના મારી સામે જોઈ રહ્યો હતો. હું શરમાઈને અસ્વસ્થ બની ગઈ. (પુરુષને મળતાં હમેશાં મારી સ્થિતિ એવી થાય છે!)

કૅપ્ટન ઓળખાણ કરાવે તે પહેલાં પેલો યુવાન સહેજ આગળ વધી બોલી ઊઠયો: 'તમે લીલા ભટ્ટ તો નહિ! તમે ભરૂચનાં ખરું?' એની આંખો ચમકી ઊઠી હતી...હા, મેં એ યુવાનને ક્યાંક જોયો હતો પણ ક્યાં? સ્મૃતિ સળવળતી હતી. હું ક્ષોભ પામી રહી હતી. એની બંને આંખો મારા પર મંડાઈ હતી. હું હજુ થોથવાતી ઉત્તર આપી રહી: 'હા...હું લીલા ભટ્ટ...પણ...'

'હું ગોપાલ ગોર, મિસ ભટ્ટ—તમે ભૂલી ગયાં લાગો છો. હું જયશંકર ગોરનો પુત્ર.'

'ઓહ યસ, ગોપાલ...ગોપાલ!' મારી યાદદાસ્ત તાજી થઈ ગઈ. એ હાથ લંબાવતો નજીક ધસી આવ્યો ને મારાથી સહજ જ હાથ લંબાવાઈ ગયો. એણે એના મોટા, મજબૂત પંજામાં મારા હાથને પકડયો અને દબાવ્યો. કદી ય જીવનમાં અનુભવી નહોતી એવી, ઝણઝણાટી મારા સમગ્ર શરીરમાં ફૂટી ઊઠી. ન કોઈ સ્પર્શે, ન કોઈ બોલે, ન કોઈ બનાવે મેં તે પળે અનુભવી હતી એવી લાગણી પેદા કરી હતી.

'ઓહ, તમે ડૉકટરની ઉપાધિ લઇને પાછાં આવ્યાં છો? અભિનંદન! તમે બદલાયાં છો, ઊંચાં અને આકર્ષક બન્યાં છો.' હું સ્તબ્ધ

બની ગઈ. મને સંશય થયો કે તે મારી મજાક ઉડાવી રહ્યો હતો. મેં સામે જોયું. એ નિખાલસ હસી રહ્યો હતો. એના સફેદ દાંત એના સુઘટ શ્યામ મુખને દીપાવી રહ્યા હતા. કોણ જાણે કેમ મારી આંખમાં આંસુ ધસી આવ્યાં. હું પળ પણ ત્યાં થોભી શકું એમ નહોતી. રોમેરોમ હર્ષથી પુલકિત બની ગયું હતું. પણ એ જીરવી શકે એવી મારી સ્થિતિ નહોતી: 'ઓહ, આભાર ગોપા—મિસ્ટર ગોર! પણ હવે મારે તૈયાર થવું જોઇએ. કૅપ્ટન, આભાર. તમે માફ કરશો.' હું સડસડાટ કૅબિનમાં ચાલી ગઈ. પાછળ ગોપાલના શબ્દો ગાજ્યા: 'પોર્ટ પર મળીશ. કસ્ટમ વગેરેમાં મદદરૂપ થઈ પડીશ તો મને આનંદ થશે.'

અરીસા સામું હું ઊભી હતી. દડદડ આંસું સરી રહ્યાં હતાં. મેં એને રોકવા લગારે પ્રયાસ ન કર્યો. જાણે મારું સ્વરૂપ બદલાઈ ગયું હતું. મારા લુખ્ખા વાળની ઢીલી લટો, મારી મોટી આંખો નાજુક નાક અને ગોળ સુડોળ મોં–મને ગમ્યાં. આશ્ચર્ય એ વાતનું થયું કે શરીરે વીંટાળેલી આસમાની સાડી ખરેખર સોટા જેવા દેહને ઓપ આપી રહી હતી! મેં છટાથી ચોટલો ગળે વીંટાળ્યો અને અંગમરોડ કર્યો–એવી ભ્રમણાથી કે ગોપાલ મારી અડોઅડ ઊભો છે અને એની સરખામણીમાં તો હું ઊજળી છું! પણ અમે બેઉ યુગલ તરીકે!? કેવું વિચિત્ર! આજ સુધીમાં એક પણ ક્ષણ મેં વિચાર્યું નહોતું કે કોઈ ખરેખર મારા ઉપર પ્રેમમાં પડે વા હું કોઈના પ્રેમ માટે તડપી ઊઠું. ના, જાણે સામાન્ય દેખાવની, શ્યામલ મને એ સદ્ભાગ્ય કદી પ્રાપ્ત થાય જ નહિ. અરે! ક્ષણ માટે ય અંગઅંગને મરોડ દેતી આ ઊર્મિઓ હું અનુભવી શકીશ તેનો મને સ્વપ્ને ય ખયાલ આવ્યો નહોતો.

ફ્રેઈટર લાંગરી. નીચે પચાસેએક ફૂટ દૂર બા-મારી બા ઊભી હતી. મેં જાણે પડતું મૂક્યું. તેઓ ધસ્યાં: બિપિન, ભાભી અરુંધતી, કુશા ને અમિત. દાદરો ઝટપટ ઊતરી પડી. અમે છેક નજીક આવી ગયાં. ને મેં બાને બરાબર જોઈ. હું દિઙ્મૂઢ બની ગઈ. બા જાણે વૃદ્ધ બની ગઈ હતી. એ બોલી: 'બહેન, બેટા આખરે તું આવી!' તેના આગલા દાંત પડી ગયા હતા. તેની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસી રહ્યો હતો. અમે ભેટી પડયાં, રડી રહ્યાં. ભાઈ-ભાભીને જોયાં. ભાભી જાણે પીઢ બની ગયાં હતાં; સ્થૂળતા વધી હતી. પરણીને આવેલાં ભાભીની નાજુક કાયાની કુમાશ ઊડી ગઈ હતી. અરુંધતી! બિલકુલ બદલાઈ ગઈ હતી. એને ચશ્માં આવ્યાં હતાં. એ એનું લાવણ્ય હણી લેતાં હતાં. પણ, કુશા નાનકડી કુશા, મારી જેમ ઊંચી, શ્યામ પણ અત્યંત આકર્ષક ને ઠસ્સાવાળી બની હતી. 'ફોઈ ફોઈ!' કરતો અમિત મને ભેટી પડ્યો.

એ સહુ બોલી ઊઠ્યાં: 'બહેન, તારામાં લગારે ફેર નથી પડ્યો. હા, જાડી ને રૂપાળી થઈને આવી છું.' મારા કાન જાણે જૂઠા પડી ગયા. મેં સંદેહની નજરે એમની સામે જોયું. સચ્ચાઈ સિવાય ત્યાં કશું જ નહોતું. મને ગોપાલ સાંભર્યો. પાછળ મુખ ફેરવ્યું તો એ જ નિખાલસ હાસ્ય સાથે એ ઊભો હતો: ઊંચો, આકર્ષક ને સજ્જનતા વેરતો.

કોણ જાણે શાથી હું અંતરમાં અત્યંત લજ્જા અનુભવી રહી હતી. મને બીક હતી કે થોથવાઈશ, બોલવા પ્રયાસ કરીશ તો. મહાપ્રયાસે હું બોલી: 'બા તું એમને ઓળખી કાઢીશ! ચાલ, બિપિન તું ટ્રાઈ કર'.

બેઉ જણ મૂંઝાતાં ગોપાલ સામે જોઈ રહ્યાં. ત્યાં ગોપાલ બોલી ઊઠ્યો: 'કાકી, સાંભરે છે? જયશંકર ગોરની સાથે એક સુકલકડી, પોતડી પહેરી પૂજા કરાવવા નાનો છોકરો આવતો હતો? બિપિન યાદ છે એ છોકરાની લાંબી ચોટલીને તેં કેટલી યે વખત ખેંચી હતી!'

'ઓહ ગોપાલ...જયશંકર ગોરનો ગોપાલ!' બા આશ્ચર્યચકિત બની બોલી ઊઠી...

ગોપાલે વચન પાળ્યું. અરધો દિવસ મારી સાથે રહીને કસ્ટમની, લગેજની, ને બીજી બધી વ્યવસ્થા એણે કરી આપી. બધું જ સહેલાઈથી પતી ગયું. એની સાથેના થોડા સહવાસે મને લાગ્યું કે જાણે અમે વર્ષોથી એકમેકને પિછાનતાં હતાં.

એ કારણે જ જ્યારે બે દિવસ પછી અમે ભરૂચ જવા નીકળ્યાં ત્યારે મારું હૃદય ઉદાસ બની ગયું. જીવનમાં પુરુષનો પ્રથમ જ પરિચય! તે ય કેટલો મધુર! અને ભરૂચમાં મોટીબા! મોટીબા યાદ આવતાં ગોપાલના વાસે જાણે કાંઈ અવનવો અર્થ લઈ લીધો. મુંબાઈમાં પણ બે દિવસ સુધી મેં એને જોયો નહોતો. અલબત્ત, એણે ગઈ કાલે ફોન પર મારી સાથે લાંબી વાતચીત કરી હતી.

ગાડીમાં અમે અમેરિકાની જ વાતો કર્યા કરી. આવી આત્મીયતા અમે–ખાસ મેં–જીવનમાં પહેલી જ વખત મારા કુટુંબીજનો સાથે અનુભવી હતી. મને જોઇને તેમનો હર્ષ ને ગર્વ માતાં નહોતાં. કુશા રહીરહીને બોલી ઊઠતી: 'આય બહેન! ડૉ. લીલા ભટ્ટ! વટ પડે છે તમારો!' ઓહ! મેં એમને એ રીતે કદિ ઓળખ્યાં જ નહોતાં. કદાચ એમણે ય મને એ રીતે ક્યારેય ઓળખી નહોતી.

બપોરે ભરૂચ આવ્યું. નર્મદાના પૂલ પરથી પસાર થતી ગાડીમાંથી મેં રેવાનાં પાણી ને પટ નિહાળ્યાં. કંઈકંઈ સંસ્મરણો મીઠું દર્દ પેદા કરી રહ્યાં. (સ્મરણપટ પર એક રેખાચિત્ર અંકિત થઈ ગયું: પાતળો, લાંબી ચોટલીવાળો, મેલી પોતડી પહેરી રેવાકાંઠે શિવલિંગને પૂજવા જતો ગોપાલ...) મેં રેવાને મનોમન પ્રમાણ કર્યાં. ગાડી અટકી.

નાનું સ્વજનોનું ટોળું સ્ટેશન પર હતું. અમે ગાડીમાંથી ઊતર્યા. બાપુજી સામેથી આવતા હતા. એમને જોતાં જ વેદનાની સણક ઊપડી. એ સુકાઈ ગયા હતા, વૃદ્ધ બની ગયા હતા, માથા પરના બધા વાળ ખરી પડ્યા હતા; ખાસ તો દાંત વિનાનું મોં બા કરતાં ય એમને વધુ ઘરડા બનાવી રહ્યું હતું. હું એમના પગમાં પડી ગઈ. મારે માથે હાથ ફેરવતાં એ એટલું જ બોલી શક્યા: 'બેટા આખરે તું પાછી આવી!' અમે બધાં જ રડી રહ્યાં હતાં.

રહેમાનની ઘોડાગાડીમાં અમે ઘેર જવા નીકળ્યાં. વિસ્મય પામતી હું ચોપાસ નજર ફેરવી રહી હતી. અહીં કશો જ ફેરફાર નહોતો થયો. જાણે હું પથ્થર યુગમાં આવી પડી. ભરૂચને મેં આવું સાંકડું કદી ય કલ્પ્યું નહોતું. ઘરો, રસ્તા, દુકાનો, મંદિરો, બધું જ અત્યંત જર્જરિત લાગતું હતું. જાણે કાળ અહીં થંભી ગયો હતો. મહર્ષિ રોરિકના ચિત્રને જોતાં જેવી અસર થાય તેવી અનુભૂતિ થઈ રહી હતી.

ઘર આવ્યું. ગાડીમાંથી ઊતરી મેં ઘરમાં પ્રવેશ કર્યો. કેવું સાંકડું, બંધિયાર, અંધારિયું ઘર! ભીંત પર નરી ધૂળ હતી. રંગ ઠેરઠેર ઊખડી ગયો હતો. જૂના હીંચકા સિવાય બેસવાની બીજી જગ્યા નહોતી. જાણે પચાસ વર્ષ પહેલાંના જગતમાં હું પાછી ફેંકાઈ હતી. બહારની ઉઘાડી નીકમાંથી બદબો આવી. જાણે હું ગૂંગળાવા માંડી હતી. કંઈ ન સમજાય એવા વિષાદથી હૈયું છલછલ થઈ રહ્યું હતું.

'છોડી!' મોટીબાનો અવાજ! હું સહમી ગઈ. મેં મોં ફેરવ્યું. મોટીબા નજીક આવી રહ્યાં. એમનામાં કશો જ ફેરફાર નહોતો થયો. એ જ અડીખમ શરીર, તીક્ષ્ણ આંખો ને કડક અવાજ. દોડીને હું એમના પગમાં પડી ગઈ. પછી મને ખયાલ આવ્યો કે એમણે મને અડવા દીધી હતી. છૂતાછૂતની વાત જાણે એ ભૂલી ગયાં હતાં.

'આઈ, બેટા? મારે માથે હાથ ફેરવી એ બોલ્યાં. મારા આશ્ચર્યનો પાર નહોતો. અમે બેઠાં: સાદડી ઉપર. બાપુજીએ અંદર આવીને એક પરબીડિયું મારા હાથમાં મૂકતાં કહ્યું: 'ગઈ કાલનો આવીને પડ્યો છે.'

મેં કાગળ ફોડવા માંડચો. મોટીબા બોલ્યાં: 'કેટલાં વરહ થયાં છોડી? તરીહમાં બે ઓછાં, ખરું? વાળે થોડા ધોળા થઈ ગયા.'

ચિંતા, વ્યગ્રતા, દુઃખ કે ક્રોધ કંઈ પણ પેદા ન થયાં. મને હસવું આવી ગયું. મોટીબા નહોતાં બદલાયાં. મેં મજાક કરતાં કહ્યુ: તરીહમાં બે નહિ, બા, ત્રણ ઓછાં. સહુ હસી પડચાં—મુક્તપણે.

કાગળ ફોડીને મેં સીધી નજર કરી સહી પર. હું અવાક્ બની ગઈ. મારા હૃદયે જાણે હરણ-ફાળ ભરી: ગો–પા–લ!' મન માનતું નહોતું, હૈયું હાથમાં ઝલાતું નહોતું, ને દેહ વશમાં નહોતો રહેતો. એક શ્વાસે હું એ ટૂંકો પત્ર વાંચી ગઈ:

"પ્રિય લીલા,

બધા ઉપચાર બાજુએ મૂકી આ પત્ર લખું છું. 'તું' કહેવાનો હક લીધો છે, 'પ્રિય' સંબોધન પણ કરી લીધું છે. તેં જગત જોયું છે ને આ સમજવાની પરિપક્વતા મેળવી છે.

મારે કરવી છે તે વાત સાદી છે, સીધી છે, ટૂંકી છે. તને ખબર છે પેલો સુકલકડો છોકરો એના બાપની સાથે તારે ત્યાં કેમ આવતો હતો? તારા માન્યામાં કદાચ નહિ આવે. એ ઘરમાં એક શાંત, લાંબા વાળ વાળી, ચબરાક છોકરી રહેતી હતી. નિશાળમાં, રસ્તામાં, ઘરમાં હું એને ટગર ટગર જોઈ રહેતો. મને એની ખૂબ અદેખાઈ આવતી હતી; કારણ એ ક્લાસમાં પહેલો નંબર હતી, હું ઠોઠ નિશાળિયો હતો. બાળપણમાં ભરૂચ છોડતાં એ ઠોઠ નિશાળિયાએ એ ચાલાક છોકરી વાસ્તે છાનાં આંસુ સાર્યાં હતાં.

હવે એ અબૂધ છોકરાને એના હૃદયની લાગણીઓ એ છોકરીની સમક્ષ પ્રગટ કરવાની તક મળી છે. હિંમત કરીને એ તક ન ગુમાવવી એવો એણે નિર્ણય કર્યો છે. એ છોકરી શો જવાબ આપશે?

ગોપાલ"

મેં બૂમ પાડી કહ્યું: 'મોટીબા, સત્તાવીસ વર્ષની દીકરીની તમને નરી ચિંતા થાય છે ખરું? એને કોણ પરણશે, કેમ? લગારે ચિંતા ના કરશો.તમારી "છોડી" વહેલી તકે પરણી જવાની છે.'

બધાં બાઘાની જેમ વિસ્ફારિત નેત્રે મને જોઇ રહ્યાં.

મોટીબા બોલ્યાં: 'છોડી, પરનાતમાં ગોઠવીને આઈ છું?'

એ વધુ કંઈ બોલે તે પહેલાં હું પાગલની જેમ બરાડી: 'ના, ના, બા. બીજા બામણની ય નહિ, આપણી બામણની નાતમાં. મોટીબા, સાંભરે છે પેલા જયશંકર ગોર? એના દીકરા ગોપાલ ગોર જોડે.'

'હેં 'લી...શું કે' છે આ છોડી?'

હતબુદ્ધિ બધાં મને વિસ્ફારિત નયને તાકી રહ્યાં હતાં. ઓહ! ઓહ! હું મારે ઘેર પાછી આવી હતી.

લઘુકથા

આશ્વાસન

મોહનલાલ પટેલ

દેવેન્દ્રના અવસાનના સમાચાર વર્ષાએ સાંભળ્યા ત્યારે પ્રથમ તો એને હળવો આંચકો લાગી ગયો, પણ પછી ધીરેધીરે હૈયામાં થોડી ટાઢક વળતી હોય એવો અનુભવ એને થયો; અને વહેલી તકે આ વાત બકુલાને કહેવાની એને ચટપટી થઈ.

બકુલા અને દેવેન્દ્રને અગાઉ ઘણો મનમેળ હતો. દેવેન્દ્ર સાથે લગ્ન કરવાની એની ઇચ્છા પણ તીવ્ર હતી. પણ પોતાના મનની નબળાઇને લીધે એ ન તો દેવેન્દ્રને આ વાત કરી શકી કે ન તો એણે કોઈની મારફતે પોતાનાં માબાપને આનો ઈશારો થવા દીધો; અને પોતે દેવેન્દ્રને ન મેળવી શકી એ વાતનો કાયમી વસવસો એને રહી ગયો. ઘણી યે વાર એ પોતાની સખી વર્ષા આગળ પોતાના આ ગૂઢ રંજની વાત કરતી અને દુઃખ અનુભવતી. વર્ષા એના આશ્વાસન માટે જાતજાતની વાતો કરતી, અને ખાસ કરીને તો નસીબનો વાંક કાઢી એને સાંત્વન આપવા પ્રયત્ન કરતી; પણ વ્યર્થ!

યુવાન દેવેન્દ્રના અવસાનના સમાચાર વર્ષા માટે આજે કંઈ આનંદનો વિષય તો નહોતા જ, પણ બકુલાના હૈયામાંથી કાયમી રંજનો કાંટો દૂર કરવાની આ તક સમજી એને આ સમાચાર આપવા તે અધીરી બની રહી.

બકુલાને ત્યાં એ પહોંચી ત્યારે તો એ ઘરનાં માનવીઓ વચ્ચે ઘેરાએલી હતી: સાસુ, સસરા, નણંદ, દિયર, દેરાણી...

છતાંય કશુંક બહાનું કાઢી એ એને મેડી ઉપર લઈ ગઇ. સમાચાર આપીને તરત કહેવા લાગી: 'બોલ હવે, તું જ કહે, ભગવાન જે કરે એ સારા માટે નથી કરતો?...તારાં લગ્ન દેવેન્દ્ર સાથે થયાં હોત તો કેવો ભારે અનર્થ થઇ જાત! વીસ વર્ષની વયે વિધવા થઈ જવાય તો જીવન કેવું કપરું બની જાય? એટલે હું તો કહું છું કે દેવેન્દ્ર સાથે તું પરણી ન શકી એમાં પરમેશ્વરનો જ આશીર્વાદ માની નિરાંત અનુભવ.'

થોડી વાર સુધી તો બકુલા કશું ય ન બોલી. એના અંતરમાંથી એક ભારે નિઃશ્વાસ નીકળી પડચો.

'કેમ બોલતી નથી? શા વિચાર કરે છે?'

બકુલાએ જવાબ આપ્યો: '...તો કદાચ એમનું મોત ન યે થયું હોત?'

'કેમ?'

'મારા ગ્રહોનું બળ જ કદાચ એમને બચાવી લેત.'

રંગગઠરિયા (પૃ.૧૫૦થી) **સાંભળતાં રહો**, જેમાં શિલર કવિનાં ગીતો પણ વાગે. મોઢેથી હલકભેર લલકારે પણ ખરા; અથવા આપણામાંનો કોઈ જઈ એને કોઇ જાણીતી (બ્લ્યૂ ડાન્યૂબ જેવી) કૃતિ, યા કોઈ સિરીનેડ, યા ઓવર્ચર યા ફૅન્ટેસિયા, વાયેનીઝ બ્લુટ, (એટલે કે વીએનાનું લોહી, એટલે કે સ્ટ્રૉસના અસંખ્ય વૉલ્ટ્ઝમાંનો કોઈ પ્રખ્યાત વૉલ્ટ્ઝ) વગાડવા વિનતિ કરે, ને આવડે તો (પણ આવડે જ) હસી ઉમળકાભેર વગાડે. અહીં એવાં પણ 'હ્યૂરીગર' છે કે જ્યાં તમે બેસી આસવ પીધા કરો, અને ત્યાંની અનહદની શાંતિમાં આસપાસની સૃષ્ટિમાંથી લોકસંગીતની સૂરાવલીઓ વાતાવરણના સ્પંદનમાંથી નીકળતી રહે તે મૂંગામૂંગા સાંભળ્યા કરો. રસ માણવાની ક્રિયાનું શાસ્ત્ર અહીંનો ગરીબ અને સામાન્ય માણસ પણ બરાબર જાણે છે, કારણ આ હ્યૂરીગરોમાં હજી કયાં ય એક પણ લાઉડસ્પીકર યા રેકોર્ડ પ્લેયર દાખલ કરવામાં આવ્યો નથી. આપણે અતિ સંસ્કારી પ્રજા! આપણા કરતાં એમની શ્રુતિ વધારે સંસ્કારાએલી તો નહિ હોય? (ચાલુ)

સત્યાન્વેષી પ્રવાહી (અનુ. પૃ. ૧૫૧થી) એને મંજૂર રાખતી નથી. તો પણ આરોપી સંપૂર્ણ ભાનમાં આવે ત્યારે આ વાતચીત એને સંભળાવવાથી તે ભાંગી પડે છે ને ગુનો કબૂલ કરી લે છે, અગર ગુનો સાબિત કરવામાં સહાયરૂપ બીજા પુરાવાઓ મળી રહે છે. પૉલીગ્રાફ કે ટ્રુથસીરપ ટેસ્ટનું પરિણામ કેટલું સાચું હોઈ શકે? સો ટકા? એનો ઉત્તર પોતાના પ્રશ્નો દ્વારા શીઘ્રતાથી જવાબ કઢાવવાની ટેસ્ટ લેનારની આવડત પર આધાર રાખે છે. આમાં યે સત્યાન્વેષી પ્રવાહીના પ્રયોગમાં તો ઘણા ઓછા સમયમાં ઉત્તરો મેળવી લેવાના હોય છે. બીજી વખતે ટેસ્ટ લેવામાં આવે તો કદાચ એના એ ઉત્તરો ન પણ મળે. આ માટે નિષ્ણાતો ને અનુભવી ડૉક્ટરોને ખાસ તાલીમ અપાય છે.

આત્મકથાનક ૪૦

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક-આલેખક
રવિશંકર રાવળ



લખમશીભાઈના સુપુત્ર મારા મિત્ર કેશવજીભાઈ સાથે. આંટીદાર ફેંટાને બદલે ઊગાવાળો સાફો બાંધવાની મેં આરથી શરૂઆત કરી.

૧૭૭ કરાચીમાં

લખમશી શેઠ અમને પોતાની વિક્ટોરિયામાં ઘેર લઇ ગયા. ત્યાં તેમના પુત્ર કેશવજી વગેરેની ઓળખાણ થઇ. બાપુજી શેઠના વેવાઇના ગુરુભાઈ અને વળી બ્રાહ્મણ, એટલે શેઠના ઘરનાં તરફથી આગતાસ્વાગતા મોટે પાયે હતી. પણ થોડી વારે વાતચીતમાં પિતાશ્રીને 'તમે, મા'રાજ, અહીં બેસો, અને નાના મા'રાજ અહીં બેસે...મા'રાજને પીરસો.' એમ બેપાંચ વાર અમે "મા'રાજ" ઠર્યા ત્યારે મારા મનમાં એ વિષે લાગી આવ્યું. પણ પછીથી પિતાશ્રીએ સમજાવ્યું કે એ તો નમ્રભાવે આપણને 'મા'રાજ' એટલે 'પૂજ્ય મહારાજ=બ્રાહ્મણ રૂપે' માને છે. બાકી ગુજરાતસૌરાષ્ટ્રમાં તો એ શબ્દ તોછડો બની ગયો હતો: 'એઈ, મા'રાજ! ક્યાં અંદર જાય છે? બહાર નીકળ નહિ તો ક્યાંક ખાઇશ ડાબા હાથની!' આવો અપમાનકારક એ શબ્દ હતો—બલકે હજુ પણ છે.

બે દિવસમાં શેઠે તેમની ગાડીમાં સાથે લઈ અમને કરાચીનાં શહેરના જોવા જેવા ભાગ બતાવ્યા; પણ આઠ દિવસ સુધી અમને મહેમાનીમાંથી મુક્ત કર્યા નહિ. જનરલ પોસ્ટ ઑફિસના કૅમ્પાઉન્ડમાં ડેપ્યુટી પોસ્ટમાસ્તર માટે ઈલાયદો બંગલો હતો ગુડ્ઝમાં રવાના કરેલો સામાન આવી ગયો તે પછી ત્યાં અમે અમારો મુકામ ફેરવ્યો. એટલા સમયમાં શેઠના પુત્રપરિવાર સાથે મારી સારી પિછાન થઇ ગઈ. શેઠના પુત્રોએ જાણ્યું કે હું ચિત્રો કરી જાણું છું, મોટી છબીઓ કરી શકું છું ત્યારે તો તેમની મારા વિષેની જિજ્ઞાસા વધી. મારા પિતાશ્રીએ મારું મન ઠરાવવા કહ્યું કે તેને જોઈતાં સાધનો મળશે તો તમારી નજર સામે છબી બનાવશે. એટલે તો તેઓ તુરતાતુરત મોટો ડબલ એલીફન્ટ પેપર અને ક્રેયૉન લઈ આવ્યા. લખમશી શેઠની સારી છબી લઈ મેં તે ઉપર ચોરસ આંકી નાખ્યા અને કાગળના હિસાબે મોટાં ખાનાં કરી પેન્સિલથી આઉટલાઇન કરી ક્રેયૉનમાં મોટો ફોટો ઉઠાવ્યો.

કેશવજીભાઈ અમારા સ્નેહસંબંધની યાદ રાખવા મને એક વાર કરાચીમાં સ્વામીનારાયણ મંદિરની મિલકતમાંના ઠાકરના ફોટો-સ્ટુડિયોમાં લઈ ગયા. તે વખતે બાજુમાં જ એક પેઇન્ટરની દુકાન જોતો હું ઊભો હતો, ત્યાં તો થોડી વારે પેઇન્ટર બહારથી આવ્યા—અને હું કોને જોઉં છું? ભાવનગરવાળા મારા ચિત્રક્લાસના મિત્ર છગન સોનીને જ! એ વખતે જે ભાવ અનુભવ્યો તે અવર્ણનીય છે. પછી તો હું વારંવાર તેને મળતો.

કેશવજી સવાર-સાંજ મને સાથે ફેરવતા. તેમણે ત્ર્યંબકલાલ નામના એક મિત્ર પાસેથી મોટો કૅમેરા લઈ ફોટોગ્રાફી શીખવા માંડી હતી. એ વખતે નાના કૅમેરાનું ક્યાંય નામનિશાન નહોતું. તૈયાર મિશ્રણો પણ મળતાં નહોતાં. કૅમેરામાં છબી પાડવા હાથથી લૅન્સ પરનું ઢાંકણું ખોલી ઝડપથી બંધ કરી દેવું પડતું. પૂરતું લાઈટ લેવા બધા ફોટો-સ્ટુડિયોમાં થોડું છાપરું કાચનું કરાવવું પડતું. એ ભાઈ ત્ર્યંબકલાલ ઘણાં વર્ષો બાદ પહેલવહેલું બોલતું ફિલ્મચિત્ર (ટૉકી) અમદાવાદમાં લાવ્યા હતા. ફોટોગ્રાફી મારા માટે તો તદ્દન સરળ ક્રિયા છે એવું જ્ઞાન ત્યાં મને મળ્યું અને મેં એક કૅમેરા લેવાનો તે દિવસથી સંકલ્પ કર્યો. પણ તે વખતે મારી સામે કૉલેજનો વર્ગ જ દેખાતો હતો એટલે મેં મનસૂબો મનમાં જ શમાવ્યો.

૧૭૮ પિતાજીના પાઠ

કરાચીની જનરલ પોસ્ટ ઑફિસના મકાનમાં વાસ કર્યા પછી પિતાજીએ જણાવ્યું કે રસોઇ કરનાર મળે નહિ ત્યાં સુધી હાથે જ ચલાવી લેવું પડશે, પોતે સવારમાં વહેલા ઊઠી મને જગાડતા અને ચૂલો સળગાવવાથી માંડીને પાણી ઊનું કરવું, દાળનું આંધણ મૂકવું, ચોખા-દાળ સાફ કરીને ઓરવાં વગેરે શીખવતા. પછી પોતે ઑફિસમાં જતા.

સિંધીઓ પાસેથી કામ લેવું કપરું હતું. તેઓ હેડ પોસ્ટમાસ્તરને પણ ગાંઠતા નહોતા. એ ગોરો સાહેબ વળી કોઈ દેશી સાથે સમાન ધોરણે વાત કરતા નહોતા. પિતાજીએ પોતાની કાર્યશક્તિ અને અનુભવથી એ બધું રસ્તે પાડ્યું. તે માટે પાછળથી તેઓ મુંબાઈ ઑફિસના ધન્યવાદ પણ પામ્યા હતા.

અગિયાર વાગ્યે મોટા સાહેબ ઑફિસમાં આવીને બેસે ત્યારે પિતાજી છૂટા થઇને બંગલા પર આવે અને રોટલી કે ભાખરીનો લોટ મારી પાસે બંધાવે અને જે વૈચિત્ર્યપૂર્ણ રસોઈ થાય તે પર અમે દિવસ કાઢીએ. આવી રીતે ઘર આગળ મેં કદી રસોડાની વેઠ કરેલી નહિ, પણ પિતાજીએ હિંમત આપીને એ સમયે મને સ્વાશ્રયના પાઠ ભણાવ્યા તે આગળ ઉપર બહુ કામ લાગ્યા. મારી દૃઢ માન્યતા છે કે જે વિદ્યાર્થીઓ અભ્યાસ અને શાળાની ઈતર પ્રવૃત્તિઓને નામે ઘર અને કુટુંબનાં વ્યવહારકાર્યોમાં સહકાર આપતા નથી તેઓ જીવનનું ખરું શિક્ષણ ગુમાવે છે. આવા પ્રસંગોએ વડીલોની ધીરજ અને મમતાનો અનુભવ થાય છે અને સંબંધોની લાગણી અને મીઠાશનો લહાવો મળે છે. ખરું કહું તો અમે પિતાપુત્ર આવા એકલા પ્રસંગોએ સંસારનાં નિકટમાં નિકટ આત્મીય પાત્રો છીએ તેનું મને ત્યારે ભાન થયું.

પણ આવું બહુ દિવસ ચાલે તેમ નહોતું. મારી વૅકેશન પૂરી થવા આવી હતી; પિતાજીને ઑફિસની જવાબદારીઓમાં પહેલાંથી પેસી ગએલી ગેરરીતિઓ નાબૂદ કરવાની ચીવટ હતી; એટલે ઑફિસમાં એક સંબંધીજનને ગોઠવી, તેને ઘર અને ભોજનનો ખર્ચ ન થાય તે માટે તે ઑફિસનું કામ પતાવી તેમની બે જણની રસોઈ બનાવવા વહેલો ઘેર આવી જાય એવી વ્યવસ્થા કરી, અને શહેરમાં દેશવાસીઓના લત્તામાં ઘર મળે એટલે બા વગેરેને તેડાવી લેવાનું નક્કી કર્યું.

૧૭૯ કરાચી છોડતાં

મારે ભાવનગર પાછા જવાના દિવસે તેઓ મને સ્ટેશને મૂકવા આવ્યા ત્યારે સ્ટેશને લખમશી શેઠના પુત્રો અને મિત્રો પણ ફળો અને ફૂલહાર લઈ આવ્યા હતા. તેમણે તો મલીર (કરાચીના એક પરા) સુધીની ટિકિટો લીધી હતી. એ બધાનો સદ્ભાવ જોઇને પિતાજીને



કોટડી જંકશને ટિકિટચેકરે રોક્યો

સંતોષ થયો કે મેં રજાનો સમય સારી રીતે ગુજાર્યો હતો. એમને કુટુંબની સંભાળ વિનાના, એકલા, આટલે દૂર મૂકીને વિદાય લેતાં મારું મન ભરાઈ આવ્યું હતું. તેમનું મૌન પણ એ વખતે સૂચક હતું, છતાં બોલ્યા : 'ચીવટ રાખીને અભ્યાસ કરીશ તો જરૂર પાસ થઈ જઈશ....'

મલીરના સ્ટેશને કરાચીના મિત્રો ઊતરી ગયા. બધાની લાગણી અપૂર્વ હતી. એમના મંડળમાં હું કંઈક નવું તત્ત્વ લઇ આવ્યો હોઈશ એમ લાગ્યું. ગાડી ચાલી ત્યારે મેં સૌને હાથ જોડયા, અને તે જ વખતે લખમશી શેઠના સુપુત્ર કેશવજીભાઈએ મારા હાથમાં એક રેશમી ઊંચી જાતની પીતાંબરી મૂકી દીધી. હું કંઈ હા–ના કરું એટલામાં તો ગાડીએ વેગ પકડયો. મેં તેમની ભેટ માથે ચડાવી લીધી.

મેં કદી કોઈ મિત્રના કામમાં પુરસ્કાર કે ભેટનો વિચાર સુદ્ધાં કર્યો નહોતો, એટલે આ ભેટનો ભાર મારા મન પર બહુ જણાયો. સાથે એવું પણ ભાન થયું કે મારા કામ માટે ક્યાંક આદર છે; બીજાઓને હું પણ કશુંક પ્રદાન કરી શકું એવી મારી પાસે વિરલ શક્તિ છે. અને તેના ઉપર મેં હવાઈ કિલ્લા બાંધવા માંડયા. ભાવનગર જઇને કાંઇક નવો નિર્ણય લેવાની ભૂમિકા રચાઈ.

૧૮૦ પ્રવાસનો એક કડવો અનુભવ

મારી પાસે બિસ્તરો, ભાતું, પાણીનો કૂજો અને ચોપડીઓના વજનવાળી ભારે ટ્રંક હતી. જ્યારે કોટડી આગળ ગાડી બદલી તે વખતે કોઈ ટિકિટ–ચેકરની નજર તે પર પડી અને તેણે પાસે આવીને મારી ટિકિટ લઇ લીધી. જંકશન સ્ટેશને મેં ટિકિટ માગી ત્યારે કહે, 'જાઓ, ગાડી બદલો, હું ત્યાં આવું છું.' બીજી ગાડીમાં બેઠો ત્યાં ભાઇસાહેબ દેખાયા. મેં તરત લાચારી બતાવી ટિકિટ માગી ત્યારે સિગારની રાખ ખંખેરતાં કહ્યુ : 'જુઓ મિસ્ટર, તમારી પાસે ઘણું વજન છે, પણ તમે સ્ટુડન્ટ છો એટલે ચાર્જ કરતો નથી. તમારે મારી કદર કરવી જોઇએ.' હું મૂંઝાયો. કદર એટલે શું અને કેટલું આપવાનું? મેં મારા જીવનમાં કદી આવો અનુભવ કર્યો નહોતો; મારી પાસે જરૂર કરતાં વધારે પૈસા પણ નહોતા. એ સ્થિતિ તેને સમજાવી ત્યારે તેણે માત્ર ચાર આના માગ્યા. એ વખતે તેનું કબૂલ કર્યા વિના છૂટકો નહોતો. તે મને રોકે, મજૂરનો વધારે ખર્ચ કરાવી કાંટા પર લઈ જાય, પાછળ મારી જગ્યા રહે નહિ, આવી લાચાર સ્થિતિમાં આપવા પડેલા એ પૈસા માટે આખી મુસાફરી મેં બળાપામાં પૂરી કરી.

બીજે દિવસે વીરમગામ પહોંચ્યો ત્યારે મને આરામની પણ જરૂર હતી. વળી મગનભાઈ અને મિત્રોનો મને રોકવાનો પહેલેથી જ પૂરો આગ્રહ હતો. ત્યાંના સ્ટેશનમાં તો ઘરનું રાજ હોય તેમ તેઓ સગવડ ઉતારી શકતા. ત્યાં ઊતરી મુકામ મેં મગનભાઇને ત્યાં જ રાખ્યો, અને હું વેવાઇને ત્યાં નથી એવા વાતાવરણ વડે તેમનાં પત્ની તથા માતાપિતાએ મારા થાક અને નિર્વેદ ઊડાવી દીધાં.

મગનભાઈના મિત્રમંડળે પણ મને ખૂબ સત્કાર્યો. ગુજરાતી શાળાના હેડમાસ્તર શ્રી ચુનીભાઈ ત્રિપાઠી એમને ત્યાં બેસવા ઊઠવા આવતા. એ 'કલાપી'ના ભક્ત અને કવિ 'સાગર'ના પરમ મિત્ર, એટલે તેમનાં કાવ્યોનું સુંદર વાચન કરી તેમણે એક નવીન વિભૂતિનો ખયાલ મને આપ્યો. નંદલાલ દલાલ, રતિલાલ ગાયક, ચીમનલાલ શિક્ષક, વૈદ્ય વાસુદેવ વગેરેનું એક અંતરંગ મંડળ ત્યાં જામ્યું હતું. વીરમગામની ઊગતી પેઢીના એ સૌ આશાસ્પદ જુવાનો હતા. (ચાલુ)

અનુસંધાન] **ઉદયશંકર** [પૃષ્ઠ ૧૨૩થી

ઉદયશંકરે હવે ભારતભરમાં નૃત્યપ્રવાસો યોજ્યા. આ દેશમાં ત્યારે જાણીતા થએલા એકમાત્ર ઈમ્પ્રેસારીઓ (યોજક) હરેન ઘોષે એ કામ બજાવ્યું. અનેક સહયોગીઓ અને નર્તકો એમની આજુબાજુ ભેગાં મળ્યાં અને એમનું નર્તકવૃંદ અનેક નવલોહિયા સર્જક કલાકારોથી ઊભરાવા લાગ્યું. ૧૯૩૮માં શાન્તિનિકેતનની મુલાકાત લઈ પાછા ફરતા ઉદયશંકરને ખુદ ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે પત્ર લખી તેમની આ કળાસેવા બિરદાવેલી તેનો શરૂઆતનો ભાગ :

'ઉત્તરાયણ'· શાન્તિનિકેતન (બંગાળ)
બંગાળી સંવત ૧૩૪૦, ૨૯ આશર

ઉદયશંકર!

નૃત્યકલાને તમે જીવનભરની સાધના–સહચરી બનાવી છે. એ દ્વારા તમે પશ્ચિમ તરફથી પ્રશંસા ને કીર્તિ બન્ને પામ્યા છો. લાંબા ગાળા પછી તમે ભારત પાછા ફર્યા છો. આપણી માતૃભૂમિ પ્રેમપૂર્વક તમારું સ્વાગત કરી આશીર્વાદ આપે છે. બંગાળનો આ કવિ માતૃભૂમિ વતી તે તમને પહોંચાડે છે તે સ્વીકારશો.

તમે આશ્રમ છોડી જાઓ તે પહેલાં હું તમને એક વાત કહીશ. જીવનના સત્ત્વ સમી કોઈ પણ કળા—નૃત્ય કળા–જેમાં તેની અભિવ્યક્તિ જોઇ શકાય–તેના વિકાસ કે ઊંડાણને કશાં બંધન નથી નડતાં. એક સ્થગિત આદર્શમાં તેને બંધિયાર ન રાખવી જોઈએ; તેને ભારતીય, પૌરસ્ત્ય કે પાશ્ચાત્ય કહી સીમિત ન કરવી જોઇએ; કારણ આવી મર્યાદાને કારણે જીવનના સ્વાતંત્ર્યને તે હણે છે. દુનિયાના અનેક પ્રદેશોના કલાનિષ્ણાતોની સ્તુતિ પામ્યા છતાં તમને સતત લાગ્યા કરે છે કે તમારા સ્વપ્નને ચરિતાર્થ કરે ને સાકાર કરે તે પથ તો હજી ઘણો લાંબો છે; એ માર્ગે નવીન પ્રેરણાઓ રાહ જોઈ રહી છે; અમર્યાદિત પ્રમાણમાં નવાં રૂપસર્જનો તમારી રાહ જોઈ રહ્યાં છે......
(ચાલુ)

—રવીન્દ્રનાથ ટાગોર

પંડિતાઇના હિમશિખરેથી જનસ.માન્યનાં મેદાનો ઉપર સાહિત્યગંગાને રસળતી કરનાર

સાત સાહિત્યસેવીઓનું અગ્રચારી મંડળ

બન્ધુસમાજ

આજથી લગભગ પોણોસો વર્ષ પહેલાં ગુજરાતના આધુનિક સાહિત્યનો ઉષઃકાળ શરૂ થઈ ચૂક્યો હતો. મુંબાઈ યુનિવર્સિટીના સ્થપાયા પછી હાઈસ્કૂલો ને કૉલેજોમાં અંગ્રેજી તેમજ સંસ્કૃતનો અભ્યાસ શરૂ થયો હતો. તે પહેલાં દેશમાં સસ્કૃતની પાઠશાળાઓ હતી. તેમાં મુખ્યત્વે શાસ્ત્રીઓ અને પુરાણીઓ પાસે વિદ્યાર્થી શીખતો. સંસ્કૃત વ્યાકરણ તથા કાલિદાસ–ભવભૂતિ આદિના શિષ્ટ સાહિત્યનો અભ્યાસ શાળાઓ અને કૉલેજમાં અંગ્રેજીની સાથે જ કરાવવામાં આવ્યો તેનું એક સારું પરિણામ એ આવ્યું કે વિદ્યાર્થીઓ હવે એ બન્ને ભાષાનું સાહિત્ય નવી જ દષ્ટિવાળા શિક્ષકો અને અધ્યાપકોની મદદથી સારી રીતે શીખ્યા તેથી અગાઉનું ગુજરાતી સાહિત્ય વાંચવાની જિજ્ઞાસા ઉત્પન્ન થઇ. આવી રીતે અંગ્રેજી અને સંસ્કૃત સાથે માતૃભાષાના સાહિત્યનો પરિચય મળવાથી ખાસ કરીને બંગાલ, મદ્રાસ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં માતૃભાષામાં પુનરુજ્જીવન આવ્યું. ત્યારના સમર્થ સાક્ષરોએ જે સાહિત્યનું સર્જન કર્યું તેમાં અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્યના વિચારો તેમજ શૈલીની અસર થઈ. એના દાખલાઓ ગોવર્ધનરામ, મણિલાલ નભુભાઈ, નરસિંહરાવ, કેશવલાલ, રમણભાઈ, આણંદશંકર, મણિશંકર ભટ્ટ (કાન્ત), બળવંતરાય ઠાકોર, નાનાલાલ વગેરે સાક્ષરોની કૃતિઓમાં જણાઈ આવે છે. તેઓ જે કંઈ લખતા તે અભ્યાસ કર્યા પછી જ લખતા અને તે કારણથી જ એમનો યુગ 'પંડિત યુગ' કહેવાયો, ગુજરાતી સાહિત્ય સમૃદ્ધ થયું અને એમની પછીના વિદ્યાર્થીઓમાં સાહિત્યના વાચન તથા સર્જનની ઉત્કંઠા વધતી ગઈ. હાઈસ્કૂલની વિદ્યાર્થી અવસ્થામાં જ કેટલાએક યુવકોએ આ નવા સાહિત્યથી પ્રેરાઇને સાહિત્યસર્જન કરવા માંડયું અને ઠેરઠેર વ્યક્તિગત રીતે, છૂટાછૂટા લેખોનાં પ્રકાશનો શરૂ થયાં.




લેખક · હરસિદ્ધભાઇ વ. દિવેટિયા

ઉત્તમ પ્રકારનું સાહિત્ય વાચકોનાં મનનો જેટલો વિકાસ કરે છે તેટલી જ સાહિત્યસર્જનની તેની વૃત્તિને પણ પ્રેરણા આપે છે. આપણા એ 'પંડિત યુગ'ના સાહિત્યનું પણ એમ જ થયું. તેમાં અમદાવાદની હાઈસ્કૂલમાં ભણતા કેટલાએક વિદ્યાર્થીઓને તો પદ્ય ને ગદ્ય બન્નેનું સર્જન કરવાની ધગશ એટલી વધી કે પોતાના અભ્યાસને પણ ગૌણ લેખી કવિતા અને વાર્તાલેખન માટે માત્ર વ્યક્તિગતરીતે વાંચન-લેખન કરવા કરતાં એક મંડળ ઊભું કરી, બધા સભ્યોએ અઠવાડિયામાં એક વખત મળીને પોતે જે વાંચ્યું લખ્યું હોય તેની ચર્ચા કરવાનું ઠરાવ્યું. ગુજરાતમાં સાહિત્યસર્જન માટે રચાએલી એ સંસ્થા તે 'બંધુસમાજ'.

આત્યારના યુવક વર્ગમાંથી ઘણાખરાએ તો 'બંધુસમાજ'નું નામ પણ નહિ સાંભળ્યું હોય; પણ ચાળીસેક વર્ષ પહેલાં તો એનું નામ સાહિત્યરસિકોને સુપરિચિત હતું. ખાસ કરીને 'સુંદરી સુબોધ' નામનું ગુજરાતનું પહેલું સ્ત્રી-ઉપયોગી માસિક લાગટ વીસેક વરસ સુધી પ્રસિદ્ધ કરનાર તરીકે એ 'બંધુસમાજ' માત્ર સ્ત્રીવર્ગમાં જ નહિ પરંતુ સર્વ સાહિત્યપ્રિય જનતામાં સારી રીતે જાણીતી હતી. પણ એ તો 'બંધુસમાજ'ની માત્ર એક સિદ્ધિ હતી. તે ઉપરાંત પણ બીજાં અનેક કારણોને લીધે તેનું નામ સાક્ષરોમાં સારીરીતે જાણીતું થયું હતું.


ઈ. સ. ૧૮૮૯માં આ મંડળ ચાર જ સભ્યોનું હતું અને તેનું નામ પણ અંગ્રેજી 'ઈન્ટીમેઈટ ફ્રેન્ડ્ઝ એસોસીએશન' રાખ્યું હતું. એ પ્રથમ ચાર સભ્યો તે રામમોહનરાય જસવંતરાય દેસાઈ ઉર્ફે બિન્દુભાઈ, ભોગીન્દ્રરાવ રતનલાલ દિવેટિયા ઉર્ફે સાર્જન્ટરાવ, શિવુભાઈ બાપુભાઈ દુર્કાળ અને ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ. ત્રણેક વરસ એમ ચાલ્યા પછી તેનું નામ બદલીને ગુજરાતીમાં 'બન્ધુસમાજ' રાખ્યું એ પછી ઈ. સ. ૧૮૯૪માં બીજા ત્રણ સભ્યો તેમાં જોડાયા: શંકરરાય અમૃતરાય સહીઅડ, કૃષ્ણલાલ હરગોવિંદ પંડિત અને દિનકરરાવ વહાલાભાઇ ધ્રુ. 'બન્ધુસમાજ'નું અસ્તિત્વ રહ્યું ત્યાં સુધી તેમાં આ સાત સભ્યો જ રહ્યા. એમનું મળવાનું સ્થળ કોઈ પણ સભ્યને ઘેર જ રખાતું. ચહા અને ચેવડો ખાતાંખાતાં બે ક્લાક સુધી ચર્ચાઓ ચાલતી. તેમાં લેખો કેવી રીતે પ્રગટ કરવા તે મુખ્ય પ્રશ્ન હતો.

ત્યારે થોડાંક માસિક હતાં ખરાં, પણ આ વિદ્યાર્થી યુવકોને તેમાં સ્થાન મળે તેવું વાતાવરણ નહોતું. ગુજરાત વર્નાક્યુલર સોસાએટી તરફથી 'બુદ્ધિપ્રકાશ', પ્રાર્થના સમાજ તરફથી 'જ્ઞાનસુધા', નડિયાદમાંથી મણિલાલ નભુભાઈનું 'સુદર્શન' અને હરિલાલ હર્ષદરાય ધ્રુવનું 'ચંદ્ર' એટલાં જ ગણનાપાત્ર માસિકો ત્યારે હતાં. નવસર્જિત નાનાં કાવ્યો તથા વાર્તાઓ માટે કોઈ પણ માસિક નહોતું. વસ્તુતઃ તે વખતે ટૂંકી વાર્તાઓ લખવાનું તો શરૂ જ થયું નહોતું. અમદાવાદમાં ગણપતરામ ઉત્તમરામ ભટ્ટ નામના એક સાહિત્યપ્રિય લેખક 'આર્યવત્સલ' નામનું માસિક ચલાવતા. તે થોડાં વરસ પછી બંધ કરી તેમણે 'વાર્તાવારિધિ' નામનું નવું માસિક શરૂ કર્યું હતું. તેમની સાથે સારો પરિચય થવાથી 'બન્ધુસમાજ'ના બધા લેખો પ્રગટ કરવાનું તેમણે માથે લીધું અને 'વાર્તાવારિધિ'ના અંકોનો ઘણો ભાગ 'બન્ધુસમાજ'ના સભ્યોનાં લખાણોથી જ ભરાવા લાગ્યો. વાચકવર્ગ તો તે જમાનામાં ઘણો નાનો



ઉપર: જે સમયની આ વાત છે
તે અરસાના રણજિતરામ
નીચે: તે અરસાના હરસિદ્ધભાઈ





જમણી બાજુનું ચિત્ર–'બધુસમાજ'ની પહેલી છબી, જ્યારે તેમાં છ સભ્યો હતા: પાછળ ડાબી બાજુથી–દિનકરરાવ ધ્રુવ, ભોગીન્દ્રરાવ દિવેટિયા, ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ, રામમોહનરાય જસવંતરાય; નીચે: શિવભાઈ બાપુભાઈ, કૃષ્ણદેવ હરગોવિંદ પંડિત. (શંકરરાય અમૃતરાય સહીઅડ પાછળથી જોડાએલા.) આ બધી છબીઓ પરથી જણાશે કે તે વખતે ઝીક ભરેલી ટોપી એ તરુણોનો શિષ્ટ પોષાક ગણાતો.

હતો, પણ હવે ધીમેધીમે 'વાર્તાવારિધિ'નો ફેલાવો વધતો ગયો અને તે સાથે 'બન્ધુસમાજ નું નામ સાહિત્યક્ષેત્રમાં લોકપ્રિય થવા માંડયું.

આજે તો એ સાતમાંથી એક પણ સભ્ય હયાત નથી, તેમજ તેમના અંગત પરિચયમાં આવેલા જનોની સંખ્યા પણ ઓછી થતી ગઈ છે. એટલે એમનો પરિચય આપવાનું કામ 'કુમાર'ના તંત્રીશ્રીએ મને સોંપ્યું છે; કારણ કે એમાંના પાંચ જણ તો મારા નિકટના સગપણમાં હતા અને બીજાઓનો પણ મને પરિચય હતો. આને લીધે આ લેખમાં અંગત હકીકતો આવે તે અનિવાર્ય માની વાચકવર્ગ ક્ષમા આપશે એવી આશા રાખું છું.

'બન્ધુસમાજ'માંના સૌથી મુખ્ય રામમોહનરાય ઉર્ફે બિન્દુભાઇનો જન્મ ઈ. ૧૮૭૩ની ૨૯મી સપ્ટેમ્બરે થએલો. તેઓ મારાં પિતરાઈ ફોઇના પુત્ર થાય. અમારા ઘરમાં—એટલે એમના મોસાળમાં ઉછરીને જ એ મોટા થયા અને તે પછી પણ ઘણાં વરસ સુધી અમારે ત્યાં જ રહેતા. મારા પિતાની એમના ઉપર ઘણી પ્રીતિ હતી. જોકે બિન્દુભાઈ મોટે ભાગે અમદાવાદમાં રહેતા, પણ મારા પિતાને નોકરી અર્થે સોનગઢ અને રાજકોટમાં રહેવાનું હોવાથી ત્યાં પણ તે ઘણો વખત આવીને રહેતા. નાનપણથી જ બિન્દુભાઇનો સ્વભાવ સગાંઓ સાથે બહુ હેતાળ સંબંધ રાખવાનો હતો. પોતાના મામા – મારા પિતા – તરફનું ઋણ એમણે પોતાના 'સ્મરણ' નામના કાવ્યમાં વાળ્યું છે:

'જગવંદ્ય પિતા સમ માતુલને
અણમોલ મળ્યાં પ્રીતિ-પુષ્પ મ્હને.'

અમારા કુટુંબીજન તરીકે જ એ રહ્યા હોવાથી મારા નાનપણથી જ એમના સંસ્કારની જે છાપ મારા ઉપર પડી તે એમના અવસાન સુધી વધતી જ રહી. ઈ. સ. ૧૯૦૦ સુધી તો હું રાજકોટમાં રહેતો અને અમદાવાદ આવવાનું માત્ર અવારનવાર થતું; પણ ૧૯૦૧થી હું અમદાવાદ રહેવા આવ્યો ત્યારથી મારો એમની સાથેનો પરિચય ગાઢ થતો ગયો. એમણે સ્કૂલ ફાઈનલની પરીક્ષા પસાર કર્યા પછી અભ્યાસ પડતો મૂકી સાહિત્યસર્જનમાં જ વખત ગાળ્યો હતો. એમની વાચન-લેખન પ્રવૃત્તિ તો હાઈસ્કૂલના અભ્યાસ સાથે જ શરૂ થઈ હતી. અંગ્રેજી સંસ્કૃત તથા ગુજરાતી સાહિત્યનું પોતાની જ મેળે મેળવેલું એમનું જ્ઞાન તે સમયના ગ્રૅડયુએટ કરતાં પણ વધારે હતું.

હાઇસ્કૂલમાં ભણતા ત્યારથી જ એમને નાનાલાલ કવિ સાથે સારો સંબંધ શરૂ થયો હતો અને બન્નેનાં હૃદય એટલાં મળી ગયાં હતાં કે નાનાલાલ અમારે ત્યાં આવી બિન્દુભાઇ સાથે સાહિત્ય તેમજ તે સમયના સાક્ષરો વિષે ક્લાકો સુધી ચર્ચા કરતા. તે સાંભળવામાં મને ઘણો રસ પડતો. બન્ને સ્વમાની તથા સ્વમતાગ્રહી હતા એટલે કોઈ-કોઈ વાર તો બન્ને વચ્ચે ઉગ્ર ચર્ચા થતી અને કોઇ વખત રિસાઈ જવાનું પણ બનતું! પણ બન્ને પાછા મળે કે તરત બધું ભુલાઇ જતું, કારણ



અનેક તરફથી ગુજરાતીઓમાં ગુજરાતીઅસ્મિતા પ્રકટાવનાર, ગુજરાતી સાહિત્યના પ્રથમ શાન્ત અને સંસ્કારી સેવક અને મૌલિક વિદ્વાન રણજિતરામ વાવાભાઈ

ક બન્નેના મનનું પરસ્પર આકર્ષણ ઘણું હતું. નાનાલાલને બિન્દુભાઈ માટે ઘણું જ માન હતું. ઈ.સ. ૧૯૩૦માં પ્રકટ કરેલા પોતાના 'સંબોધન' નામના પુસ્તકનું અર્પણ બિન્દુભાઇને કરતાં એ લખે છે : 'મેં અક્ષરે નહોતો છપાવ્યો ત્યારે તમે સાક્ષર હતા.' આ ગાઢ સંબંધ છેક નાનાલાલના અવસાન સુધી ચાલુ રહ્યો.

બિન્દુભાઇ પાસે ઘણુંખરું આવનાર એમના બીજા મિત્ર તે રણજિતરામ. રણજિતરામના પિતા વાવાભાઈ અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં એન્જિનીઅર હતા, તેથી એમનો કૉલેજનો અભ્યાસ ગુજરાત કૉલેજમાં થયો હતો. સાહિત્ય પ્રત્યે એમની પ્રીતિ અગાધ હતી. ૧૯૦૩માંએમણે ગ્રૅડ્યુએટ થઈને 'ગુજરાત સાહિત્ય સભા'ની સ્થાપના કરી અને બીજા જ વરસમાં પહેલી સાહિત્ય પરિષદ ભરવાનું નક્કી કર્યું. એમને બિન્દુભાઈ સાથે બહુ ફાવી ગયું હતું અને અમારે ઘેર પણ એ વારંવાર આવતા. એ બધી સાહિત્યચર્ચા પણ અમારા ઘરમાં જ થતી. અમારા ઘરની એક એકાંતમાં આવેલી મેડી, જેની એક દીવાલ પડી ગએલી હોવાથી તે 'ભાગલી મેડી' કહેવાતી. તે મેડીમાં જ બિન્દુભાઈ, નાનાલાલ અને રણજિતરામ વચ્ચે વિચારણાઓ ચાલ્યા જ કરતી અને શું કરવું તેના નિર્ણયો પણ ત્યાં જ લેવાતા. બીજા સાહિત્યરસિક મિત્રો પણ આવતા. તેથી તે સમયે અમારી એ ભાગલી મેડી એક સાહિત્યધામ બની ગઇ હતી. આ વિષે મેં આ વર્ષે ઊજવાનારી ગુજરાત સાહિત્ય સભાની હીરક જયન્તી માટે લખેલા એક ખાસ લેખમાં વિસ્તારથી ઉલ્લેખ કર્યો છે.

શ્રી બિન્દુભાઈને કવિત્વશક્તિ વારસામાં મળી હતી. એમનાં માતુશ્રી જમબા બહેન ફારસી સાહિત્યનાં અભ્યાસી હતાં. એ ઉર્દૂમાં પણ કવિતા રચતાં તેમજ ગુજરાતીમાં એમણે નાનાં ગીતો તથા ગરબા લખ્યા હતા. (એ ગુણ બિન્દુભાઈના નાના ભાઇ વિન્દુભાઈમાં પણ ઊતર્યો હતો.) ટૂંકી અને લાંબી વાર્તાઓ તો એમણે અનેક લખી છે. એમની ટૂંકી વાર્તાઓ 'રસીલી વાર્તાઓ'ને નામે બે ભાગમાં બહાર પડી હતી. અત્યારે તો ટૂંકી વાર્તાઓ ઘણી લખાય છે, પણ ગુજરાતમાં સાહિત્યમાં તેની પહેલ કરનાર 'બન્ધુસમાજ'ના સભ્યો હતા. આ ઉપરાંત અનેક નવલકથાઓ પણ એમણે લખી છે જેમાં 'યોગિની' અને 'બાલા' મુખ્ય છે. એમાં સાંસ્કારિક જીવનના અનેક પ્રશ્નો એમણે ચર્ચ્યા છે. એમની કેટલીક નવલકથાઓ 'ગુજરાતી પંચ'ની વાર્ષિક ભેટ તરીકે પ્રકટ થઈ હતી.

બિન્દુભાઈના પુસ્તકાલયમાં વિવિધ વિષયોના અનેક ગ્રંથો હતા. અંગ્રેજી તથા ગુજરાતી માસિકો તો એમને ત્યાં ઘણાં આવતાં. તેનો લાભ મને પણ સારો મળ્યો હતો. પણ ખરેખરો લાભ તો એમની મિત્રો સાથેની ચર્ચાઓ સાંભળવામાં મળતો. તેમાં તે વખતના મોટામોટા સાક્ષરોની માત્ર પ્રશંસા જ નહિ પણ ટીકાઓ નાનાલાલ અને બિન્દુભાઈ વચ્ચે પણ થતી. એ સમયે મને કોઇક વખત થતું કે શું 'ડુંગર તો દૂરથી જ રળીઆમણા?'

'બંધુસમાજ'ના સભ્યોની સાહિત્યપ્રવૃત્તિ વધતી ગઈ તેની સાથે એક સારું માસિક પ્રગટ કરવાની ઇચ્છા પણ પ્રબળ થતી ગઈ. તે જમાનાનાં માસિકો વધારે તો શિક્ષિત વર્ગ માટે હતાં, તેથી જનતાને રસ પડે તેવું માસિક શરૂ કરવાનો નિશ્ચય થયો. ત્યારે ઘણોખરો સ્ત્રીવર્ગ ઉચ્ચ શિક્ષણથી વંચિત હતો, તેથી સ્ત્રી-ઉપયોગી માસિક નીકળે તો શિક્ષણ લેતી બહેનોને પણ તે ઉપયોગી નીવડે તથા વાચનનો શોખ વધે એ હેતુથી સ્ત્રી-વર્ગ માટેનું પહેલું ગુજરાતી માસિક કાઢવાનું 'બંધુસમાજે' નક્કી કર્યું, અને પરિણામે ઇ. ૧૯૦૩માં 'સુન્દરી સુબોધ' પ્રકટ થયું. તેનું સંચાલન 'બંધુસમાજ'ને નામે થતું, પણ મુખ્ય કામ બિન્દુભાઈ (રામમોહનરાય) અને સાર્જન્ટરાવ (ભોગીન્દ્રરાવ) જ કરતા. 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, રમન્તે તત્ર દેવતા :' એ એનો મુદ્રાલેખ હતો. એમાં સ્ત્રીઓને રસ પડે એવાં કાવ્યો, ટૂંકી વાર્તાઓ નાનામોટા લેખો અને ખબરો પ્રગટ થતાં હોઈ શરૂઆતથી જ તે લોકપ્રિય થયું. અને વિદ્યાર્થિનીઓ તેમજ મોટી વયની સ્ત્રીઓની સાહિત્યની ભૂખ ઊઘડવા માંડી તેમતેમ 'સુન્દરી સુબોધે' તે માટે સારો અને શિષ્ટ ખોરાક પૂરો પાડ્યો. પછી તો સારા શિક્ષિત પુરુષો તેમજ સ્ત્રીઓએ પણ એમાં લખવા માંડ્યું અને અનેક નવાં સ્ત્રીલેખકો પણ ગુજરાતમાં ઉત્પન્ન થયાં. છેક ૧૮૯૪થી લખાતાં આવેલાં બિન્દુભાઇનાં કાવ્યો તથા ગરબીઓ તેમાં છપાતાં. ૧૯૧૮માં પ્રકટ થએલા એના સંગ્રહ 'તરંગાવલી'માંનાં કેટલાંક કાવ્યો ને ગીતો તો તે સમયે એટલાં લોકપ્રિય થયાં હતાં કે નવરાત્રીના ગરબાઓમાં પણ ગવાતાં. દાખલા તરીકે 'મીઠડાં જીવન લ્યો, જીવન લ્યો!'; 'આવો, આવોની બ્હેની! આજ આપણ રમીએ આનંદે'; 'જળ ભરવાને ચાલો રૈ, મીઠલડાં જળ ભરવા'; 'ઓ હૃદયરત્ન રેલાવનારા કવિવરો! ગાયકગણો!' આવાં અનેક ગીતો તો એ પેઢીમાં ઘણાંને મ્હોડે થઈ ગયાં હતાં.

'સુન્દરી સુબોધ'નું સંચાલન ૧૯૦૩થી ૧૯૧૦ સુધી તો 'બંધુસમાજ'ના નામથી ચાલ્યું. પણ ૧૯૧૦ના અરસામાં તેમાંના સભ્યો વ્યવસાયાર્થે વિખરાઈ ગયા : સાર્જન્ટરાવ મુંબાઈ ગયા અને શિવુભાઇ તથા દિનકરરાવ ખારાઘોડા ગયા. તેથી ૧૯૧૦થી તેનું સંચાલન એકલા બિન્દુભાઇ પાસે જ આવ્યું તે ઠેઠ ૧૯૨૩માં એ બંધ થયું ત્યાં સુધી રહ્યું. જે હેતુથી 'સુન્દરી સુબોધ'નો જન્મ થયો તે સારીરીતે સફળ થયો. છતાં બિન્દુભાઈના જીવનમાં અનેક ઉપાધિઓ આવી હતી. જ્યાં સુધી એમનાથી બન્યું ત્યાં સુધી તો અમદાવાદમાં રહીને પોતે જ એનું ખર્ચ પણ ઉપાડ્યું. પણ એમના પિતા જસવંતરાય જે હાલોલના ઈનામદાર હતા તે ગુજરી ગયા પછી જાગીરોનો વહીવટ કરવા માટે કુટુંબમાં બિન્દુભાઈ સિવાય કોઇ મોટું રહ્યુ ન હોઈ તેમને ઘણોખરો વખત હવે હાલોલ અને આસપાસનાં ગામડાંમાં જ કાઢવો પડ્યો. કુટુંબની ઉપાધિઓ તો એટલી બધી હતી કે અમને લાગ્યા કરતું કે બિન્દુભાઈ જેવા શાન્ત અને દૃઢ મનવાળા માણસ જ તે સહન કરી શકે. એમના કુટુંબમાં ઉપરાઉપરી અવસાનો થયાં : ૧૯૦૩માં એમનાં બહેન કપિલબહેન ગુજરી ગયાં; ૧૯૦૪માં એમના નાના ભાઈ વિન્દુભાઇ પ્લેગમાં ગયા; ૧૯૦૫માં એમના મોટા ભાઈ નીલકંઠરાય અને



બન્ધુસમાજનું સપ્તર્ષિમંડળ: ડાબી બાજુથી–કૃષ્ણલાલ હરગોવિંદ પંડિત, શંકરરાય અમૃતરાય સહીઅડ, ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ, શિવભાઈ બાપુભાઈ દ્વારકાળ, રામમોહનરાય જસવંતરાય દેસાઈ, દિનકરરાવ વહાલાભાઇ ધ્રુવ, ભોગીન્દ્રરાય રતનલાલ દિવેટિયા.

૧૯૦૬માં એમના પ્રિય મામા (મારા પિતા) ગુજરી ગયા. આટલું બસ ન હોય તેમ ૧૯૧૦માં એમનાં પત્ની પ્યારૂબહેન અને થોડા જ સમય પછી ઈ. સ. ૧૯૧૨માં એમની પુત્રી (કાંતા) તથા એમનો એક પુત્ર (ગિરીશ) પણ અવસાન પામ્યાં. અત્યારે માત્ર એમના મોટા ભાઇની પુત્રી ઇંદ્રબા (સાર્જન્ટરાવનાં પત્ની) એમના એક પુત્ર અનિલ ઉર્ફે શકુંતરાય અને એમના ભાણેજ ભદ્રજી ધ્રુ બહોળા કુટુંબમાંથી હયાત છે. આ માનસિક ઉપાધિઓએ એ કવિહૃદયને એટલું વ્યથિત કર્યું કે એમનાં ઘણાંખરાં વિદેહી સગાંઓ માટે એમણે એ શોકની લાગણી કવિતામાં વ્યક્ત કરી છે. કપિલબહેન માટે લખ્યું:

'ભગિની ઓ! પરલોકનિવાસિની!
જનની અંતરના અભિલાષની,
ખીલવી તેં સુરવાડી, સુકાઈ તે
બની અચેતન, ત્હો ય સુગન્ધી છે.'

'સુંદરી સુબોધ' બંધ થયા પછી એમણે અમદાવાદ અને હાલોલ બંને ઠેકાણે જાહેર હિતનાં કાર્યની પ્રવૃત્તિમાં મન વાળ્યું. પંચમહાલની જિલ્લા સ્કૂલ બોર્ડ, સહકારી મંડળી વગેરે સંસ્થાઓમાં કરેલા સંગીન કાર્યની કદરમાં સરકારે એમને 'રાવ સાહેબ'નો ઈલકાબ આપેલો. અમદાવાદના લાલશંકર મહિલા વિદ્યાલયમાં તે 'સમાજશાસ્ત્ર' ઉપર શિક્ષણ પણ આપતા ને જાહેર પ્રશ્નો ઉપર 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'માં વખતોવખત ચર્ચા ઉપાડતા. એમની વિશિષ્ટતા એ હતી કે કૉલેજનું શિક્ષણ લીધા સિવાય પણ એમણે અંગ્રેજી સંસ્કૃત અને ગુજરાતી એ ત્રણેના સાહિત્યનું સંગીન જ્ઞાન મેળવી ઉચ્ચ સાહિત્ય સર્જ્યું હતું. તેમના વખતના લગભગ બધા મોટા સાથીઓ યુનિવર્સિટીના સ્નાતકો હતા, છતાં પોતાના ઉચ્ચ જ્ઞાન અને શિષ્ટ લેખનશૈલીથી નાનાલાલ, રણજિતરામ, મણિશંકર ભટ્ટ, લલિતજી, હિંમતલાલ અંજારિયા વગેરે અનેક સાથીઓની અંગત મૈત્રી અને પ્રીતિ સંપાદન કરી હતી. આજે ખામીઓ ગણાય એવી કેટલીક વિશિષ્ટતાઓ પણ એમનામાં હતી. સ્વભાવે પોતાનાં મંતવ્યોને જ વળગી રહેનારા, સ્વમાન સાચવવા પરત્વે અત્યંત સંવેદનશીલ, આચારવિચારમાં પોતાના પરંપરાગત મંતવ્યોનું ચુસ્ત પાલન કરનારા હોવા છતાં, ગુજરાતના સ્ત્રીવર્ગને ઉચ્ચ કક્ષા ઉપર લાવવાની ઊંડી ઇચ્છા અને તેમાં કરેલું સંગીન કાર્ય એ પણ તેમના આ દૃઢાગ્રહી સ્વભાવનું જ પરિણામ હતું. એમની વાત કરવાની છટા આકર્ષક હતી. દંભી માણસો પ્રતિ એમને ઘણો તિરસ્કાર, અને જાહેરજીવનના કેટલાએક 'નેતાઓ' તરફ અણગમો હતો. એ બાબતમાં કવિ નાનાલાલ અને બિન્દુભાઈ વચ્ચે સામ્ય હોવાથી બંને જ્યારે મળે ત્યારે એ વિષે પોતાના ઊભરા ઠાલવતા: નાનાલાલ ઉગ્ર શબ્દો વડે અને બિન્દુભાઈ પોતાની પ્રૌઢ શૈલીમાં.

એમનું કવિહૃદય કુટુંબીજનો તરફ ઊર્મિશીલ અને વાત્સલ્યથી ભરેલું હતું. કુટુંબમાં કોઈ માંદું પડે ત્યારે એની પાસે બેસી એવી વાતો કરે કે દરદીને પણ દરદ ઓછું લાગે. જાતજાતના વિષયો ઉપર રસિક ઢબે વાતો કરવાની કળા એમનામાં હતી: અમારા હાલોલ-કાલોલના દેસાઈઓ દિવસનો ઘણોખરો ભાગ હીંચકા ઉપર બેસીને કલાકો સુધી રસ પડે એવી વાતો કરવામાં પ્રવીણ ગણાતા. બિન્દુભાઇમાં પણ આ કળા હતી અને એ રીતે એમનું વિશાળ વાચન એમનાં કુટુંબીઓને પણ ઉપયોગી બનતું. એમના જીવનના પાછલા ભાગમાં વધારે સમય



ડાબી બાજુ: કિશોર કાળે; જમણી બાજુ: યુવાન વયે; છેડે: પ્રૌઢ અવસ્થાએ (ઝીકની ટોપીથી. પાઘડીને માર્ગે બંગલોરીટોપી સુધી ગુજરાતના પહેરવેશના તબક્કા)

રામમોહનરાય જસવંતરાય દેસાઈ





બંધુસમાજના બે અગ્રણી ને સક્રિય સભ્યોમાં પણ, વિશાળ વાચન સામાજિક સ્થાન અને 'સુંદરી સુબોધ' દ્વારા સતત (અને પાછળથી સુવાંગ) કરેલી સાહિત્યસેવાથી ખ્યાત થએલા શ્રી બિન્દુભાઇ–રામમોહનરાય જસવંતરાય દેસાઈ, પિતા-માતા બંને પક્ષેથી ઉચ્ચ ને ગર્ભશ્રીમંત ખાનદાનમાંથીઊતરીઆવેલા: પિતા પંચમહાલ જિલ્લાના હાલોલના નામાંકિત જમીનદાર; માતૃપક્ષે તે જાણીતા દ્વિવેટિયા-મુન્શી કુટુંબના ભાણેજ. એમના પ્રમાતામહ છોટાલાલ દ્વિવેટિયા (હરસિદ્ધભાઇના પ્રદાદા)એ સૌ પ્રથમ 'મિરાતે એહમદી' નું ગુજરાતી ભાષાંતર કરેલું. એમનાં માતુશ્રી જામબા બહેનને પણ ફારસીનો સાધારણ અને ઉર્દૂનો સારો અભ્યાસ હતો. અને પોતે સુખવસ્તુ કુટુંબના સંતાન હોઇને બિંદુભાઈનું તો સમસ્ત જીવન (સાથેના પરિચયમાં દર્શાવ્યા પ્રમાણે) સાહિત્યકાર્યમાં જ વીત્યું હતું.

કાવ્યો વગેરેથી લેખનકાર્ય તો એમણે ઈ. ૧૮૯૧થી શરૂ કરેલું; પત્રકારત્વમાં પણ ઈ. ૧૯૦૯ થી ૧૯૧૧ સુધી અમદાવાદના સાપ્તાહિક 'ગુજરાતી પંચ'ના સહતંત્રી તરીકે જવાબદારીભર્યું કામ કરેલું; અને સામાજિક ઉન્નતિની દિશામાં કેટલાક તેમના વિચારો અગ્રચારી હતા. એમની એ સમયની જાણીતી નવલકથાઓ 'યોગિની' અને 'બાલા'માં ગુર્જરસમાજના મહાપ્રશ્નો ચર્ચ્યા છે અને તેના ઉપાયો સૂચવ્યા છે; ને 'બાલા'માંનો ગ્રામોદ્ધારનો કાર્યક્રમ તો ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી અહીં આવ્યા ત્યારે એમના ખાસ ધ્યાન પર આવ્યો હતો.

બિન્દુભાઈનું ચારિત્ર-દર્શન કરાવતાં એક લેખકે લખેલું છે: 'એમની સાથે સતત રહેનાર પણ કહી ન શકે કે એ સંસારી છે કે સાધુ? એમનું જીવન રસિકત્વથી ઊભરાય છે, પણ એની આજુબાજુની સંયમની પાળ એથી યે અજોડ અને અચળ છે. એ પત્રકાર, વિદ્વાન, સાહિત્યસર્જક, વિચારક અને ઉત્તમ વક્તા હતા; પણ એ સર્વનું મધ્યબિન્દુ તો ગુજરાતમાં નારી-ગૌરવની પ્રતિષ્ઠા હતી. પોતાનાં સાહિત્યસર્જન, વ્યાખ્યાનો ને 'સુંદરીસુબોધ'ના સંપાદન દ્વારા એ જમાનામાં એમણે ગુજરાતના સ્ત્રી-સમાજની અજોડ સેવા કરેલી.



←બિન્દુભાઈના ખાસ મિત્ર કવિ નાનાલાલ: 'બન્ધુસમાજ'ની યોજના, ને ગુજરાત સાહિત્યસભા તથા ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપનાના કાળે રણજિતરામ બિન્દુભાઈ અને નાનાલાલ સાથે મળીને સાહિત્ય અને સમાજોન્નતિની ચર્ચાવિચારણા કરતા તે સમયની તસવીર.

હાલોલમાં રહેતા. ત્યાં પોતે એકલા હોય ત્યારે જૂનવાણી રિવાજના ચુસ્ત પાલનમાં હાથે રાંધીને પણ રહેતા અને ત્યાં વાંચવામાં તથા ગામલોકોને અનેક પ્રકારની સલાહ આપતી વાતોચીતોમાં એમનો વખત જતો. આમ હાલોલમાં જ એકાંત જીવન ગાળી ૭૭ વર્ષની વયે ઈ.સ. ૧૯૫૦ના ઑગસ્ટની ૧૧મી તારીખે તે અવસાન પામ્યા. એમના સાહિત્યજીવનની તુલના સ્વ. સાક્ષરશ્રી રમણલાલ દેસાઇએ પોતાના 'માનવસૌરભ'માં કરી છે તેમાંનો એક ફકરો નોંધવા લાયક છે:

'શ્રી બિન્દુભાઇએ સ્ત્રીઓના ખાસ અભિલાષ, સ્ત્રીઓનાં બંધન અને મર્યાદા, એમના પ્રગતિમાર્ગ સૌ પોતાના જ કરી લીધા અને સાહિત્યક્ષેત્રે અનેક પુસ્તકો લખીને તથા 'સુન્દરી સુબોધ'નો એક તરાપો તરતો મૂકીને અનેક સ્ત્રીજીવનને સહારો આપ્યો છે, વેગ આપ્યો છે, વાણી આપી છે, કવિતા આપી છે અને વધારે તો સ્ત્રીઓમાં આત્મભાન જાગ્રત કર્યું છે. તે આત્મભાન પણ માત્ર બંડમાંથી પ્રગટતું આત્મભાન નહિ; સંયમ, વિવેક અને ચારે બાજુના વિચાર-અભ્યાસમાંથી તારવી કાઢેલું, ડહાપણભર્યું આત્મભાન. શ્રી બિન્દુભાઈની એ મોટામાં મોટી સાહિત્યરચના, મોટામાં મોટું જીવનસર્જન. કવિ, નવલકથાકાર, નવલિકાનવેશ, નિબંધકાર, અભ્યાસી ને ફિલસૂફ બિન્દુભાઈની કદી ન ભુલાય એવી સેવા તે એ જ કે જડ સ્ત્રીત્વમાં એમણે ચેતના પ્રગટાવી, સાહિત્યના પાત્ર–કવિતાને પાત્ર સ્ત્રીત્વ સર્જવા માટે તેમણે સ્ત્રીપાત્રતા વધારી અને ગોવર્ધનરામ તથા નાનાલાલ-મુનશી યુગના સાહિત્ય વચ્ચે એક કલાભર્યો નાજુક પૂલ રચ્યો.' આ યુગને બિન્દુભાઇનો ખરો પરિચય આપવા આટલું બસ નથી?

(ચાલુ)

'ધૂમકેતુ એકનિષ્ઠ સાહિત્યકાર હતા. ગુજરાતના રોમૅન્ટિક યુગના તે એક અગ્રગણ્ય પ્રતિનિધિ હતા. એમની નવલકથાઓએ ગુજરાતના અતીતને નવું સ્વરૂપ આપ્યું છે. નવલિકાલેખનના તો તેઓ સ્વામી હતા. તેમની કેટલીક નવલિકાઓમાં સૌંદર્ય અને સુરેખતા નીતરે છે. સાહિત્યસર્જનને એમણે પરમ ધર્મ માન્યો હતો ને છેલ્લે સુધી તે સાહિત્યની સેવા કર્યે જ ગયા.' — આવા શબ્દોમાં સમુચિત અને સારગર્ભ અંજલિ આપનાર શ્રી કનૈયાલાલ મુનશીથી માંડી કૃષ્ણવીર દીક્ષિત સુધીના સંખ્યાબંધ સાહિત્યકારો, સંપાદકો અને વિવેચકોએ સ્વ. 'ધૂમકેતુ'ના જીવન અને લેખનનાં કરાવેલાં ગુણદર્શનોમાં એમના ઓચિંતા થએલા અવસાનના આઘાતની અસર હોય એ સ્વાભાવિક છે. એ સર્વમાંથી સારવેલું આ નીચેનું મૂલ્યાંકન આટલી પ્રતીતિ કરાવવાને સમર્થ છે કે એમના જવાથી ગુજરાતી સાહિત્યને એક શ્રેષ્ઠ સર્જકની અને આપણા પ્રજાજીવનને એક તેજસ્વી માનવરત્નની પડેલી ખોટ કેટલી મોટી છે.

સ્વજનો અને મિત્રોની જ નહિ, ખુદ એમની પોતાની પણ 'હજી દસેક વર્ષ તો નીકળી જશે' એવી શ્રદ્ધામૂલક તબિયત સાથે, જીવનમાં ચાળીસેક વર્ષની જૂની સહચરી છતાં ગંભીર નહિ એવી સારણગાંઠના ઑપરેશન માટે તે ઑસ્પિટલમાં દાખલ થયા; ઑપરેશન સહી શકે એવી શક્તિની ઊણપ જણાતાં આપવામાં આવેલાં લોહી, ઈન્જેક્શનો આદિના ઉપચાર કારગત ન નીવડ્યા; અને ઝપાટાબંધ આવતી જતી જીવનશક્તિની ઓટને કારણે, ઘેર આવ્યા બાદ બ્લડ-યૂરિયાનું પ્રમાણ વધી જતાં ગઈ તા. ૧૧મી માર્ચ (૧૯૬૫)ને ગુરુવારની રાત્રે ૯ વાગ્યે એમનો દેહાંત થયો.

પંદરથી પચ્ચીસ વર્ષના વય દરમ્યાનના મ્હોરતા આદર્શોના સંવેદનશીલ ઘડતરકાળે સમાનશીલોમાં બંધાતી એવી એમની મૈત્રીનો જે લહાવ મળ્યો છે, અને એ કાળે બેએક વર્ષના લગભગ રોજિંદા મિલનના ઘનિષ્ઠ સંબંધથી એમનાં શરૂનાં સર્વ સર્જનો (પત્રરૂપ લેખો, નાટિકાઓ, અને 'તણખા' મંડળ પહેલાની ટૂંકી વાર્તાઓ) મઠારવા-સુધારવાના સર્વાધિકાર ભોગવવા જેટલો એમનો જે મોંઘો વિશ્વાસ ભોગવ્યો છે એ સદ્ભાગ્યને, અને આ નીચે તારવેલા એમના ગુણરાશિને સ્મરીને આજે તો મૂક માનસ અંજલિ જ આપવાની રહી છે.

જેમના નિકટના પરિચયમાં હોઈએ એમનો તટસ્થ ભાવે—અને આવા દુઃખકર પ્રસંગે સ્વસ્થભાવે પરિચય આપવો મુશ્કેલ હોય છે; એટલે એમણે લખેલી આત્મકથામાંથી તારવેલી એમની જીવનકથાનો પૂર્વરંગ એમનાજ શબ્દોમાં આપવો ઉચિત માન્યો છે.



આ પત્રના તંત્રીના હસ્તલિખિત 'ધ્વનિ' માટે શ્રી રવિશંકર રાવળે સીધો શાહીથી કરેલો આ હૂબહૂ સ્કેચ એ કલાકારની શ્રેષ્ઠ કૃતિઓ પૈકી એક છે.

સ્વ. ધૂમકેતુ • • • ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી

"'ધૂમકેતુ'ના જવા સાથે અક્ષર જગતના એક મહાજ્યોતિનો અસ્ત થયો છે. આકાશમાં તારા તો ઘણા છે, પરંતુ ધૂમકેતુઓ જવલ્લે જ દેખાય છે. તેમ સાહિત્યના આકાશમાં પણ ગૌરીશંકર જેવા ધૂમકેતુ દુર્લભ હોય છે. 'ધૂમકેતુ' અને 'તણખા' એ બંને વસ્તુ પ્રકૃતિએ અસ્થાયી છે. આકાશમાં અણધાર્યું જ દર્શન આપી, પોતાની દ્યુતિથી થોડો સમય આંજી નાખી, તથા પોતાની હાજરીથી ભયશંકા જગાડી એટલી જ ત્વરાથી ધૂમકેતુ અદૃશ્ય થઈ જાય છે; પણ એથી ઊલટું ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ'એ એ નામ ધારણ કરીને તથા 'તણખા'નાં ચાર મંડળોમાં કોડીબંધ વાર્તાઓ આપીને બતાવી આપ્યું કે ધૂમકેતુ ભય પામવા જેવા નહિ પણ મુગ્ધ થવા યોગ્ય છે અને તણખાની દ્યુતિ દીર્ઘકાલીન અસ્તિત્વથી પ્રકાશી પણ શકે છે.

ગુજરાતની ટૂંકી વાર્તાના આરંભકાળના એ ઉમદા શિલ્પીએ પોતાના સર્જનનો આરંભ કવિતાથી—કાચી ગઝલો અને લાવણીઓથી કરેલો, અને 'ઉદ્ગાર' નામના માસિકમાં છપાએલો એમનો પહેલો લેખ 'શુદ્ધ મનોબળ' નામે નિબંધ હતો.

એમણે સંખ્યાબંધ (વીસેક સંગ્રહોમાં આશરે ત્રણસો), ટૂંકી વાર્તાઓ, નવલકથાઓ, સંવાદો, નાટકો, રેખાચિત્રો, જીવનચરિત્રો, ચિંતનગ્રંથો, પ્રવાસવર્ણનો, નર્મ મર્મ કરતા કટાક્ષલેખો, ઐતિહાસિક પાત્રો પરના નિબંધો, નવશિક્ષિતો તથા બાળકો માટેની ઉપદેશકથાઓ, જ્ઞાનવાર્તાઓ, વિચારખંડો અને તેજકણ જેવાં ચબરાકિયાં —એમ વિશાળ પટ પર બહોળા વૈવિધ્યનો મબલખ ફાળો (લગભગ દોઢસો જેટલાં પુસ્તકો અને પુસ્તિકાઓ) આપીને સાતત્ય અને



એમની
લાક્ષણિકતા
પ્રકટ કરતી
એમની ઉત્તમ
છબિઓમાંની
એક: ઈ. ૧૯૫૮માં
શ્રી રવિશંકર
રાવળે પાડેલી

નિષ્ઠાભરી અક્ષરોપાસના વડે ગુજરાતી સાહિત્યને સત્ત્વસમૃદ્ધ કર્યું.

સાહિત્ય વિષેની પોતાની વિભાવના નિરૂપતાં એમણે લખ્યું છે કે 'સાહિત્ય જીવનને ઘડવા માટે, બીજાનું જીવન સમજવા માટે, માનવ-માનવ વચ્ચેના સંબંધોના સાચા અર્થ શોધવા માટે, સૃષ્ટિના અંતરંગમાં રહેલી શક્તિ અનુભવવા માટે, મૂલ્યપરિવર્તન માટે, ધર્મયુગ સ્થાપવા માટે નવસર્જન માટે, પ્રગતિ માટે અને એક કલ્યાણકારી પ્રેમ-સૃષ્ટિના વિશ્વવ્યાપી આવિર્ભાવ માટે છે.' એમનું જીવનલક્ષ્ય ઉચ્ચ માનવતાની પ્રતિષ્ઠાનું હતું. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ યથાર્થ કહ્યું છે: 'ઉચ્ચ માનવતા, જે બીજી બધી સમૃદ્ધિઓ કરતાં ઉચ્ચતર સંપત્તિ છે તે સચેતતાથી હૃદયમાં—અવકાશમાં પ્રકાશ પેઠે અને ભૂમિમાં વરસાદની ઝરમર પેઠે—ઉતારવામાં 'ધૂમકેતુ'ની કલાસિદ્ધિ છે.'

એમના વ્યક્તિત્વના ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપનાર ત્રણ તત્ત્વો હતાં: ૧) બાળપણમાં અભ્યાસ પ્રત્યેની અરુચિને કારણે ગામની રમણીય સીમ, નાની ડુંગરધારા, પાણાના ધૂના અને નદીઓના વાકળાની રખડપાટે પ્રેરેલો પ્રકૃતિસૌંદર્યનો પ્રેમ, જે મોટી ઉંમરે નીલગિરિ મસૂરી દાર્જીલિંગ અને સીમલાનાં ગિરિધામોના પ્રવાસથી પોષાયો ને પુષ્ટ બન્યો, અને જેની વિવિધ આકર્ષક છટાઓ એમના સાહિત્ય-સર્જનમાં ઊતરી છે. ૨) બીજું તત્ત્વ તે વાસ્તવ જીવનના કપરા અનુભવો. માસિક છન્નુ કાવડિયાં (દોઢ રૂપિયા)ના પગારે 'પ્યૂપિલ ટીચર' તરીકે શરૂઆત કરીને પછી ત્રણ, ચાર ને સાત રૂપિયાના શિક્ષક તરીકે કામ કરતાં કરતાં કિશોર ગૌરીશંકર મૅટ્રિક પાસ સુધી પહોંચેલા અને એવી જ પરિસ્થિતિમાં કૉલેજમાં અભ્યાસ કરતાં કરતાં સાહિત્યનો રસ પોષેલો. ૩) એમના વ્યક્તિત્વને સમુચિત, સત્ત્વશીલ ને ઉઠાવદાર ઘાટ આપનાર ત્રીજું મહત્ત્વનું તત્ત્વ તે સૌરાષ્ટ્રમાં બીલાખામાં આવેલા મહારાજ શ્રી મન્નથુરામ શર્માના આનંદાશ્રમના ધાર્મિક વાતાવરણમાં અભ્યાસ વધારતા, વૈરાગ્ય તરફ ઢળતા અને ભક્તિરસમાં ભીંજાતા એમના યુવાન માનસને ત્યાંની સાત્ત્વિક પ્રભાએ જે ઓજસ્વી બનાવ્યું તથા લેખનનો નાદ લગાડ્યો તે."


એમના અસ્ત સાથે ગુજરાતી નવલિકાનો એક સિદ્ધિવન્ત યુગ આથમી ગયો. એમના ઉદય પૂર્વે રણજિતરામ વાવાભાઈથી શરૂ કરીને ગણપતિરામ ઉ. ભટ્ટના 'વાર્તાવારિધિ', હરિલાલ હ. ધ્રુવના 'ચન્દ્ર', બંધુસમાજના 'સુંદરી સુબોધ' આદિ માસિકોમાં રામમોહનરાય દેસાઈ, ભોગીન્દ્રરાવ દિવેટિયા, શિવભાઈ બાપુભાઈ, કંચનલાલ વાસુદેવ મહેતા (મલયાનિલ), કનૈયાલાલ મુનશી, બલવન્તરાય ઠાકોર, બટુભાઈ ઉમરવાડિયા વગેરેની કલમે ટૂંકી વાર્તા જન્માવી અને વિકસાવી હતી ખરી; હાજીમહમ્મદના 'વીસમી સદી' અને મટુભાઈ કાંટાવાળાના 'સાહિત્ય' માસિકોમાં રસભરી વાર્તાઓ પ્રકટ પણ થતી હતી; પરંતુ વાચકો જે મુગ્ધ ભાવે વાંચ્યા કરે ને વિવેચકો જેની દ્યુતિનું રસ-દર્શન કરાવતા રહે એવી ટૂંકી વાર્તાના મનોરમ કલાદેહને કંડારનાર આદ્ય શિલ્પી તો 'ધૂમકેતુ' જ હતા. લગભગ એ જ કાળમાં તર્કશુદ્ધ અને માનવચિત્તના સંકુલ વ્યાપારોનું નિરૂપણ કરતી આકર્ષક વૈવિધ્ય ધરાવતી નવા આકારની વાર્તાઓ આપનાર રામનારાયણ વિ. પાઠક ('દ્વિરેફ')થી માંડી હમણાંના સુરેશ જોષી સુધીના લેખકોએ ગુજરાતની ટૂંકી વાર્તાના ઘાટ અને ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે; પણ

જીવનપંથ

શ્રી 'ધૂમકેતુ'—ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી—ના વડવા મૂળ બગસરા (સૌરાષ્ટ્ર) પાસેના ગાયકવાડી રાજ્યના કમી-કેરાળા નામે ગામડામાં વસતા બાજ ખેડાવાળ જ્ઞાતિના ભાભા કુટુંબના. મેઘાણીની આદિ ભોમકા બગસરા અને 'ધૂમકેતુ'ની આદિ ભોમકા કમી-કેરાળા વચ્ચે ત્રણચાર ગાઉનું છેટું. બંને એક જ ગિરકાંઠાની ધરતી પર. ભાભા કુટુંબ કેરાળા ગામના પટેલનું ગોરપદું કરતું. તેનું માન એટલું કે ભાભા કુટુંબનો બે મહિનાનો ઘોડિયામાં હીંચકતો છોકરો પણ 'ભાભો' કહેવાતો, ને એંશી વરસની કણબી ડોશી ત્યાંથી નીકળે તો પણ તેની લાજમરજાદ કરતી. એ કુટુંબના બે વડીલો જીવરામ બાપા ('ધૂમકેતુ'ના દાદા)ને રતનજી બાપા કેરાળા છોડીને ગોંડલ પાસે વીરપુરમાં આવીને વસેલા. દાદાના બ્રાહ્મણત્વના ખમીરવાળા સ્વભાવની, અને વીરપુરમાં ઠાકોરે એમને ગામ વચ્ચે વસવા જમીન આપવા માંડેલી છતાં તે ન લેતાં ગામબહાર જ ઘર કેમ બાંધ્યાં તેની, પોતાની સાંભરણની વાત પણ 'ધૂમકેતુ'એ પોતાની આત્મકથાના પહેલા ભાગ 'જીવનપંથ'માં નોંધી છે.

એમના સમયનું વીરપુર જૂનવટની જ્યોત જાગ્રત રાખનાર રાજકુટુંબ વડે શૌર્યના મથક સમું હતું. આર્ય સમાજનું પણ એ કેન્દ્ર હતું. આવા ગામમાં, બ્રાહ્મણ ધર્મની પ્રાચીન પરંપરાને ટકાવી રાખનાર સનાતની જોશી કુટુંબમાં, ગોવર્ધનરામ જીવરામ જોશીને ત્યાં ઈ. ૧૮૯૨ની ૧૨મી ડિસેમ્બરે-સંવત ૧૯૪૯ના માગશર વદિ ૯ ને સોમવારે એમનો જન્મ થયો. તે પછીની હકીકત એમની આત્મકથામાંથી એમના જ શબ્દોમાં સાંભળીએ:

"એ વખતની મારા પિતાએ રાખેલી નોંધમાંથી માલૂમ પડે છે કે શરૂઆતમાં મારું નામ 'ભીમદેવ' હતું. આ સમયનું મારું જૂનામાં જૂનું સ્મરણ ગુજરાતી ત્રીજી-ચોથી ચોપડીનું છે. હાથમાં દફતર લઈ ને નિશાળે જવા નીકળું ત્યારે એ લાંબી શેરીના નાકા સુધી કૂતરાં સાથે વળાવવા આવતાં. જીવરામ દાદાએ તો માત્ર યજમાન સાચવવા માટે વીરપુર વસાવેલું, પણ મારા પિતાને એ વૃત્તિમાં આવી રહેલા ફેરફારના પડઘા સંભળાતા હતા, એટલે એમણે તો પોતાની પાસેની ચારસો-સાડાચારસોની નાનીસરખી મૂડીમાં ઘરેણાં ઉપર પૈસા ધીરવાનો ધંધો ગામમાં શરૂ કર્યો હતો. આ ધંધાને લીધે, ગામમાં એમની શાખ શાહુકાર તરીકેની થઈ. એનું એક પરિણામ એ આવ્યું કે, આ તદ્દન છેવાડા ઘરને જાળવવા માટે નાનીમોટી કૂતરાંની એક સેના જ



'કુમાર'ના ૧૦૦મા અંકમાં પ્રકટ થએલો શ્રેષ્ઠ ફોટોગ્રાફ

આપણી વાર્તાકલાના વિકાસમાં કોઈ એક જ વ્યક્તિના અર્પણની વાત કરવી હોય તો 'ધૂમકેતુ'નું જ નામ લઈ શકાય. શ્રી ચૂનીલાલ મડિયા કહે છે કે "આજે આપણે ટૂંકી વાર્તાનું જે કાઠું જોઇએ છીએ એની પ્રથમ બાંધણી કરવાનો જશ 'ધૂમકેતુ'ને ફાળે જાય છે. એમની પાસે બહોળું ને બહુવિધ ભાથું હતું, દર્શનમાં રૂપાંતરિત થએલું ઝીણવટભર્યું નિરીક્ષણ હતું, અને સાથે વાર્તાકસબનો સુયોગ હતો. એની સાથે એમને સહજ બનેલી, તળપદી તેમજ શિષ્ટ બોલીના સુભગ મિશ્રણવાળી વિશિષ્ટ ગદ્યશૈલી એમને સાંપડી હતી. અલબત્ત એ ખરું કે એમની આરંભની કેટલીક નવલિકાઓમાં કલાનો જે પ્રકાશ જોવા મળે છે તે ધીમેધીમે ઝાંખો પડતો ગયો છે અને છેવટનાં વર્ષોમાં તો એમની વાર્તાકલા થાક ખાતી હોય એમ લાગતું હતું." પોતાના તંત્રીલેખમાં 'પ્રભાતે' નોંધ્યું છે તેમ "એમની નવલિકાઓમાં દઝાડવાની અને ઉલ્લાસ તથા વ્યથા ઉત્પન્ન કરવાની વિરલ તાકાત હતી." અને 'પ્રશાંત'ની અંજલિમાં કહ્યું છે તેમ "એમનાં આદર્શઘેલાં ધૂની પાત્રોએ, સનાતન સત્યો પ્રત્યેના પક્ષપાતે અને એમની વિશિષ્ટ જીવનગંભીર દૃષ્ટિએ ગુજરાતના યુવાનવર્ગને તો ઘેલું લગાડયું હતું."

એમની ટૂંકી વાર્તાઓનો પરિચય શ્રી કૃ. દી. એ બહુ સરસ ને સુગ્રથિત રીતે આપ્યો છે: "'ધૂમકેતુ'ની વાર્તાઓ એમના જીવનની ભોંયમાંથી પ્રકટી, અને જીવનદર્શનના તેજથી ઝળહળી રહી. આદર્શવાદ અને વાસ્તવિકતાનો સમન્વય સાધતી ભાવનાની સૌરભથી મહેકતી (ઊર્મિભીની), અને ઘણીવાર ઊર્મિલતામાં સરી પડતી, વિષય સ્થળ અને કાળનું વૈવિધ્ય દાખવતી, વાસ્તવિક ઘટનાઓથી ગુંથાએલી, વિપુલ શબ્દભંડોળ અને સૌરાષ્ટ્રી શૈલીથી હલક આણતી ભભક છાંટતી અને ચોટ મારતી, સૌંદર્ય અને સરલતા પ્રત્યે પક્ષપાત દાખવતી, નગરજીવનની જટિલતા ને અનિષ્ટતાઓ પ્રત્યે પૂર્વગ્રહ વ્યક્ત કરતી, સમાજે ઉપેક્ષેલાં નીચલા સ્તરનાં માનવીઓના ઉરધબકાર ઝીલતી અને તેમનામાં રહેલાં માનવતા નેકી ટેક તથા સચ્ચાઇને પ્રકાશિત કરી તેમના પ્રત્યે હમદર્દી જગાવતી, ગૂઢરીતે કાર્ય કરી રહેલાં વિચારબળો અને સામાજિક બળોનું દર્શન કરાવતી, શિકારી સાંધાવાળા કાછિયા મોચી ભિસ્તી કઠિયારા જેવાં નીચલા થરનાં માનવીઓથી માંડીને રાજા બિંબિસાર અને આમ્રપાલી જેવાં વૈભવી જીવન જીવતાં માનવીઓને પાત્રરૂપે રજૂ કરતી પ્રસંગપ્રધાન વાર્તાઓ સતત સર્જતા રહીને 'ધૂમકેતુ'એ ગુજરાતની વાર્તારસપિપાસાને સંતોષી, એટલું જ નહિ પણ ટૂંકી વાર્તા એ કેટલું બળવાન અને કેટલું બધું અનુનેય કલામાધ્યમ છે તે દર્શાવી આપ્યું. ગ્રામજીવન અને નગરજીવન વચ્ચેનો વિસંવાદ, ભગ્ન જીવનની વિષમતા, મધ્યમ વર્ગની આર્થિક સ્થિતિ, બાલ માનસના વિકાસની ઉપેક્ષા, મધ્યયુગીન રાજપૂત શૌર્ય અને ટેક, તથા સ્વાતંત્ર્ય સૌંદર્ય સંસ્કૃતિ ધર્મ એમ અનેક વિષયોને અનુલક્ષતી તથા પાત્રરચનાની બાબતમાં નવી કેડી નિર્માણ કરતી રંગદર્શી શૈલીની વાર્તાઓ

અમારે આંગણે પડીપાથરી રાખવી પડતી.

ગણિત સાથે ત્યારથી જ બિયાંબારું. ગુજરાતી નિશાળમાં નીચલા ધોરણમાં તો છેલ્લો જે વિષય હોય તેમાં તમારો જ્યાં નંબર હોય તે નંબર હાજરીપત્રકમાં નોંધાય, અને આખા મહિનાના એ નંબરના સરવાળા પ્રમાણે બીજા મહિનાનું 'કૅટલૉગ' તૈયાર થાય. એ 'કૅટલૉગ' છેલ્લી તારીખે સાંજે ગણાતું હોય ત્યારે આતુરતાથી છોકરાઓ પોતાના નવા અનુક્રમની રાહ જોતા હોય; પણ આપણા રામને તો ખાતરી જ હોય કે ત્રીસ છોકરાના વર્ગમાં, આપણો અઠ્ઠાવીસની ઉપર નહિ હોય, ને ત્રીસની નીચે તો નહિ જ હોય! એટલે છોકરાઓ તો છેલ્લી તારીખે સાંજના સાતઆઠ વાગ્યાસુધી રોકાઇને, માસ્તરને સરવાળા ગણવામાં મદદ કરીને પણ, પોતાનો નવો અનુક્રમ મેળવવા તલપાપડ રહેતા, ત્યારે એક હું સ્થિતપ્રજ્ઞ રહેતો!

પણ એક વખત સ્થિતપ્રજ્ઞની આ દશા અચાનક જ ફરી ગઈ. છેલ્લો વિષય અત્યાર સુધી આંકનો રહેતો એને બદલે નવા આવેલા એક માસ્તરે ઇતિહાસનો રાખ્યો અને એક નવી પ્રથા પણ દાખલ કરી: છોકરાઓ અંદરઅંદર સવાલો પૂછે એવી. એમાં જે જવાબ ન આપી શકે એનો નંબર, સવાલ પૂછનારો એ જવાબ આપીને લઈ જાય. છેલ્લા નંબરે સવાલ પૂછ્યો હોય અને પહેલો નંબર એનો જવાબ ન આપી શકે, તો એ છેલ્લો જઇને બેસે, ને છેલ્લો નંબર પહેલો આવી જાય! આ નવીન પ્રથાએ કેટલાકને અકળામણમાં મૂક્યા, કેટલાકને એમાં રમૂજ પડી, પણ મારા જેવા થોડાકને એમાંથી નવીન દિશા જડી. મેં તો ઘેર જઈ ને ખાંખાંખોળાં શરૂ કર્યાં. ઘરમાં જે જે પુસ્તકો હતાં તે ફેંદ્યાં. એમાં એક પુસ્તક મળ્યું અને એણે નવું જ માર્ગદર્શન આપ્યું. એ પુસ્તક હતું ખુડખુડિયા અને બારોટ કૃત ગુજરાતના ઈતિહાસનું. રાજકોટ ટ્રેનિંગ કૉલેજના ડ્રૉઇંગ માસ્તર ઉસ્માન બચલ ખુડખુડિયાએ ને બારોટે આ ઇતિહાસમાં ઠાંસી ઠાંસીને હકીકતો ભરી હતી. તમામ છોકરાઓ પાસે જે ચાલતો હતો તે જ ગુજરાતનો ઇતિહાસ હતો ને એમાંથી કડકડાટ બોલી જતા. આ ઇતિહાસની કોઇને ખબર ન હતી. મેં એ ઇતિહાસ ઘેર વાંચવા માંડયો.

નિયમ પ્રમાણે આપણા રામનો તો છેલ્લો નંબર હતો, પણ જ્યારે મારો વારો આવ્યો કે તરત મેં નંબર પહેલાને જ પ્રશ્ન પૂછ્યો: 'ભીમ બાણાવળીની રાણીઓનાં નામ આપો.'

'રાણી ઉદયમતી.' પહેલા નંબરે ઉત્તર દીધો.

'ખોટું; ઉદયમતી ને બકુલાદેવી!' મેં કહ્યું. પણ ચાલુ ઇતિહાસમાં બકુલાદેવીનું નામ મળે નહિ એટલે તકરાર શરૂ થઈ. પણ એક છોકરો



'તણખા'થી વિખ્યાત થયા ત્યારે; ૧૯૨૮ (પાઘડીમાં)
નીચે : ઘડતરકાળે કૉલેજમાં હતા ત્યારે (ખુલ્લે માથે)

આપનાર, ધૂની છતાં સંયમી, ઊર્મિલ તેમજ ચિંતનશીલ, મસ્ત તેમજ સ્વસ્થ 'ધૂમકેતુ'એ વિપુલ સાહિત્ય સર્જી ગુજરાતી સાહિત્યને ખરેખરા અર્થમાં સમૃદ્ધ બનાવ્યું છે.'' એમની વાર્તાઓનાં તેજ ગુજરાત બહાર ભારતમાં તેમજ બહાર પણ ફેલાયાં છે. એમની સાત ચુનંદી વાર્તાઓ 'સપ્તપર્ણ' નામે હિંદીમાં બહાર પડી છે. દેશવિદેશની શ્રેષ્ઠ ચૂંટેલી ૧૦ વાર્તાઓના અંગ્રેજી સંગ્રહ 'ટેન ટેઈલ્સ'માં એમની 'પોસ્ટ ઑફિસ' નામક વાર્તા 'ધ લેટર' નામથી અગ્ર સ્થાન પામી છે.

શ્રી ચૂનીલાલ મડિયાએ એમના સાહિત્યસર્જનનું બહુ સમતોલ ને સમુચિત અવલોકન કર્યું છે : ''છેક ઉત્તરાવસ્થામાં 'ધૂમકેતુ'એ એમર્સનની એક ઉક્તિ ટાંકેલી : 'એમની વિરલ ક્ષણોમાં વિરલ કૃતિઓ સર્જાઇ.' કોઇ પણ સર્જકના ભાગ્યમાં આવી વિરલ ક્ષણો ઝાઝી ન હોય. 'ધૂમકેતુ'એ આવી વિરલ ક્ષણો ઠીક સંખ્યામાં અનુભવી છે : 'તણખા' સંગ્રહોમાંની કેટલીક નમણી વાર્તાઓ, 'અજિતા' અને 'પરાજય' જેવી સામાજિક નવલકથાઓ, 'ચૌલાદેવી' કક્ષાની ઐતિહાસિક કથાઓ, કેટલાંક ચિંતનાત્મક લખાણો, 'અ-કવિ' ઉપનામથી લખેલાં 'પાનગોષ્ઠિ'માંના થોડાક લલિત નિબંધો, એ આવી વિરલ ક્ષણોનો ફાલ ગણાશે ને ગુજરાત તેને હોંશેહોંશે વાંચતું રહેશે, અને ત્યાં સુધી ગુર્જર સાહિત્યાકાશમાં 'ધૂમકેતુ' અનસ્ત જ રહેશે.

એમની આવી સમૃદ્ધ સર્જકતાની પાતાળ-સરવાણીઓનાં મૂળ એમના આદ્ય વતન કેરાળાના વેકરાઓમાં, જ્યાં બાળપણ ગાળ્યું એ વીરપુરની ભેલાડિયાની પાટ કે હેમાદ્રાના ધૂનામાં, અથવા તો વેરાન અને વસતિ એ બેના સંધિસ્થળ જેવી શાંત અને સોહામણી સીમનાં પીધેલાં સૌંદર્યમાં હોય. એ સર્જકનું અભાનપણે પડતર કરનાર એકલપંથી ને આગ્રહી સ્વભાવવાળા સ્વાવલંબી પિતા હોય, 'શાન્ત તેજ' વડે સોહતાં વત્સલ ને વિચક્ષણ માતૃતુલ્ય મોંઘી ભાભી હોય, કે રાત પડ્યે રેંટિયા પર 'રૂપિયાના બાવીસ શેર'ને ભાવે સૂતર કાંતતાં વાર્તા સંભળાવતાં ગંગામા હોય. એમની ઘણી યે વાર્તાઓનાં સ્થળ અને પાત્રોનાં પગેરાં આ શૈશવની દુનિયામાંથી પકડી શકાય એમ છે. એ વયે એમણે લોકજીવનનો જે અસંપ્રજ્ઞાતપણે પણ અધ્યાસ કર્યો એણે જતે દિવસે સક્રિય લેખનપ્રવૃત્તિમાં જવાબ આપ્યો જણાય છે. એમના બાળપણમાં ભૂતાવળની દુનિયા રજૂ કરતો લંગડો રજપૂત, એની વાતોમાં તાલ પુરાવતી ખાંટ વિધવા સોમલ, તોતી ડોશી, બકાલી નરસી લુવાણો, સુમરા, પિંજારા, કોળી, રાવળિયા, મીર, કારડિયા રજપૂત, ભરવાડ આદિની એ સૃષ્ટિ 'ધૂમકેતુ'નો પિંડ બાંધવામાં સહાયરૂપ થઈ હશે.

ભવિષ્યની પેઢીઓ 'ધૂમકેતુ'નું મૂલ્યાંકન એક અગ્રયાયી તરીકે કરશે. નવલિકા ક્ષેત્રે એમણે જે નવીન ઉન્મેષ દાખવ્યો, સાહિત્ય સ્વરૂપને જે નવીન પરિમાણ આપ્યું, તળપદી લઢણો સાથે કવિત્વની છાંટવાળા ગદ્યનું જે કાઠું એમણે ઘડ્યું એ પ્રદાન બદલ તે યાદ રહેશે. એમની વાર્તાઓમાં સ્વપ્નિલ ને વાસ્તવિક બંને સૃષ્ટિઓ સમાંતર અસ્તિત્વ ધરાવતી. એમનાં એકલવિહારી, ધૂની, આદર્શઘેલાં, અતિ ઊર્મિલ



થોડુંઘણું બહારનું વાચન કરે છે એ જોઇને માસ્તરને આનંદ થયો : 'બકુલા –વાણિયણ– ભીમદેવની રાણી હતી, એ બરાબર છે. નંબર છેલ્લો, પહેલો આવે; પહેલો છેલ્લો જાય !'

એકદમ ત્રીસમે નંબરેથી મળેલા એ પહેલા નંબરે મને જે આનંદ આપ્યો તે અવર્ણનીય હતો. પણ ત્યાર પછી ઘેર જઈને તો ઇતિહાસનાં જેટલાં મળ્યાં એટલાં નાનાંમોટાં પુસ્તકો વાંચવા જ માંડયાં.

તા. ૧-૯-૦૮ પછીનો તારીખવાર ''સા. ન. (સારાં નઠારાં) કૃત્યનો સવિસ્તાર જિંદગીનો હેવાલ'' એક મારી પાસે સચવાએલો પડ્યો છે. તેમાં લખ્યા પ્રમાણે એક ખોજા માસ્તર પોપટભાઈએ 'વિદ્વાનજી' ઉપનામથી મને સંબોધવાનું શરૂ કરેલું. એનું કારણ આ ઇતિહાસનું જ્ઞાન જણાય છે.

પરંતુ આ તો એક જ વિષયની વાત થઈ. લેખાં હોય, ભયંકર એવું લાલશંકરનું નાનું ગણિત હોય, એમાં કયાંય આપણો પત્તો લાગે નહિ. નિશાળ પ્રત્યેની આ અનભિરુચિએ બીજાં અનેક ક્ષેત્રોમાં મને રસ લેતો કરી મૂક્યો.

એવામાં મોટાભાઇ પરણ્યા. ભાભી આવ્યાં તે પિયરથી પાડી લાવ્યાં. ઘરમાં ત્રણચાર ઢોર થયાં. પાડોશમાંથી છોકરા ને છોકરીઓ ભેંશો ચારવા જતાં. એમાં હું પણ ભળી ગયો.''


એ વખતે વીરપુર આસપાસની પ્રકૃતિલીલાએ એમને કાયમનો રસ પાયો. એની સીમના ડુંગરાઓ, ટેકરીની ધારો, પથ્થરખાણો, પાણીની પાટો, હેમાદ્રા અને ભેલાડિયાના ધૂના, નદીનાળાં ને વૉંકળા, લીલીછમ ધરતી, ગામેગામને સાંધતા રસ્તાઓ, નદીકિનારે કે ડુંગરધારે નિરાંતે ચરતાં ઢોર અને તે ચારતા ગોપજન,–સચરાચરની આ સૃષ્ટિના સૌંદર્યદર્શને તેમની તૃષાતુર આંખને તૃપ્ત

પાત્રોની જેમ બળેલાંજળેલાં, પીલાએલાં, તવાએલાં, જીવનની ભઠ્ઠીમાં તપીને કાંચન જેવાં પરિશુદ્ધ થએલાં પાત્રો પણ એમની લેખન-સૃષ્ટિમાં હતાં. એ યુગમાં બંગાળી અને કદાચ અંશતઃ ઉર્દૂને બાદ કરતાં અન્ય ભારતીય ભાષાઓમાં પણ આવું કલાત્મક ખેડાણ થવાનું હજી બાકી હતું. તેથી જ એ આરંભિક વાર્તાઓએ ગુજરાતને ગજબની મોહિની લગાડેલી; અને તેથી જ આજે એક વસવસો વ્યક્ત કરવાનો રહે છે: 'ધૂમકેતુ'એ આ મોહિની ઉત્તરોત્તર વધતી જ જાય એવી રચનાઓ આપી હોત તો? લેખનપ્રવૃત્તિની પહેલી પચ્ચીસી જેમ બીજી પચ્ચીસીમાં પણ ઈયત્તાને બદલે ગુણવત્તા પર નજર નોંધી રાખી હોત તો? અતિલેખનને બદલે અનિવાર્ય લેખન જ કર્યું હોત તો? તો આજે ગુજરાતી વાર્તાકથાસાહિત્ય 'અધિક સરસ રંગ' વડે શોભી ઊઠયું હોત."

'ધૂમકેતુ'નાં જીવન ને સાહિત્યને સુપેરે સમજવા માટે પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના આ શબ્દો સહાયરૂપ નીવડે તેવા છે: "કલાનો અનન્યસાધારણ પ્રેમ, નીતિનાં સનાતન પાત્રો માટે ભક્તિભાવ, જીવનચિકિત્સા કરવામાં ફિલસૂફનું ગાંભીર્ય, માધુર્યનું ઉદ્બોધન કરતી સમર્થ વાણી, લોકહૃદયની સમજ, સૌંદર્યસર્જકતા, વિવેક, સંમાર્જન ને સૌષ્ઠવ, એ બધા આદર જગવતા ગુણો માટે શ્રી 'ધૂમકેતુ'ને અભિનન્દન ઘટે છે."

શ્રી રામપ્રસાદ શુક્લનો સમારોપ પણ એક દૃષ્ટિ આપે છે: "શ્રી 'ધૂમકેતુ'એ વિવિધ સ્વરૂપે આપણા સાહિત્યની સેવા કરી છે. રંગદર્શન, ઊર્મિતત્ત્વ, ભાવનાલક્ષિતા અને અદ્ભુત રસના મિશ્રણ વડે નવલિકાકલાને એમણે અજબ ઓપ આપી દીધો. વાર્તાશૈલીને અનુરૂપ સંસ્કારશોભન ગદ્યશૈલી ઘડવામાં પણ એમનો ફાળો ઘણો મોટો છે. એમના પ્રકૃતિચિત્રણમાં તાદૃશતા, વેધકતા અને ધરતીના આત્માની પકડ છે. પણ એ સર્વમાં શિરોમણિ સ્થાને વિરાજે એવો ગુણ એમની સાત્ત્વિકતા. 'પ્રભુએ બાંધી પાળ, રસસાગરની પુણ્યથી' એ સંયમસૂત્રને કવિ નાનાલાલ જેમ શ્રી 'ધૂમકેતુ'એ પણ પોતાની સર્જનપરંપરામાં સ્થિર કર્યું છે. એમની કલમનો વિજય એ લોકહૃદયની ભાવનાસંપત્તિનો વિજય છે."

'કલાની મંજૂષામાં ચિંતનના કણો મૂકવાની એમની આગવી હથોટી હતી. એમનાં કોડીબંધ પુસ્તકોમાં વેરાએલાં સૂક્તો અને સદ્વિચારનાં મોતી, જે કાળથી અબાધિત છે, તે તો આકાશના નાનામોટા તારાઓની જેમ ગુજરાતી ધરતી ઉપર અનેક વર્ષો સુધી શીળો



સિદ્ધ નવલિકાકાર તરીકે કીર્તિની ટોચે (ટોપીમાં)

અને સમ્માનપ્રેરક પ્રકાશ રેલાવ્યા કરશે.'

એમને અંજલિ આપતાં 'સંદેશ' નોંધે છે કે "ગુજરાતને પોતાના સાહિત્યકારોની કદર નથી એવી કડવી ફરિયાદ એમણે જાહેર મંચો ઉપરથી ઘણી વાર કરી હતી. પરંતુ ગુજરાતે એમની કદર તો વિપુલ પ્રમાણમાં કરી હતી એવો સંતોષ મેળવીને તેઓ વિદાય થયા હશે એમ માની શકાય. ગુજરાતી સાહિત્યમાં રસ લેનાર વર્ગ જ નહિ પણ સામાન્ય વાંચી-લખી શકતા ગુજરાતીને અને બે પેઢીના હજારો વિદ્યાર્થીઓને 'ધૂમકેતુ' નામ સાથે વિશિષ્ટ શૈલી અને વાર્તાકલા મૂર્તિમંત થતાં લાગતાં હોય તો શ્રી 'ધૂમકેતુ' હજી યે સાહિત્યાકાશમાં તરતા જ રહેશે."

કરી દીધી. 'જીવનપંથ' આગળ ચાલે છે:

"મોંઘી ભાભીમાં ગજબનું વાત્સલ્ય હતું, લગભગ રાજવંશી કહેવાય એવું રૂપ હતું. એની કાયા મજબૂત કસાએલી અને શ્રમને સહન કરનારી હતી. મોટી નિર્મળ પ્રેમભરી આંખો, સીધું ઘાટીલું અણીશુદ્ધ નાક, ચંપકવર્ણી દેહ; હૈયાઉકલત તો એવી કે થોડા જ સમયમાં એણે ઘરનાં સઘળાંને પોતાનાં બનાવી દીધાં અને પોતે ઘરનાં બની ગયાં.

પણ મોટા ભાઈ રામજીભાઈ હજી નાના હતા. તે અને કાકાના દીકરા રેવાશંકરભાઇ બન્ને સરખી ઉમરના. એમણે અંદર અંદર સંતલસ ગોઠવી કે આપણે વડોદરા ભાગી જવું, ત્યાં કલાભવનમાં દાખલ થવું અને પાછા જ ન ફરવું. આ વાતની જ્યારે ભાભીને ખબર પડી ત્યારે એમના મનમાં શું થયું એ વાતની તો કાંઇ જાણ મળે તેમ નથી, પણ એક દિવસ એમણે અચાનક જ મને કહ્યું: 'તમે મને ભણાવો. મારે તમારી પેઠે વાંચતાં શીખવું છે.' ઝાંખા દીવામાં ભાભીનું રૂપાળું મોં શોભી રહ્યું હતું. એમની આંખમાં આંસું હતાં. મેં તરત જ સંકલ્પ કરી લીધો; ને ભાભીને ભણાવવાનું મારે માથે એટલે આવી મોટી શિષ્યાના ગુરુ લેખે પણ મને વિદ્યાનો રંગ લાગવા માંડયો.

એ વખતે મારામાં વાચનબળ ઠીકઠીક ખીલ્યું હતું. મારા પિતાએ જામનગરથી ત્રણ ચોપડીઓ મંગાવી હતી: મણિશંકર ગોવિંદજીનું 'રામ અને રાવણ' તથા 'પાંડવ ને કૌરવ', અને વિશ્વનાથ ગોવિંદજીનું 'વ્યવહારદર્પણ'. બપોરે જમ્યા પછી આ 'વ્યવહારદર્પણ' વાંચવાનું મારા પર આવ્યું. હું વાંચું, માતાપિતા ભાભી બેઠાં સાંભળે. એ પરિસ્થિતિમાં રહેલા ગૌરવે મને વધુ ને વધુ વાંચવા માટે પ્રેર્યો, ભાવવાહી વાચન કરવાની ઉત્તેજના મળી.

રોજ સાંજે એક લંગડા રજપૂત પડોશીને ત્યાં છોકરાંની સભા મળતી. તેની પાસે ભૂતની, પ્રેતની, ખવીસની, ડાકણની કોઈ પાર વિનાની વાતો હતી. તે અમે સાંભળીએ.

એક વખત અમારે એક કાગળ લખવાનો હતો. પિતા લખાવે ને હું લખું. નાનકડા પોસ્ટકાર્ડમાં એક વસ્તુ લખવાની એ હતી કે 'તમને વાત પસંદ ન પડે તો તમે ફરી શકો છો.' એ વસ્તુ મેં મનહર છંદમાં લખી:

'પસંદ ન પડે તો ફેરબદલીનો હક્ક છે.'

સૌ એ મનહર છંદ સાંભળી રહ્યાં. પછી તો પિતા એવા મનહર છંદ બનાવવા માટે ઉત્તેજન આપી રહ્યા. એમણે અનેક સુવાકયો ભેગાં કર્યાં હતાં. નવરા બેઠા હોય ત્યારે પોતાના વિચારો લખ્યા જ કરતા. એમાંનાં કેટલાંક સૂત્રો તો આજે પણ તાજાં ને સમર્થ લાગે છે.



'કુમાર'ના પ્રારંભકાળનું પચ : ડાબી બાજુથી–રવિશંકર પંડિત (ચિત્રકાર), બચુભાઈ રાવત, દેશળજી પરમાર, ધૂમકેતુ, પાછળ રવિશંકર રાવળ (આદ્યતંત્રી)

એમણે એક એવી નોંધપોથી રાખેલી કે જેમાં જેઠ, અષાઢ, શ્રાવણ, ભાદરવો વગેરે ચોમાસાના ચારે ચાર માસનાં પવન, તાપ, વાદળાં ને ઋતુરંગની માહિતી ટપકાવી હતી: લગભગ દસેક વર્ષના ચોમાસાની. વર્ષાઋતુનું જ્ઞાન મેળવવાની એમની મહત્ત્વાકાંક્ષા હતી. એમણે મને લેખનકાર્યમાં ઉત્તેજન આપ્યું.

આમ વાંચવાનું શરૂ કર્યું, ભાભીને ભણાવવા માંડયાં, લંગડાની વાતોમાં રસ લેવા માંડયો, કવિતા કરવા માંડી અને પડખે પડોશમાં એક કવિ રહેતા હતા–ગૌરીશંકર, એમને ત્યાં પણ હું બેસવા જવા માંડયો.

કવિ ગૌરીશંકરની ઓરડી હતી તો કાચી, ઝૂંપડી જેવી, ડગુમગુ ને નાનકડી; પણ એમણે ચારે દીવાલોને સુંદરમાં સુંદર વેદઋચાઓથી માંડીને વ્રજભાષાના સૂત્રાત્મક સુંદર દોહાઓ સુધીનાં સુવાક્યોથી શણગારી દીધી હતી. હું ત્યાં બેસવા જતો ત્યારે કવિરાજ કાંઈ ને કાંઈ કાવ્ય બનાવતા હોય. એમના એ વિદ્યારંગી વાતાવરણે ઠીક અસર કરી. કવિરાજે આર્યસમાજી સિદ્ધાંતપ્રમાણે કેટલાંક ઈશ્વરી સ્તવન રચ્યાં હતાં. દર સોમવારે જે આર્યસમાજની સભા થતી તેમાં એ ગવાતાં. ત્યાં હું જતો.

વીરપુર ઠાકોરના દરબારગઢની દોઢીએ બપોરે ચારે દર ઉનાળે રામાયણ-મહાભારતની કથા મંડાતી. આ કથાવાર્તા કહેનાર જોશી જીવરામ ઉપર કુદરત વરસી હતી. એ વાત શરૂ કરે, પછી માણસનો ભાર નહિ કે આંખનું મટકું પણ મારી શકે. એ મહાભારત-રામાયણની કથાવાર્તા ઉપરાંત ક્યારેક રાતે રાતે દરબારગઢમાં 'જેમંગળા હાથી'ની, 'શામળિયા સોડ'ની, 'જગદેવ પરમાર'ની, 'ભોજ પ્રબંધ'ની અને શામળ કવિની 'બત્રીસપૂતળીની' વાતો પણ માંડતા. એટલે બપોરના એકથી રાતના દસ સુધીનું મારું સમયપત્રક આમ ભરચક થઈ જતું!

છ મહિના પછી રામજીભાઈ વડોદરાથી ડ્રૉઇંગ ક્લાસની તાલીમ લઈ પાછા આવી ગયા ત્યારે ગોમટાના માસ્તર નવલરામે મારા પિતાને કહ્યું કે આને રાજકોટ ટ્રેઇનિંગ કૉલેજની પ્રવેશક પરીક્ષા અપાવો તો સારું. એ વેળા રાજકોટની હંટર મેઈલ ટ્રેઇનિંગ કૉલેજનો સિતારો ચડતો હતો. એનું મહત્ત્વ નાની સરખી મૅટ્રિકની પરીક્ષા જેવું બની ગયું હતું. અંગ્રેજી સિવાય વિષયો પણ મૅટ્રિક જેવા હતા.

રામજીભાઇને તૈયાર કરવા માટે નવલરામ માસ્તર અવારનવાર ગોમટેથી અમારે ત્યાં આવતા. એમનો આત્મા સાહિત્યકારનો હતો. ત્યારે 'ગુજરાતી' પત્ર ઇચ્છારામ ચલાવતા. માસ્તર એ અઠવાડિકના પ્રશંસક હતા. એણે વિજ્ઞાનની, ધર્મની, રાજકારણની, સંસ્કૃતિની એવીએવી નવીન વાતોની માંડણી કરી અમારે ત્યાં 'ગુજરાતી' દાખલ કરાવ્યું. આ 'ગુજરાતી'એ મને બહુ રસ લગાડયો. એ વખતે ગુજરાતી સાત નહિ પણ આઠ હતી–આઠમી ચોપડીમાં ઘણું કરીને નર્મગદ્ય ચાલતું.

સીઝર, સિકંદર, જયસિંહ સિદ્ધરાજ, વનરાજ, પૃથ્વીરાજ, શિવાજી, પ્રતાપ, હાનિબાલ, નેપોલિયન, એકીલીઝ, હેક્ટર, ઍલેક્ઝાંડર, બાજીરાવ, બાપા રાવળ, શાર્લમન, ફ્રેડરિક— નર્મગદ્યની ઈ. ૧૮૯૯ની છઠ્ઠી આવૃત્તિના પહેલા પૃષ્ઠથી માંડીને પાંચસો ત્રીસ પૃષ્ઠ સુધીના અનેક વખત થએલા વાચને આ ઇતિહાસપ્રસિદ્ધ વ્યક્તિઓને મારી શિશુકલ્પનામાં એક અનોખા પ્રકારનું સ્થાન તે વખતે અપાવ્યું હતું. વીરપુરના રેવાશંકર મહારાજ પાસેથી દોઢ રૂપિયામાં ખરીદેલું એ 'નમગદ્ય' આજ પણ મારી પાસે છે. આ નર્મગદ્ય અને એક ત્રણ આનામાં પ્રસિદ્ધ થએલું 'વૃદ્ધ ચાણક્ય' એ બે પુસ્તકોએ જીવન્ત રસ એ વયમાં પણ મને આપેલો. એ નર્મગદ્યનાં પૃષ્ઠો ફેરવતાં એમાંથી જર્મનીનો ફ્રેડરિક, ફ્રાન્સનો લૂઈ ૧૪મો-૧૫મો, મેવાડની મુખ્તેસર હકીકત અને ઍસીરિયા-બૅબિલોનની ઇતિહાસનોંધો ખાસ આકર્ષણથી વાંચેલી.

એવામાં વીરપુરની સ્કૂલમાં ત્રણ રૂપિયાના માસ્તરની એક નવી જગ્યા નીકળી. આ જગ્યાને માટે બે ઉમેદવાર હતા : એક છોટાલાલ રેવાશંકર અને બીજો હું. પ્રેમજી દલ્લુ હેડમાસ્તર હતા. એમનો વિચાર છોટાલાલને પાસ કરવાનો હતો, કેમ કે એમની પહેલાંના માસ્તર કરસનજી બાવાભાઈ સાથે રામજીભાઈને તકરાર થએલી તેથી પ્રેમજી દલ્લુ હું પાસ થાઉં એમ કોઈ રીતે ઇચ્છતા નહિ.

એ વખતે રામજીભાઈ રાજકોટથી 'સરસ્વતીચંદ્ર' ભાગ પહેલો લાવ્યા હતા. રાત ને દિવસ જોયા વિના હું એમાં લીન થઈ જતો.

એક તરફ એ સમયના આર્યસમાજી વક્તાઓ આર્યમુનિ, મણિશંકર શાસ્ત્રી, શંકરાનંદ ને આત્માનંદ જેવાનાં તેજસ્વી ભાષણો 'આર્ય સમાજ'માં વારંવાર થતાં ત્યાં હું, નવરો ધૂપ હોવાથી, આંટાફેરા મારતો; બીજી તરફ આમ જે હાથ પડયું તે વાંચવામાં મશગૂલ રહેતો.

ઈ.સ. ૧૯૦૬માં હું આઠમીમાં પાસ થયો. તે વખતે અંગ્રેજી સ્કૂલ ત્યાં ન હતી. જેતપુર કે ગોંડલ જવાય તો જ અંગ્રેજી શીખાય. મારા મનમાં અંગ્રેજી ભાષાની મોહક ચિનગારી પ્રગટી હતી. દરબાર સુરાજીના યુવરાજ હમીરસિંહજી રાજકોટ રાજકુમાર કૉલેજમાં અંગ્રેજી ભણીને આવ્યા હતા, એટલે વીરપુરમાં મેં મારી આ વયમાં જે વાતાવરણ પીધું, તેમાં આવી અનેક વસ્તુઓ આવી ગઈ હતી.

વીરપુરના વસવાટનો પહેલો અંત હવે

નજીક આવી રહ્યો હતો. પ્રેમજી દલ્લુએ જ્યારે મારી ભલામણ ન જ કરી ત્યારે એક બીજી દિશામાં પ્રયત્ન કર્યો. મોટી કુંકાવાવમાં મારી ફઇના દીકરા શંકરભાઈ રહેતા હતા. એ વખતે મોટી કુંકાવાવ જેને 'હાંડા જેવું ગામ' કહીએ એવું ગામ ગણાતું. શંકરભાઈના પ્રયત્નથી ચોથા આસિસ્ટંટ તરીકે, માસિક રૂપિયા ચારના પગારથી ત્યાં મારી નિમણૂક થઈ.


એ હુકમ જ્યારે વીરપુર આવ્યો ત્યારે આખા ઘરમાં આનંદ આનંદ વ્યાપી ગયો. પણ એ આનંદ ક્ષણજીવી નીવડયો. તરત અમને–માને અને દીકરાને–બન્નેને ભાન આવ્યું કે અમે છૂટાં પડતાં હતાં. કોને ખબર હતી કે અમારું આ છેલ્લું જ છૂટા પડવાનું હતું?

વીરપુરમાં વિ. સં. ૧૯૬૨ (ઇ.સ. ૧૯૦૬) માં ભયંકર પ્લેગ આવ્યો. તે વખતે હું કુંકાવાવ હતો. પણ અહીં વીરપુરમાં તો પ્લેગે સોથ વાળી નાખ્યો. એ વખતે મા ગયાં, ભાભી પણ ગયાં. માની પાછળ તરત ઘરની સમૃદ્ધિ ચાલી નીકળી: ગાય ગઈ, ભેંસ ગઈ, ઘર આંગણેથી છાશ ગઈ, રેંટિયો ગયો, રોટલો ગયો; ઘરશોભા ગઈ, જાતમહેનત ગઈ, પ્રતિષ્ઠા ગઈ. સૌથી વધુ તો એ કે પિતાજીની જીવનની રસવૃત્તિ જાણે ચાલી ગઈ!

મારા કુંકાવાવ ગયા પછી થોડા વખતમાં ત્યાંના હેડમાસ્તર તરીકે કહાનજી જીવા પરમાર–આપણા કવિ દેશળજીના પિતા આવ્યા. દેશળજીભાઈનું નામ ત્યારે પોપટભાઈ હતું. ઘણું કરીને એ રાજકોટમાં મૅટ્રિકમાં હતા. પોપટભાઈમાં કુમાશ ઘણી હતી. જ્યારે જુઓ ત્યારે હસતા હોય. અમારા જેવા માટે તો ગામડામાં એ વખતે એ મોટા માનનો વિષય હતો. મૅટ્રિકમાં ભણવું એ કાંઈ જેવીતેવી વાત ન ગણાતી. દેશળજીભાઇના પિતાને પણ પોપટભાઈની પ્રગતિ માટે ઘણી મોટી આશા હતી, ને પોતે પોપટભાઈ સાથે પિતાના જેવો નહિ પણ મિત્રના જેવો વર્તાવ રાખતા. પોપટભાઇ વૅકેશનમાં આવે ત્યારે અમને મજા પડતી.

અમારા ફઈના દીકરા શંકરભાઈ ત્યાં વેપાર કરતા. મને વેપારમાં રસ પડવા માંડયો. પણ કુંકાવાવમાં નિરાંત ન હતી, કારણ કે ઘેર તો ધમાલ હોય. દુકાને જઇએ ત્યાં જોખવાનું, હિસાબ માંડવાનું, ખાંડ તૈયાર કરવાનું કામ ચાલે. એટલે આ વર્ષોમાં મારી કલ્પનાનો મૂળ રંગ ઊડવા માંડયો.

ત્યાંપણ એક ફાયદો થયો. એણે મને થોડો ઘણો વ્યવહારુ બનાવ્યો. દેશળજીના પિતામાં એક મોટો ગુણ હતો. એ ન્યાયી બહુ જ હતા. શક્તિ જ્યાં જુએ ત્યાં એને પ્રોત્સાહિત



કુટુંબમંડળ: બેઠેલાં ડાબી બાજુથી – પત્ની શ્રી કાશીબહેન; પોતે, જયેષ્ઠ પુત્ર દક્ષિણકુમાર, માતાપિતાની વચ્ચે ઊભેલાં પુત્રી શ્રી ઉષાબહેન; પાછળ ઊભેલા વચલા પુત્ર શ્રી અશ્વિનીકુમાર અને નાના પુત્ર ઘનશ્યામ

કરે. મારામાં શક્તિ છે તે એ જાણી ગયા હતા ને આ સ્થાને હું ખોટી રીતે આવ્યો છું એ પણ જાણી ગયા હતા. એમણે મને આગળ વધવાની સલાહ આપેલી. પોપટભાઇને મૅટ્રિકમાં જોઇને મને તો કાંઇનું કાંઈ થાય. પણ કયાં કુંકાવાવ, કયાં રાજકોટ અને કયાં મૅટ્રિક ને કયાં એ ખરચો. ક્ષિતિજમાં સઘળો અંધકાર હતો. આમ હું કુંકાવાવમાં બહુ રહ્યો નહિ. રાજીનામું આપીને વીરપુર પાછો આવ્યો.

હવે પ્રેમજી દલ્લુ વીરપુરમાંથી બદલાઇ ગયા હતા. એની જગ્યાએ એક મેમણ માસ્તર આવેલા: નૂરમહંમદ અહમદ કુમકી. એમની મહેનતથી મારી નિમણૂક વીરપુરમાં થઈ.

નૂરમહંમદ માસ્તરનાં વહુ જુવાન હતાં. છોકરું-છૈયું કાંઈ હતું નહિ. કામકાજ આખો દિવસ કાંઈ મળે નહિ. બાઈ આમ થોડી મિજાજી; માનિની કહેવાય તેવી નારી; પણ એને સાહિત્યનો ભારે શૅાખ. ભણેલી તો કાંઈ નહિ; આવડે નહિ એક અક્ષર; પણ જો કોઈ વાંચે તો એ ઊઠવાનું નામ જ લે નહિ! એણે જુદા જુદા અનેક છોકરાઓ પાસે વાર્તાઓ વંચાવી, પણ એને કોઈ છોકરો ફાવે નહિ. એ ખતીજા બીબીમાં ઊંચા પ્રકારની રસિકતા હતી. એ વખતે વિઠ્ઠલદાસ ઘનજીભાઇનું 'દુર્ગાદાસ' વંચાતું હતું. એક દિવસ સૌ વાંચતા હતા, એમાં મેં પણ વાંચ્યું, ને બીજા દિવસથી એ કામગીરી મારા ઉપર જ આવી પડી! ખતીજા બીબીએ પછી વિજ્ઞાનવિલાસ, સૌરાષ્ટ્રદર્પણ, જૂનાં પુસ્તકો, ઐતિહાસિક નવલકથાઓ, કરણ ઘેલો, વનરાજ ચાવડો, નર્મગદ્ય અને બીજાં જે જે વાર્તાનાં પુસ્તકો લાયબ્રેરીમાં હતાં તે તમામ કઢાવ્યાં ને મેં એ વાંચવાં શરૂ કર્યાં. સાથે મને પણ રસ પડવા માંડયો.

આ પ્રમાણે એક બાજુ ખતીજાબીબી પાસે વાચન ચાલતું, તો બીજી બાજુ મારા કેટલાક દોસ્તો રાજકોટ ભણવા ગએલા એટલે મને રાજકોટનું આકર્ષણ વધતું હતું. પણ હવે અમે બાપ-દીકરો બે જ જણા. પાડોશ ધીમેધીમે લુપ્ત થઈ રહ્યો હતો. હવે તો એક દિ' ઘરમાં લોટ ખૂટે, તો બીજે દિ' દાળ હોય નહિ. એક દિ' હિંમત કરીને રોટલો-શાક રાંધી નાખીએ, પણ પછી ત્રણ દિવસ સુધી એમ થાય કે જાણે હવે રાંધીએ જ નહિ. એમાં પણ હમેશનો મોટામાં મોટો પ્રશ્ન લોટનો. દાણા હોય પણ લોટ કોણ દળી દે? આડોશપાડોશમાંથી તો દળી આપે એવાં સૌ વિદાય થઈ ગયાં હતાં. એટલે અમે બાપ-દીકરાએ એનો રસ્તો શોધી કાઢયો: લોટ માગવાનો. મેં લીધું બોઘરણું હાથમાં, ને કર્યું લોટ માગવાનું શરૂ! સવારમાં બોઘરણું લઇને નીકળી પડું. પણ આમાંથી સાહિત્યે મને ભાંગતો બચાવી લીધો.

નૂરમહંમદ માસ્તરની બદલી થવાનો વખત



સર ચિનુભાઈ બૅરૉનેટના કુટુંબ સાથેના મિત્રમંડળમાં ઉતાકામંડમાં – પાછળ: શ્રી ધૂમકેતુ અને શ્રી રવિશંકર રાવળ; આગળ બેઠેલા–ડાબી બાજુથી : ઍડવોકેટ સ્વ. બાબુરાવ મહેતા; સ્વ. ડૉ. હરિપ્રસાદ; શ્રી રસિકલાલ છો. પરીખ (આજની સાહિત્ય પરિષદના પ્રમુખ); ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ ઇતિહાસકાર સ્વ. રત્નમણિરાવ ભીમરાવ.
શ્રી રસિકલાલ પરીખ પાસે બેઠેલા શ્રી ઉદયન બૅરૉનેટ બાલ્યાવસ્થામાં

આવ્યો ત્યારે વીરપુરથી વિદાય લેવાની મારી ઘડી પણ આવી પહોંચી. ત્યારે મારા ભાઈ અંબાશંકર બંધાળામાં માસ્તર.એમનો સંબંધ થયો હતો બીલખા આનંદાશ્રમના સંચાલક જેવા ગણાતા ભટ્ટજી ગૌરીશંકરને ત્યાં. બીલખાની પાસે જ બંધાળા, અને બીલખામાં ચાર અંગ્રેજી સુધીની મિડલ સ્કૂલ, એટલે ત્યાં દાખલ થવું એમ ઠર્યું.

પણ બીલખા તાલુકા સ્કૂલમાં હેડમાસ્તર ત્યારે જાદવજીભાઇ કરીને એક વાણિયા હતા. એમણે કહ્યુ કે પહેલી બે અંગ્રેજીમાં શું કરવા વરસ બગાડો છો? પરબારા ત્રીજી અંગ્રેજીમાં દાખલ થવાય એટલું ઘેર જ કરી લોને! તમે તો આઠ ગુજરાતી કરી છે. મિડલ સ્કૂલના હેડમાસ્તર દેવશંકરે એ વાતને સંમતિ આપી. એટલામાં બીલખામાં સાત રૂપિયાના એક આસિસ્ટંટની જગ્યા ખાલી પડી. આ પ્રલોભન ઘણું જબરું હતું. પાંચ રૂપિયાને બદલે સાત મળતા હતા! એટલે ત્યાં રહી ગયો.

એ વય જ એવું કે જે રંગની ભૂમિકા જોવા મળે એવો રંગ તરત લાગે. વીરપુરમાં દયાનંદ સરસ્વતીના આર્ય સમાજનો રંગ દીઠો હતો; બીલખામાં તદ્દન નવી જ ભૂમિકા મળી. અહીં આવેલો શ્રીમન્નથુરામ શર્માનો આનંદાશ્રમ ગામથી દૂર જંગલમાં એકાંત સ્થળે અત્યંત સુંદર, સ્વચ્છ ને આકર્ષક સ્થાન છે. ત્યાં બીજી એક સુંદર વસ્તુ હતી: ત્યાંનું દક્ષિણામૂર્તિ પુસ્તકાલય. તેમાં અસંખ્ય પુસ્તકો હતાં. નવલકથાઓ, વાર્તાઓ, ચોપાનિયાં વગેરે તો મને વીરપુરમાં વાંચવા મળી ગયાં હતાં. અહીં વળી તદ્દન નવું જ આકર્ષણ હતું : કબીર, નાનક, દાદુ, તુલસીકૃત રામાયણ, મીરાં, ચંદ્રકાંત, ભક્તોનાં ચરિત્રો, સંતો, સાધુઓ, જોગીઓ—એક આખી નવી જ સૃષ્ટિ અહીં હતી. હું તો મારા નિયમ પ્રમાણે પાછો આ પુસ્તકોના છંદમાં પડી ગયો. પુસ્તકાલય મળ્યું ને આખો દિવસ ટીલાં-ટપકાં, જપ-માળા, સંધ્યા-પૂજા, ધાબળી-ચાખડી એવીએવી નવી ભૂમિકા મળી. એ ભૂમિકામાંથી હો કે પછી ગમે તેમ, અહીં મેં પહેલવહેલું લખવાનું શરૂ કર્યું: અને એક-બે નહિ પણ એક સાથે છ નવલકથાઓ શરૂ કરી! એમનાં નામ પણ આશ્ચર્યજનક હતાં. એક હતી "અવધૂત, એમ. એ. એલએલ. બી.", બીજી "કંથાકુમારી", ત્રીજી હતી "વિહારી", ચોથી હતી ઘણું કરીને "રમા", પાંચમી "યશપાલ".

મને તો આશ્રમજીવનનો લાભ જીવનવિધાયક નીવડ્યો. અહીં જ મેં મારા વિદ્યાજીવનનો પાયો નાખ્યો, અહીં જ મને મોટાં મકાન મોટાં માણસો અને મોટાઇનો કાંઈક ખયાલ આવ્યો, અહીંથી જ મારા દિલમાં કીર્તિની મહત્ત્વાકાંક્ષા જાગી ઊઠી. અહીં મને એવુંએવું જાણવાનું મળ્યું કે જીવનમાં એ પાછળથી ઘણું જ ઉપયોગી થઈ પડ્યું. અહીં મને વાણીની છટાનો, શૈલીનો, કાંઇક અસરકારક રીતે કહેવાનો શૉખ થઈ આવ્યો. અહીં રહ્યા પછી મોટાં માણસોનો કે સભાક્ષોભનો કદી મારે માટે પ્રશ્ન જ રહ્યો નહિ. અહીં હું રહ્યો તો ત્રણેક વર્ષ, પણ એ ત્રણે વર્ષની પળે પળ જાણે અનેક અનુભવથી સભર બની ગઈ!

આ આશ્રમ, એની સ્વચ્છતા, વ્યવસ્થા, આચાર-વિચાર, જ્ઞાનવાર્તા, સુખસગવડ જોયાં ત્યારથી જ મનમાં એક મહત્ત્વાકાંક્ષા જાગી: ક્યાંક મઠધારી થવું! મેં કબીર, દાદુ, મણિરત્નમાળા, સુંદરવિલાસ, ચંદ્રકાન્ત, મહિમ્નસ્તોત્ર, મહારાજશ્રીનું પાતંજલ યોગદર્શન, અખાની અવળવાણી, કેશવકૃતિ એવું એવું વાંચવાનું શરૂ કર્યું. મહારાજશ્રીનાં પુસ્તકો વેદાંતના વિષયનું પણ સાદામાં સાદી ભાષામાં નિરૂપણ કરવાની શક્તિ ધરાવતાં. મણિલાલ નભુભાઇનું પ્રાણવિનિમય વાંચવાનું શરૂ કર્યું. જપતપ ને માળાની સંખ્યા વધારી દીધી. ધ્યાન વધારે ધરવા માંડ્યો. ભીડભંજનમાં એક બાવો રહેતો'તો, એની કફની જેવી કફની પણ ગુપચુપ બનાવડાવી. ચાખડી તો હું પહેરતો જ હતો. આમ મેં જે એકીસાથે અનેક પ્રવૃત્તિ ઉપાડી તેમાં તમામ પ્રકારની શક્તિનો થોડોથોડો વિકાસ થયો. હું સવારના પાંચથી રાતના અગિયાર સુધી કામમાં જ રહેતો. રાતે દસ વાગ્યે બધા સૂઇ જાય ત્યારે હું લેખ લખવા બેસું!

આ પ્રમાણે ઇ.૧૯૦૯-૧૦ની સાલથી શરૂ થએલી લખાણ-પ્રવૃત્તિને કાંઇક પણ પ્રતિષ્ઠા તો મળી છેક ઈ.૧૯૨૬માં. એ પણ, બીલખામાં કે પછી કૉલેજજીવન દરમ્યાન પણ જો મારાં લખાણો પ્રગટ થવા માંડ્યાં હોત. ને એકાદ બે સ્થળે ફોટો મુકાઈ ગયા હોત તો હું માનું છું કે જે કાંઈ વિકાસ થયો તે કોઈ દિવસ થાત જ નહિ. પણ લખાણ પ્રગટ થવાની બહુ તક મળી નહિ. એમાં મોટો ફાયદો થયો: વ્યાયામ મળતો જ રહ્યો. અભ્યાસ વધતાં એ લખાણ મેં પોતે જ રદ કરી નાખ્યાં, ને એ પ્રમાણે અપરિપક્વ અવસ્થામાં હમેશને માટે પડી જવાના ભયમાંથી હું ઊગરી ગયો.

એવામાં એક ગૃહસ્થ ત્યાં આવ્યા. એમને યોગનો ઘણો શૉખ હતો. એમણે મારી પાસે યોગસાધનાની વાત કરી. અમે બરાબર ધ્યાનપૂર્વક સાધનામાં બેસવા પણ માંડ્યા. પણ પેલું ગીતાજીમાં કહ્યુ છે કે વિષયો છોડવાથી વિષયો છૂટે તોપણ એમનો રસ ન છૂટે. એટલે યોગાસનની અદ્‌ભુત વાતો કરતાં કરતાં ધીમેધીમે, અમને પોતાને પણ ખબર ન પડે તેમ, અમે ખેચરી મુદ્રામાં જઇ પડ્યા!

જેમ કૃષ્ણ અને ગોપીના ભાવમાં શૃંગારની શક્યતા અનધિકારીને માટે પ્રલોભન રૂપ થઈ પડે છે, તેમ યોગની આ મુદ્રાઓમાં ખેચરી મુદ્રાની વાત શૃંગારને પોષી શકે છે. કારણ કે એ મુદ્રા સિદ્ધ કરનાર જોગી જાણે કે સ્ત્રીની શક્તિને પણ પોતે ખેંચી લેતો હોય એવી વાત છે. એ ભાઈની આ વાતોએ સુતેલો શૃંગાર-રસ જાગ્રત કર્યો. મનને વિકળ બનાવ્યું. અને મન સંસારરંગનું રસિયું થઈ ગયું. બરાબર એ જ વખતે એક બીજી ઘટના બની.

ભસ્મનું ત્રિપુંડ, બંને હાથમાં રુદ્રાક્ષના બેરખા, ડોકમાં ઝીણી રુદ્રાક્ષની માળા, રેશમી અબોટિયા ઉપર ઊનની ધાબળીનું ઉપવસ્ત્ર, પગમાં ચાખડી ને આઠે પહોર વિદ્યાભ્યાસ-માં લીન એવી લાક્ષણિક જીવનવૃત્તિ, એ વસ્તુ પ્રત્યે ભટ્ટજી ગૌરીશંકરને છાનો અનુરાગ થઈ રહ્યો હતો. સ્થાન જેમ આશ્રમમાં અનોખું હતું તેમ આખા બીલખામાં પણ અનોખું હતું. પવિત્ર, નિઃસ્પૃહી અને વિદ્વાન બ્રાહ્મણ તરીકે એમના પ્રત્યે તમામ કાઠી દરબારો અને પ્રજાજનો પૂજ્યભાવ ધરાવતા. ભટ્ટજીને પોતાની પરંપરા જાળવે એવા કોઈક જુવાન-ની જરૂર જણાતી હતી. એમણે મને ઘણી વખત જપતપમાં નાણી જોયો હતો. એમણે પોતાનો એકનો એક જુવાન દીકરો ગુમાવ્યો હતો. એટલે એમના મનમાં એક વિચાર આવ્યો: 'આને જ બધી પરંપરાની ચિંતા આપી દીધી હોય તો? તો પોતાનું ઘર ચાલે.'

'દીકરી આપીને દીકરો લાવવો' એ રીત એમને અસર કરનારી થઈ પડી. ભટ્ટજીએ-એમણે મારા પ્રત્યે જોવાની દૃષ્ટિ કેળવવા માંડી. મારા ભાઇ અંબાશંકરભાઈને એક દીકરી તો એમણે આપી હતી. બીજી માટે એમણે આ પ્રમાણે મારે માટે નક્કી કર્યું. મહારાજશ્રીની છબી પાસે જ વાગ્દાનવિધિ થયો અને મેં નોકરી મૂકી દઇને મહેનત કરીને ચોથું ધોરણ પૂરું કર્યાનું સર્ટિફિકેટ મેળવ્યું.

જેતપુરની કમરીબાઈ મિડલ સ્કૂલમાં પાંચ-મીમાં પ્રવેશ મળ્યો તેથી મને ઘણો જ ઉત્સાહ આવ્યો. એ વખતે, ઘણા લાંબા સમય સુધી જેમની મૈત્રીનો મને લાભ મળ્યા કર્યો એવા ત્રણ મિત્રોનો ત્યાં પરિચય થવા પામ્યો.

સહવાસથી મને ઘણા ફાયદા થયા. એક તો એ કે તત્કાલીન સામાજિક વાતાવરણનો મને પરિચય થયો, ગુજરાતી સાહિત્ય તરફ-ની પ્રીતિએ દૃઢ રૂપ લીધું, અભ્યાસ તરફની દૃષ્ટિમાં વિકાસ થયો અને સારા મહેનતુ વિદ્યાર્થી તરીકે મારી ગણના થવા માંડી.



ગયે વર્ષે થોડા સમય આરામ માટે ચોરવાડ ગયા ત્યારે ત્યાં ગુજરાતના રાજ્યપાલ શ્રી મેહદી નવાઝ જંગનો પરિચય થએલો. એમની સાથે પડ-વેલી આ તસવીર એમની છેલ્લી છબી છે. આગલી હારમાં જમણેથી: સ્વ. ધૂમકેતુ, રાજ્યપાલશ્રી તથા બેગમસાહેબા.


એ વખતે મારી તાવણી પણ અનેક રીતે થઈ. રસોઈ કરવી, તમામ માસ્તરની ભયયુક્ત પ્રીતિ જાળવવી, મારો સાહિત્યરસ જે ખાંડ ખાઇને પાછળ પડયો હતો એને સમય પૂરતો કાબૂમાં લેવો, અને મારા પ્રમાણમાં તો હોશિયાર ગણાએલા જેતપુરના વિદ્યાર્થીઓ સાથે ટક્કર ઝીલવી. પણ છેવટે પાસ થઇને છઠ્ઠીમાં આવ્યો. એ વખતે અમારા એક કાકા દામોદર રતનજી પોરબંદર મ્યુનિસિ-પાલિટીમાં હતા, તેથી પોરબંદર જ જવું!

પોરબંદરમાં ગાળેલાં બન્ને વર્ષો એક દૃષ્ટિ-એ અત્યંત મહત્ત્વનાં બની ગયાં છે. ત્યાં વિશા-ળતા મળી, ઘણા વિષયમાં રસ લેવાની શક્તિ આવી, અંગ્રેજી સાહિત્યની નવલકથાનો શૉખ ત્યાં જન્મ્યો અને કેટલાક મિત્રો એવા મળ્યા જેમણે મને આગળ ઉપર કૉલેજમાં ઘણી મદદ કરી. 'કાવ્ય' ઉપરથી 'ગદ્ય'માં જવા માટેનો કેટલોક રસ્તો ત્યાં જ દૃઢ થઇ ગયો.

ત્યાં ઘર એટલું સાંકડું હતું કે વાંચવાનું કોઈ સ્થળ જ મળે નહિ, એટલે હું કોઇ ને કોઈ મિત્રની શોધમાં પડયો. દામોદરકાકાના ઘરની પાસે જ રહેતા ડૉકટર મણિશંકરના પુત્ર રેવાશંકર મૅટ્રિકમાં હતા. એને અંગ્રેજી-નો ઘણો શૉખ. એની સાથેસાથે મને પણ અંગ્રેજી ઇતર વાચનનો શૉખ જાગ્યો. શામળ-દાસ ગાંધી એ વખતે પણ પોરબંદરના દરિયા-કિનારે ગર્જનાત્મક સ્વરથી જ ભભકભરી વાતો કરતા. એકાદ વખત પ્રાણજીવન પાઠક એક વૅકેશન ગાળવા ત્યાં આવેલા. નિત્શે એમનો એ વખતે પણ પ્રિય લેખક હતો. અમારા મંડળમાં નિત્શેની પ્રથમ વાત એ-મની મારફત આવી. મૅકસનૉર્ડો તો રેવાશં-કરનો અતિશય પ્રિય લેખક. એટલે એમાંથી અંગ્રેજી સાહિત્ય પ્રત્યે પણ અભિરુચિ જન્મી.

મેં શરૂઆતમાં રેવાશંકરને ત્યાં વાંચવાનું રાખ્યું. એ મૅકૉલેમાંથી 'વૉરન હેસ્ટિંગ્સ'નો કેસ વાંચતો તે હું સાંભળતો. એણે જ પહેલ-વહેલાં મને 'ઍબટ'ના 'નેપોલિયન'ના ચરિત્ર વિષે કહ્યું ને ઍબટનો નેપોલિયન એ પછી તો મારો જીવનમંત્ર થઈ પડયો. નેપોલિયનનો પુરુષાર્થ ને સિંહનાદ એ જીવનરસાયન બની ગયાં. પુરુષાર્થ પુરુષાર્થ ને પુરુષાર્થ એ જાણે કે નેપોલિયનના આખા જીવનક્રમમાંથી ઊઠતો મહાધ્વનિ હતો. અમે એ ધ્વનિ પકડી લીધો. વિજય મેળવવા માટે જ માણસનો જન્મ છે એ સત્ય મને ગળથૂથીમાં મારા પિતાએ 'વૃદ્ધ ચાણક્ય'નું નીતિપુસ્તક વંચાવીને આપ્યું જ હતું. એમાં આ નેપોલિયનનો, તમામ અશ-ક્યતાઓનો ઈન્કાર કરતો સિંહનાદ સંભળાયો.

પોરબંદરના મંડળમાં વળી ઉમંગલાલ મોહ-નલાલ પોટા પણ મારા મિત્ર બન્યા. એમણે મને સ્કૉટની નવલકથા તરફ દોર્યો. સ્કૉટની ઘણી નવલકથા મેં ત્યાં વાંચી ને છાનો વાર્તા-રસ જાગ્રત થયો. વળી ગઝલના કાચા પ્રયોગો પણ ઠીકઠીક કર્યા. આ અરસામાં મારે ત્યાં એક પુત્રી જન્મી ચૂકી હતી. તેનું નામ સંધ્યા. એ સંતાન અકાળે કરમાઈ ગયું. હવે મારે પાસ થયે જ છૂટકો હતો. પાસ ન થવાય



પોતાની પૌત્રી સાથે

તો આગળ વધવાનું અશક્ય હતું, એટલું જ નહિ, બીજી વખત મૅટ્રિકમાં અવાય એ પણ અશક્ય હતું. મૅટ્રિક થનારો કોઈ પણ મહાપુરુષ હજી સુધી તો અમારા ગામમાંથી નીકળ્યો ન હતો. એટલે જ્યારે મૅટ્રિકના પરિણામમાં મારું નામ આવ્યું ત્યારે તો અમારે ત્યાં ઉત્સવનો કોઇ પાર ન હતો.

મૅટ્રિક થતાંની સાથે જ મેં ભલે ગમે તે કલ્પના કરી રાખી હતી, પણ રામજીભાઇએ પોસ્ટલ ડિપાર્ટમેન્ટમાં જ જવાનો રસ્તો બતાવ્યો. મેં અરજી કરી અને રાજકોટથી સુપરિન્ટેન્ડેન્ટ-નો કાગળ આવ્યો. ત્યાં જે ગુજરાતી ડિક્ટેશન લખાવ્યું એમાં એક વ્યવહારુ ગલ્લી થઈ ગઈ. મેં તો નરસિંહરાવ—ન્હાનાલાલ વાંચેલા, 'હમે' 'જ્યહારે' ને 'ત્યહારે' એ ઉત્કૃષ્ટ પ્રકારના નમૂના તરીકે મગજમાં એટલે આમાં પણ એમ જ લખવા માંડ્યું! પણ પારસી સુપરિન્ટેન્ડેન્ટથી 'જ્યહારેત્યહારે'નો તાપ કાંઈ સહન થાય? તેમણે મારી સામે જોયું ને 'સૉરી' બોલીને કાગળમાં માથું નાખી દીધું.

કમ્પાઉન્ડની બહાર આવીને એક ઝાડ નીચે ઊભોઊભો હું મનની વ્યગ્રતા સમાવવા પ્રયત્ન કરતો હતો એવામાં અચાનક બીલખાના ડૉક્ટર નરભેરામ દેખાયા. મારો સંસ્કૃતનો પાયો બીલખામાં એમણે જ નાખ્યો હતો. મને પ્રેમથી એ પોતાને ઘેર લઈ ગયા. કૉલેજ-જીવનનો લાભ સમજાવ્યો. કહ્યું: 'તમે જૂનાગઢ કૉલેજમાં જાઓ. ત્યાં પ્રોફેસર ભટ્ટ છે, જોશી છે. બંને મદદ કરશે; ને માફી મળી જ જશે!'

એમની પાસેથી બે ભલામણપત્રો લઇ હું ઘેર ગયો ત્યાં મારી સાથે પોરબંદર મૅટ્રિકમાં ભણતા બે મિત્રો, હરિલાલ નરભેશંકર મારૂ અને ઉમંગલાલ મોહનલાલ પોટાના કાગળ હતા. બંને જૂનાગઢ બહાઉદ્દીન કૉલેજમાં જ જવાના હતા. છોટાલાલ કામદાર પણ ત્યાં જ જવાના હતા. આ મિત્રોના આગ્રહે મારા અસ્થિર વિચારને સ્થિર થવામાં મદદ કરી.

એ વખતે જૂનાગઢ બહાઉદ્દીન કૉલેજની સારી પ્રતિષ્ઠા હતી. પ્રોફે. હોડીવાલાની અગાધ વિદ્વત્તા વિષે વિદ્યાર્થીઓમાં રસિક ચર્ચાઓ થતી. જેતપુરના અત્યંત હોશિયાર ગણાતા ફર્સ્ટ ક્લાસ વિદ્યાર્થી વાલજી દેસાઇનું નામ પણ આ કૉલેજ સાથે સંકળાએલું હતું. પ્રોફે. મહાદેવ મલ્હાર જોશીની કાલિદાસનાં નાટકો શીખવવાની પદ્ધતિનાં તો વિદ્યાર્થીઓ વખાણ કરતાં થાકતા નહિ. એટલે છેવટે મેં બહાઉદ્દીન કૉલેજમાં જવાનો નિશ્ચય કર્યો.

પણ મારો જો કોઈ મોટામાં મોટો દુશ્મન હોય તો મારો સ્વભાવ. આ બાજુ ગિરનારનો ડુંગર દેખાતો હોય, જંગલની ઘેરી લીલી છાયા ચારે તરફ પોતાનું આકર્ષણ જમાવતી કૉલેજ હોસ્ટેલને વિંટાએલી હોય, થોડે દૂર નાના કાળા પથરાઓમાં થઇને કાળવાનાં ચોખ્ખાં પાણી વહેતાં હોય, દૂરદૂર પરીબાગનાં સરોવર નજરે પડતાં હોય, ને એ વખતે પ્રીવિયસના દાખલા ગણવાનું માથા ઉપર લટકતું હોય! માણસ જેમ બળવો કરીને ભાગે તેમ ઘણી વાર તો હું ચોપડીઓ ફેંકીને ભાગી જ જતો: જંગલ તરફ. ત્યાં બે ચાર માઈલ અંદરના ભાગમાં જઇને કોઈ રમણીય એકાંતમાં બેસી જતો. પરિણામે પ્રીવિયસમાં છ માસિકમાં જ ગણિતમાં ધબાય નમઃ થઈ ગયું.

પછી બીજી ટર્મમાં તો મહેનત કચકચાવીને માંડી અને મારી ગણના હોશિયારમાં થવા માંડી. પણ પરીક્ષામાં એક ભૂલ અકસ્માત થઇ ગઈ. જે પ્રૉબ્લેમ્સ આવડતાં હતાં તે છોડી અજાણ્યાં ઉપાડી લેવાનો વિચાર કર્યો. એને માટે પાંચ મિનિટ ધારી હતી, ત્યાં પંદર થઇ ગઈ. ગૂંચ ન ઊકલી. મગજમાં ગેરવ્યવસ્થા અને ઉતાવળ આવ્યાં. પછી તો જે કાંઈ ઉપાડ્યું એની દશા, ચાકઉપરના પીંડા જેવી થવા માંડી. મન નિરુત્સાહી થઈ ગયું કે ઉતાવળ થઈ! એથી વ્યગ્રતા આવી અને વખત ગયાનો પશ્ચાત્તાપ સતાવવા માંડ્યો, ને ઘડિયાળમાં જોયું તો પોણાપાંચ! આકરી નિરાશા વ્યાપી ગઈ. વિચાર કર્યા વિના તરત ઊભો થઈ ગયો અને પેપર મૂકી બહાર નીકળી ગયો. મિત્રો મળ્યા એમણે કહ્યું: 'તમે તો પોણા ચારે જ ઊઠી ગયા, એટલે અમે સમજી ગયા કે ઝપાટો મારી દીધો છે!' પેટમાં બીજો ધ્રાસકો પડ્યો: 'ત્યારે તો વખત જોવામાં પણ ભૂલ થઈ!' અને પરિણામ અચૂક આવીને ઊભું જ રહ્યું: ૨૯ માર્ક ઘટતા હતા.

એટલામાં બાબરાની મિડલસ્કૂલને જાગીરદાર કુમારો ભણવા આવે એવું રૂપ આપવાની વાત ચાલે. ત્યાં તાત્કાલિક એક માણસ જોઇતો હતો. મેં થાણાદાર મારફત અરજી આપી અને પ્રાંત સાહેબનો મુકામ ત્યાં, એટલે 'ઇન્ટરવ્યૂ' લેવા માટે પ્રાંત સાહેબે જ બોલાવ્યો.

હું ગયો ત્યારે એક અકસ્માત થયો. ત્યાં કોઈ જૂનો સિક્કો લાવેલું. પ્રાંત સાહેબને એ વાતનો શૉખ, એટલે હું ગયો ત્યારે એ સિક્કો જોવાય. સિક્કો મને પરિચિત હતો. મારા પિતાએ 'ગધૈયાં' કહીને એની ઓળખાણ કરાવી હતી. અને પછી તો અહીંતહીંથી થોડું વાંચીને ગર્દભિલ્લ વિષે કાંઈક જાણેલું.

એ સિક્કા વિષે પ્રશ્ન થતાં કોઇને કાંઈ ખબર લાગી નહિ, એટલે મેં આગળ વધીને સિક્કો હાથમાં લીધો અને મને જે માહિતી હતી તે કહી આ માહિતીએ તો મારે માટે સારો અભિપ્રાય બંધાવી દીધો. અને બીજે કે ત્રીજે દિવસે બાબરાની કમળશી મિડલ સ્કૂલમાં માસ્તર તરીકેનો હુકમ પણ મળી ગયો!

બાબરામાં હું લગભગ નવદસ મહિના રહ્યો. ત્યાં એક જગજીવન માસ્તર હતા. એ કેટલેક અંશે અજ્ઞેયવાદ તરફ ઢળતા. એમણે એક વસ્તુનો રસ લગાડ્યો: જે અશક્ય જેવું હોય તેમાં રસ લેવાનો. એટલે મને માનવની અજ્ઞાત શક્તિ તરફ જે અભ્યાસી વૃત્તિ ક્યારેક ક્યારેક આવી જતી, એનાં બીજ આ જગજીવન માસ્તરના સંસર્ગમાં વિકાસ પામ્યાં ને વારંવાર મને કાંઈક, ક્યાંક અને કોઈક અજ્ઞાત બળ છે અને એ માણસના મનમાં જ છે એવું એક પ્રકારનું આકર્ષણ આપતાં રહ્યાં. થોડા મહિના પછી ત્યાં રાજીનામું આપી પ્રીવિયસની બીજી ટર્મમાં દાખલ થવા માટે ત્રેવીસ ચોવીસ વર્ષની વયે હું ફરીને જૂનાગઢ ગયો.

પ્રીવિયસમાં આ વખતે તુક્કો લાગી ગયો. પાસ થઇને હું પાછો વીરપુર ગયો. ત્યારે ત્યાં એક રાજકુમાર કૉલેજ શરૂ થએલી. રૂ. ત્રીસના પગારે હું એમાં સંસ્કૃત-ગુજરાતી શિક્ષક તરીકે જોડાયો. ત્રણ-ચારમહિનાકાઢીને પાછો જૂનાગઢ ગયો. રેસિડન્સીમાં રૂમ નં. ૭ મળી.

જગન્નાથ પંચોલી, સ્વ. ભાઇશંકર દ્વિવેદી, રમણિક મહેતા (અફલાતુન તથાનકીરનામથી લખે છે તે), પ્રાણશંકર સોમેશ્વર, પ્રતાપરાય મોદી, મણિશંકર ત્રિવેદી, ગુલાબરાય ધોળકિયા, છોટાલાલ કામદાર એ સૌ એ વખતે સર્જનમાં રસ લેનાર સાહિત્યસૃષ્ટિની વ્યક્તિઓ. સ્વ. કવિ ગિરધરનાં પણ કેટલાંક કાવ્યો

લોકપ્રિય થએલાં. મારી નાખે એવી ગરીબી છતાં સ્વભાવમાં રહેલી સ્વમાનની ઊંચી ખુમારીએ, એમાંના બે તેજસ્વી તારાઓને અકાળે ઝડપી લીધા : એક આ કવિ ગિરધર અને બીજા ભાઈશંકર દ્વિવેદી. એ વાતાવરણને લીધે હું પણ કાંઈક તો લખતો રહેતો. ખાસ કરીને પ્રો. મહાદેવ મલ્હાર જોશી 'શાકુન્તલ' શીખવતા તેનાં વ્યાખ્યાનનો સાર ઘેર આવીને ગુજરાતીમાં લખી લેતો. આ લેખોની નોંધ ઘણા સુંદર અક્ષરમાં છે એ બતાવે છે કે એ પ્રેમથી, શાંતિથી, આનંદથી કરાએલી છે.

પ્રો. જોશીના પ્રયાસે મારી આખી માફી થઈ ગઈ હતી. એ ઉપરાંત ઍડમિનિસ્ટ્રેટરના હાથ નીચે મોટા હોદ્દા ઉપર તામ્બે કરીને એક દક્ષિણી ગૃહસ્થ હતા. એમની સ્કૉલરશિપ પણ મળી હતી. 'મરીચિ' અને 'રમા' એ બે નવલકથાઓ શરૂ કરેલી. આનંદશંકરભાઈએ ખાસ ઉત્તેજન આપીને 'વસંત' માટે મંગાવેલા 'કેટલાક પત્રો' પણ આ સમયમાં શરૂ થએલા. પણ મન કવિતા ઉપર હતું. કૉલેજના મૅગેઝીનમાં એક છપાએલી પણ ખરી.

કેટલાક કાલ્પનિક સંવાદો પણ લખાયા : 'રામચન્દ્ર-વાલી', 'મત્સ્યેન્દ્રનાથ ને ગુલાબસિંહ' 'બિપિન' વગેરે. 'ગિરનારનું રુદન' એ નામનો એક લેખ તે વખતે લખી રાખેલો.

આમ ૧૯૧૭-૧૮ની બન્ને સાલ સાહિત્યપ્રવૃત્તિમાં કાંઈ ને કાંઈ ચંચુપાત કરવાની વૃત્તિવાળી જ ગઈ. તે વખતના મટુભાઈ કાંટાવાળા સંચાલિત 'સાહિત્ય' પત્રે એક ઈનામ જાહેર કર્યું હતું : ગુજરાતી સાહિત્યમાં સર્વોત્તમ ગ્રંથ કયો અને તે શા માટે? એ "ઈનામ રૂ. ૧૦) દશનું રા. ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી"ને આપવામાં આવ્યું! કૉલેજની સાહિત્ય સભા સમક્ષ એક ભાષણ આપેલું: 'ગુજરાતી સાહિત્યનું સૌન્દર્ય'. આ રીતે આ બધાં વર્ષો ઉત્કટ મનોમંથનમાં પસાર થયાં પણ આ વખતે તો છોટાલાલ માનસંગ કામદારની મૈત્રીના લાભે વધારે સ્થિરતાથી વાંચવાનું બની શક્યું અને ઈન્ટરમાં સેકન્ડ ક્લાસ મળ્યો!

વીરપુર આવીને ત્યાંની રાજકુમાર કૉલેજના હેડમાસ્તર ગુલાબભાઇ નાયક ને સ્વામી શંકરાનંદ પાસે હું ઘણી વખત જતો. અમારા કુટુંબ-સંસ્કારમાં પહેલેથી જ મારા પિતા અંધશ્રદ્ધાને જીવનની નિર્માલ્યતા ગણતા; તે એટલે સુધી કે દેવદેવી તો ઠીક, પણ ખુદ ઈશ્વરની પણ સહાય યાચવી એ માનવનિર્બળતાનો એક પ્રકાર તે માનતા. હું પણ અર્ધોપર્ધો આર્યસમાજી જેવો હતો, તેથી શંકરાનંદ સ્વામી પાસે ઠીક મજા પડતી. વયોવૃદ્ધ ઠાકોર સુરસિંહજી સાથે પણ એક પ્રકારની વિદ્યાપ્રીતિ બંધાએલી. સુરસિંહજીને મારા પ્રત્યે એવો અનુરાગ થઈ ગયો હતો કે પોતે મૃત્યુ પામ્યા ત્યારે મને પાંચ રૂપિયાની સ્કૉલરશિપ આપવાનું લખતા ગએલા.

જુનિયર બી.એ.માં પણ મારી ઓરડીનો નંબર સાત હતો. આ સમયમાં મારે સ્વ. ભાઈશંકર દ્વિવેદી સાથે વધુ ઓળખાણ થઈ. ભાઈશંકર દ્વિવેદી, દલીચંદ ને ધીનોજા, એ આ ત્રણની મંડળી અઠવાડિયામાં એક વખત કોઈ એકાંત સ્થળે જઇને બેસતી અને સદ્‌વિચારનાં આંદોલન ફેલાવવાનો પ્રયત્ન કરતી. એ જમાનામાં જ્યારે હસ્તલિખિત માસિક કાઢવું એ નવાઇ ગણાતી, ત્યારે ભાઈશંકર હસ્તલિખિત 'જ્ઞાનજ્યોતિ' કાઢતા. જેવું ભાઈશંકરનું 'જ્ઞાનજ્યોતિ' તેવું બચુભાઈ રાવતનું 'જ્ઞાનાંજલિ'. એનાં તમામ લખાણો એક જ હથોટીમાં ઉતારાતાં અને પોતાનો ઘણો સમય એની પાછળ આપતા એ વાત મારી પાસેથી સાંભળીને ભાઈશંકરને નવાઈ લાગેલી. ભાઇશંકરની સાહિત્યપ્રીતિ ઘણા જ ઊંચા પ્રકારની, ગુજરાતમાં તો વિરલ ગણી શકાય તેવી. એ સ્વ. ભાઈશંકર વિષે 'બે ઘડી મોજ' એક અંક શ્રી છેલશંકર વ્યાસના તંત્ર નીચે પ્રગટ કરેલો. તેમાં બચુભાઈ રાવતે એનો પરિચય આપ્યો હતો. ભાઈશંકરનું જીવન અનેક રંગો વચ્ચે વહેતું વહેતું જ્યારે ઈ. ૧૯૩૧માં લુપ્ત થયું ત્યારે એને જાણનારા સૌના દિલમાં (બચુભાઇના શબ્દોમાં) એક જ આઘાતજનક અવાજ ઊઠેલો : 'આવું જીવન...અને આવો લોપ?!'

એ અરસામાં ડૉ. કાન્તિલાલ છગનલાલ પંડ્યા જૂનાગઢ આવેલા, તે એક વિવાદસભાના પ્રમુખ થએલા. વિવાદનો વિષય ઘણું કરીને 'ગુજરાતી સાહિત્યનાં ગ્રન્થરત્નો' એવો હતો. એ વિવાદમાં મેં ભાગ લીધો હતો. 'ગુજરાતી સાહિત્ય તો અપંગ છે, એમાં નથી વાર્તાઓ, નથી નવલકથાઓ, નથી નિબંધો કે નથી કોઇ એવો પ્રતિભાશાળી લેખક, જેની કૃતિઓ જગતમાં તો ઠીક, પરપ્રાંતમાં પણ માન મુકાવવાની યોગ્યતા ધરાવતી હોય' એવું કાંઈક મેં પ્રતિપાદન કર્યું હતું.

આ વસ્તુની ભાઈશંકર ઉપર ઘણી અસર થએલી, એમણે મને પાછળથી કહ્યું કે તમે ગુજરાતી સાહિત્યમાં કાંઇ નથી એમ ખરેખર માનો છો? હું તો માનું છું કે ચર્ચાને વધુ વેગ આપવા માટે જ આ તમારો અભિપ્રાય હશે. ત્યાર પછી એમણે પૂછ્યું : 'ઘનશ્યામની કોઇ કૃતિ તમે જોઇ છે?' ઘનશ્યામ એટલે કનૈયાલાલ મુનશી એટલી પણ માહિતી મને ન હતી. પછી ભાઈશંકરે 'ઘનશ્યામ'ની કેટલીક કૃતિઓનો મને ખયાલ આપ્યો અને મને કહ્યું કે આપણે સૌએ ભેગા મળીને ગુજરાતી સાહિત્યની ગરીબી ટાળવી જોઇએ.

લેખનના ઘણા પ્રયત્નો કર્યા છતાં હજી એમાં જોઇતી સિદ્ધિ નહિ હોય તેથી મારા લેખ પ્રગટ થવામાં બહુ વિલંબ થતો. સાહિત્યનાં બીજાં સ્વરૂપો વિષે પણ અનેક પ્રયોગો ચાલુ જ હતા. 'સરસ્વતીચંદ્ર'ના ચાર ભાગમાં ઉત્તમમાં ઉત્તમ ને ખરાબમાં ખરાબ પાત્ર કયું?' એ વિષે ઈનામી નિબંધ આ અરસામાં ઘણું કરીને લખ્યો હતો. પ્રો૦ મહાદેવ મલ્હાર જોશી, અમુક વિદ્યાર્થીઓને 'આર્ય'માં આવતી શ્રી અરવિંદની ગીતા વિષેની લેખમાળા અને બાલ્ફરનાં ભાષણો વંચાવવા ઘેર બોલાવતા. એમાં ઘણું કરીને કામદાર, જોશીપુરા, હું, પુરાણી, ભાવે, યુ. એમ. વ્યાસ એમ પાંચ–સાત વિદ્યાર્થીઓ હતા.

આ બધાં વર્ષો દરમ્યાન વીરપુરનો સહવાસ ઘટવા માંડ્યો હતો. એ પછી ગોંડલમાં રહેવાનું થયું. એ દોઢ-બે વર્ષના ગાળામાં સાહિત્યનું કોઈક રૂપ શોધવા પ્રયત્ન થઈ રહ્યો છે, પણ હજી એમાંના કોઈ પર બરાબર હાથ બેઠો નથી. સંવાદો, નાટકો, પત્રો, લેખો, વાર્તાઓ, ઐતિહાસિક પાત્રાલેખનો, કેટલાંક સ્વગત સંભાષણો, એમ એક પછી એક લખતાં આવે છે, પણ એ કોઈ સ્વરૂપમાં પૂરેપૂરો આનંદ કે સંતોષ મળતો ન હોય તેમ, વારંવાર સ્વરૂપો બદલાયા કરે છે. ૧૯૧૯–૧૯૨૦ દરમ્યાન લખેલું બહુ જ ઓછું લખાણ પ્રગટ થયું જણાય છે. એ શોધ જ્યારે પૂરી થાય છે ત્યારે નવલિકાનું રૂપ હાથ લાગે છે!

છતાં સાહિત્યને પ્રધાન પ્રવૃત્તિ તરીકે અપનાવતાં પહેલાં હજી ઉગ્ર મનોમંથનનાં ત્રણથી પાંચ વર્ષ કાઢવાનાં હતાં. એમાં સીનિયર બી.એ.નું વર્ષ પહેલું ગણાય. મેં ઑનર્સ લીધું હતું. તે વખતે પરીક્ષા મુંબાઇમાં થાય. ભાઈ છોટાલાલ કામદારે મહાવીર જૈન વિદ્યાલયમાં એમની સાથે મારી ગોઠવણ કરી. પરીક્ષામાં ખાસ કોઈ ગેરવ્યવસ્થા નહિ થએલી, એટલે પાસ થવાની ખાતરી લઇને હું ઘેર આવ્યો.

બી. એ.નું પરિણામ તો આવતું હોય ત્યારે આવે, પણ તે પહેલાં ક્યાંક નોકરી લેવાનું જરૂરી હતું. મારા પિતાનો આગ્રહ હતો કે માસ્તર ન થવું. એ આગ્રહને લીધે રેલવેમાં જવાનો નિર્ણય કર્યો અને ૧૯મી એપ્રિલ ૧૯૨૦ના રોજ રેલવેમાં દાખલ થયો. ત્યાં ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટ વસંતરાય પ્રાણશંકર

જોશી (પાછળથી ગોંડલના દીવાન થએલા પ્રાણશંકર ભવાનીશંકર જોશીના મોટા પુત્ર) હતા. એક ગ્રૅજ્યુએટ પોતાના ખાતામાં આવે છે એવા ગૌરવથી પ્રેરાઈ એમણે મને સૌથી સારા ગણાતા ખાતા 'કલેઈમ્સ'માં દાખલ કર્યો.

એ વખતે તો કલ્પનાનું સામ્રાજ્ય પૂર બહારમાં હતું. દેશળજી પરમાર ત્યાં ગરાસિયા કૉલેજમાં હતા. બચુભાઈ રાવત પણ ત્યાં હતા. એક ભાઇ વિજયશંકર ત્રિવેદી પોસ્ટઑફિસમાં કવિ આત્મા આવેલા. તે હજી વિજયશંકર કામદાર નામથી સુંદર કાવ્યપંક્તિઓ લખે છે. એમને એકને મેં એવા જોયા કે જેમણે જીવનભર સાહિત્યરસ ટકાવી રાખ્યો. બાકી ઘણાખરા કેળવણી સિવાયનાં બીજાં ખાતાંમાં જતાં, સાહિત્ય ખોઇ નાખે છે. આ બધા અવારનવાર મળે. ત્યારે સાહિત્યચર્ચા થાય, લેખો લખાતા રહે, માસિકો વંચાતાં રહે.

ઈ. ૧૯૧૪માં પોરબંદરમાં જીવનરેખા દોરી કાઢેલી. એ પ્રમાણે તો ૨૦ થી ૨૫ના વયમાં ગુજરાતી લેખો લખી નામના મેળવવાની અને ૨૫ થી ૫૦માં ગુજરાતી સાહિત્યોત્કર્ષ વાત કરવાની હતી. ૫૦ થી ૬૦ની વયનો સમય વાનપ્રસ્થ માટે ને ૬૦ થી ૮૦ સંન્યસ્તની કલ્પના હતી. એટલે આ રેખા પ્રમાણે તો સાહિત્યોત્કર્ષનો આ સમય વીતી રહ્યો હતો. એ વર્ષો હૃદયમાં રહેલી બે વૃત્તિઓના મહાયુદ્ધનાં હતાં: લાભદાયી, વ્યવહારુ, પ્રતિષ્ઠિત એવા જીવનમાં આગળ વધવું કે નિર્માલ્ય ગણાતા સાહિત્યોપાસનાના માર્ગે ઉપર જવું? આ ઘર્ષણનું સમાધાન ન થતાં, વચ્ચે તો તદ્દન ક્ષયની પ્રથમાવસ્થા જેવો જીર્ણ તાવ પણ, લાગુ પડચો હતો. પણ છેવટે વિજય સાહિત્યનો થયો.

મને મળેલી નોકરી જો એને ચોંટી રહેવાની શક્તિ હોય તો, ભવિષ્યના ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટ સુધીની શકયતાવાળી હતી. એને હું ચોંટી નહિ રહું તો ભવિષ્ય ગુમાવી બેસીશ એ ચિંતા પિતાને પણ હતી. એવામાં વળી એક અકસ્માત થયો. પોસ્ટલ ડિપાર્ટમેન્ટની એક બે ગ્રૅજ્યુએટ માટેની જાહેરખબર આવી.

'પોસ્ટલ ડિપાર્ટમેન્ટ' ને 'પેન્શનેબલ સર્વિસ'ની ધૂન તો રામજીભાઇએ ઠેઠ મૅટ્રિકથી મગજમાં ભરેલી. એટલે મેં અરજી કરી. તરત જ મળવા બોલાવ્યો. હું તો મનનો આનંદ માણતો ઑફિસે ગયો. ત્યાં જઇને ત્રણ દિવસની રજા જ લેવાની હતી. એટલામાં તો વસંતભાઇની જ ચિઠ્ઠી આવી. હું ઑફિસમાં ગયો. વસંતભાઇએ પૂછયું: 'તમે પોસ્ટલ ડિપાર્ટમેન્ટમાં અરજી કરીછે?' મેં કહ્યું: 'હા.' 'એ પોસ્ટલ સુપરિન્ટેન્ડેન્ટ અકસ્માત આપણા અય્યર સાહેબને ટ્રેઇનમાં ભેટી ગયા હશે તેમણે અય્યર સાહેબને કહ્યું લાગે છે. અય્યર સાહેબે આ મેમો મોકલ્યો છે.'

મેં મેમો હાથમાં લીધો ને મારું લોહી ઊડી ગયું. નોકરીમાંથી મુક્ત કરવાની એ નોટીસ હતી! માંડમાંડ મળેલું પરમ સદ્ભાગ્ય વેડફાઇ જતું હતું, અને એ કેવળ મારી મૂર્ખાઇને લીધે. હું સલામ કરીને બહાર નીકળી ગયો. મારા પિતાના અફસોસની કોઈ સીમા ન હતી મારું હૃદય, અમુક પરિસ્થિતિમાં, કોઇક વખત, એટલી બધી વિષાદમય વ્યથા ધારણ કરે છે કે, એ શરીરના તંતુએ તંતુને જાણે છિન્નભિન્ન કરી નાખે. એ વ્યથામાં ને વ્યથામાં મેં અય્યર સાહેબને મદ્રાસને સરનામે એક એવી મતલબનો કાગળ લખી નાખ્યો કે 'આવા દેખીતા અન્યાયનું પરિણામ તમને ન નડે એવું બને જ નહિ. આ કાગળ તમારા હાથમાં આવશે અને તમને એ અનુભવ થશે!' કાકતાલીય ન્યાયે બન્યું એવું કે આ બાજુ અય્યર સાહેબ કાગળ ફોડે છે, ને પેલી બાજુ તારનો પટાવાળો તાર લઇને એની સામે ઊભો છે. તારમાં એમની એકની એક પુત્રી વિધવા થવાના સમાચાર હતા!

એ વખતે ગોંડલના દીવાનપદે રણછોડદાસ વૃંદાવનદાસ પટવારી હતા. સજ્જન અને ધર્મનિષ્ઠ પુરુષ, વૈષ્ણવ ધર્મ પ્રત્યે એમને અચળ ભક્તિ. હું ત્યારે પામબાની હવેલીમાં રહેતો. ત્યાં પોતે ઘણી વખત આવતા ને મને ઓળખતા. એક દિવસ એમણે મને પૂછયું: 'તમે અય્યર સાહેબને કાંઈ લખ્યું છે?'

મેં કહ્યું: 'હા સાહેબ! એમણે મને અન્યાય કર્યો છે તે વિષે મેં લખ્યું હતું.'

'શું લખ્યું હતું?'

'લખ્યું હતું કે આનું પરિણામ તમારા જીવનમાં ન આવે એમ ન જ બને!'

'પણ આમ લખાય નહિ એ તો તમે સમજો છો ના? એમનો કાગળ મારા ઉપર છે. તમને તરત નોકરી ઉપર લઈ લેવાના છે. આટલા દિવસ પડયા તે તમારી રજામાં ગણી લેવાના છે. પણ જુઓ, હું તમને એક શિખામણ આપું. જે મનમાં આવે તે તરત બોલી કે લખી નાખવું નહિ!'

હું ઑફિસમાં જવા માંડચો. આ અનુભવે હવે મને ડહાપણ આવ્યું હતું. એક દિવસ લગભગ બાર વાગ્યે હું ફાઇલોમાં રત હતો ત્યાં અય્યર સાહેબ આવી રહેલા દેખાયા. તે ધીમે શાંત પગલે છેક મારા ટેબલ પાસે આવ્યા. જરાક મંદ પણ શોકભીના અવાજે એમણે કહ્યું: 'Are you satisfied now Mr. Joshi?'

ત્યાર પછી મેં કેટલાક મહિના ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટની ઑફિસમાં કામ કર્યું. પણ એ મારા સ્વભાવને અનુકૂળ ન હતું એટલે છેવટે તો હાઈસ્કૂલમાં જવાનું નક્કી કર્યું.

બચુભાઈ રાવત એ વખતે ગોંડલ છોડીને અમદાવાદ જવાની તૈયારીમાં હતા અને એમનો પ્રયાસ અમને પણ અમદાવાદ ખેંચી લઈ જવા માટેનો ચાલુ થયો હતો. દરેક પોતપોતાની શક્તિ અનુસાર આ હવામાંથી પોતાનાં ભાવિ સ્વપ્નાં ઘડતા. બચુભાઇને 'વીસમી-સદી' (માસિક) બોલાવી રહ્યું હતું. દેશળજીને એના કવિજીવન અને વ્યવહારજીવન વચ્ચે ગડમથલ હતી. પંડિતને આ બધાંમાંથી ભાગવું હતું. મારે કાંઈક સાહિત્યપ્રવૃત્તિ કરવી હતી. પરમાર, પંડિત, બચુભાઇ ને હું—એમ અમે ચાર જણા દ્દરદ્દરના રેલવેના પૂલ નીચે રેતીમાં બેસીને જે કલ્પનાઓ કરતા એ અમારા મનથી એ વખતે અદ્ભુત હતી!

એ વખતે બચુભાઈ 'જ્ઞાનાંજલિ' નામે હસ્તલિખિત કાઢતા. એમની એ ધ્યેયનિષ્ઠા એટલી એકાગ્ર હતી કે એમાંનો અક્ષર સુદ્ધાં પારકે હાથે ન લખાતો! આમાં પોતાનો કેટલો વખત જાય છે એનો એ ખયાલ રાખતા નહિ. એમની તો એક સિદ્ધાંતને વરેલી નીતિ હતી: હસ્તલિખિત એટલે ગમે તેમ, ગમે તેવા અક્ષરે, ગમે તેટલાએ લખેલું એમ નહિ; એક જ જણાએ સુંદર મરોડદાર અક્ષરે લખેલું! એમનો પણ જો આ સ્વભાવ ન હોત તો ત્યાં ઘણું ઉજ્જવળ ભાવિ મળી શક્યું હોત.

મારે માટે જાણે લખવું એ એક પ્રકારનું દિવાસ્વપ્ન બન્યું હતું. ઘણી વખત હું રાત્રે બે વાગ્યે પણ લખવા બેસી જતો, ને ચાર વાગ્યે તો અચૂક ઘાસલેટિયું ફાનસ સળગતું હોય. લખવામાં સંવાદો, કલ્પનાઓ, નાટક જેવી કૃતિઓ, વાર્તાઓ, કવિતા, વિચારલેખો, પ્રેમપત્રો—એમ બધું જ ચાલતું.

એ વખતે 'નવચેતન'માં 'પૃથ્વીશ' વાર્તા શરૂ થએલી. ચાંપશીભાઇએ એનાં ચિત્રો શ્રી રવિશંકર રાવળ પાસે દોરાવવાનો નિર્ણય કર્યો હતો. એ વસ્તુ પણ મને ઘણી આનંદ આપનારી બની ગઈ. એ આખી નવલકથા રાત્રે બે થી પાંચના સમયમાં ઘણીખરી લખાઈ છે. એના ઉપર ઝોલાના વાચનની છાપ છે. લૉર્ડ લિટનની નવલકથાઓના પણ ઊંડા રહસ્યવાદે ઘણી અસર કરેલી હતી. આ નવલકથાના સંવાદો (અને બીજા પણ કેટલાક સંવાદો 'નવચેતન'માં પ્રગટ થયા હતા તે)

વાંચીને સ્વ. બાપુલાલ નાયકે એમની કંપની માટે નાટક લખી આપવાની માગણી કરી હતી. ત્યાર પછી સારાં નાટકો લખવાની મને ઘણી ઉત્કટ ઇચ્છા છતાં વાર્તા, નવલકથાઓ અને બીજાં પણ ઘણાં લખાણો ચાલતાં રહ્યાં હોઈ સ્વસ્થતાથી ત્રિઅંકી સુંદર નાટકો આપવાની મનની વાત મનમાં જ રહી ગઇ.

હાઈસ્કૂલમાં જૂનાં 'પીઅર્સન' વગેરે અંગ્રેજી માસિકોની ફાઇલો હતી તે હું વાંચવા ઘેર લાવતો. એમાંથી નવલિકાનું રૂપ મનમાં બંધાતું હતું. એમાંથી જ લાગ્યું કે સાહિત્યમાં જે રૂપ-આકર્ષણ નવલિકામાં છે તે બીજામાં નથી. પણ આ શિક્ષકજીવનમાં એક વસ્તુ હમેશાં ખૂંચતી: શિક્ષકનું સ્થાનિકમાં કે સમાજમાં કાંઇ જ મહત્ત્વ નહિ. એ સ્વમાન હણનારી વસ્તુથી ઘણી વખત એમ લાગી આવતું કે બધું સંકેલીને પણ કોઈક એવી જ નોકરી લેવી જેમાં કિંમત વધતી હોય. ઘણી વખત કુટુંબમાં વાત થતી કે રેલ્વેની ઘણી સારી નોકરી મેં ગુમાવી દીધી હતી. એ વાતથી વેગ પામીને, કે પછી આવી નોકરી પાછી મેળવવી એ શક્તિ બહારની વાત નથી એવું સિદ્ધ કરવા, મેં એક બીજા રેલવે અધિકારીને સાધ્યા. મહારાજા પાસે એમનો એ વખતે પડચો બોલ ઝીલાતો. પરિણામ અનિવાર્યરીતે ધાર્યું હતું તે જ આવ્યું. ફરીને મારે માટે રેલવેનો ઑર્ડર નીકળવાની તૈયારી થઈ રહી. સવાલ માત્ર ચોવીસ કલાકનો જ બની ગયો.

પણ જ્યારે સિદ્ધિ પ્રત્યક્ષ દેખાઈ, બરાબર ત્યારે જ મહા મનોમંથન શરૂ થયું. માણસનો દુશ્મન માણસના મનમાં રહે છે, તો એનો મિત્ર પણ ત્યાં જ રહે છે એનો પ્રત્યક્ષ અનુભવ થયો. સવારમાં પેલા અધિકારી સાહેબ સાથે નક્કી કર્યું. પછી તે વખતના રેલવે ઑડિટર પરમાર સાહેબને ત્યાં મારું ટ્યૂશન ચાલતું હતું. ત્યાં હું ગયો. ગૅઝેટમાં મારું નામ આવનાર છે એ ખબર એમને હોય તેમ લાગ્યું. પહેલાં રેલવેમાં રખાવવા માટે મારી ભલામણ એમણે જ કરી હતી.

એ મારું મનોમંથન સમજી ગયા. તેમણે ધીમેથી કહ્યું: 'તમે રેલવેમાં આવીને જ આગળ વધી શકો એવું કાંઈ નથી! આગળ તો માણસ ગમે તે ઠેકાણે વધી શકે. પોતાનામાં રતિ હોવી જોઇએ!' એમના આ શબ્દોએ એ વખતે ચમત્કારિક અસર કરી. તે આખી બપોર હું નદીકાંઠે ને બગીચાઓમાં રખડચા જ કર્યો. સાંજે પાછો ફર્યો ત્યારે વલણ નિશ્ચયાત્મક બની ગયું હતું રાત્રે આઠ વાગ્યે પેલા અધિકારીને જઇ કહ્યું કે મારે રેલવેમાં આવવું નથી. એના આશ્ચર્યનો પાર રહ્યો નહિ! એને મારી મૂર્ખાઇ ઉપર હસવું કે ખિજાવું એ સમજાયું નહિ. મારા અનિશ્ચયાત્મક વલણથી પોતે અગવડમાં મુકાતા હતા એની એમને ચિંતા હતી, એટલે એમણે મને કાંઈક ઉપેક્ષાભરેલી રીતે વિદાય જ કરી દીધો, ને ગમે તેમ કરીને તે જ વખતે દોડાદોડી કરી મૂકી 'ગૅઝેટ'માંથી ફેરફારી કરાવી નાખી.

પણ કોઇને ખબર નહિ એવો એક ફણગો આમાંથી ફૂટચો. બીજે જ મહિને મારી બદલી કન્યા હાઈસ્કૂલમાં કરવામાં આવી! શિક્ષકોને માટે કન્યા હાઇસ્કૂલ નીચી કક્ષાની ગણાતી, એટલે ત્યાં થએલી બદલી મને ખૂંચી. તે જ વખતે મનમાં નિશ્ચય કરી લીધો કે અહીં હવે લાંબો વખત રહેવાનું નથી.

બચુભાઇ રાવત ત્યારે અમદાવાદ જઇ 'સસ્તાસાહિત્ય'માં બેઠા હતા એટલે દેશળજી પરમારને તેમજ મને અમદાવાદનું આકર્ષણ વધ્યું. આ વખતે ઈન્દુલાલ યાજ્ઞિકના 'યુગધર્મ'માં જોડાવાનો સંકલ્પ બળવાન બન્યો હતો. ઈન્દુલાલ યાજ્ઞિકને લખાણો મોકલેલાં. બચુભાઇ રાવતે એ માટે ઘણી મહેનત કરેલી. એમનો એ વિષે એક કાગળ છે. તેમાં 'કુમાર'નું પ્રથમ સ્વપ્નદર્શન પણ જોવા મળે છે. પંડિત રવિશંકર પણ એ વખતે અમદાવાદ; એટલે સૌએ ભેગા થઇને કોઇ સુંદર માસિક કાઢવું એવી રવિભાઈની મૂળ યોજના હતી. એ વિષે જ બચુભાઇએ લખ્યું છે: 'કામની યોજનાઓ પાકી થતી જાય છે...તેં ઇન્દુલાલને મોકલેલા લેખોનો આખો થોકડો ગેરવલ્લે ગયો છે.... મેં હમણાં 'ગૃહલક્ષ્મી' નામનું નવું હસ્તલિખિત માસિક કાઢયું છે. આવતી કાલે એ બહાર પડશે.''

એ અરસામાં જ 'પોસ્ટ ઑફિસ' વાર્તા લખાએલી. તેમાં લેખકનું નામ ન હતું. 'મળેલું' એમ લખ્યું હતું. એ પ્રગટ થઇ એપ્રિલ ૧૯૨૩માં. તે પહેલાં 'સાહિત્ય'ના ૧૯૨૨ના માર્ચ અંકમાં પણ એક વાર્તા મેં આપેલી અને લેખક તરીકે તખલ્લુસ 'પાગલ' એમ મૂક્યું હતું. 'કુમારપાલ' વિષેનો એક ઐતિહાસિક નિબંધ પણ એ માસિકમાં પ્રગટ થએલો. તે પહેલાં 'સિદ્ધરાજ જયસિંહ' પણ છપાએલો. તેમાં તખલ્લુસ 'ધૂમકેતુ' છે. મુનિ જિનવિજયજીએ વર્ષો પછી કહ્યું હતું કે મંતવ્યો અને માહિતી એક બાજુએ મૂકીએ તો તમારો એ નિબંધ મને ઘણો જ આકર્ષક લાગ્યો હતો.

'પોસ્ટ ઑફિસ'ની વાર્તા પછી નવલિકાનું રૂપ મનમાં ઠસી ગયું જણાય છે. એ પછી 'તણખા'ની જ વાર્તાઓ આવી છે. તે વખતે સાહિત્ય-કલા-જીવન જીવવાની ઉત્કટ ને અદમ્ય ઇચ્છા અમારા બધામાં પ્રવર્તી રહી હતી. એ પ્રતાપ રાષ્ટ્રીય ઉત્થાનનો હતો. રાષ્ટ્રોત્થાનની એ હવામાં મેં પણ પંડિત, રવિભાઈ, દેશળજી પરમાર અને બચુભાઈ રાવતની પેઠે અમદાવાદ તરફ જ નજર માંડી.

'વીસમીસદી'ના મૃત્યુ પછી જે સચિત્ર માસિકો નીકળ્યાં તેમાં 'રંગભૂમિ'નું સ્થાન અનોખું હતું. એની મુખ્ય નેમ રંગભૂમિનો ઉદ્ધાર કરવાની હતી, પણ પછી તે સર્વદેશી બન્યું હતું અને એમાં વાર્તા, નિબંધો, નાટકો, ઇતિહાસ એમ બધું આવતું. 'રંગભૂમિ' નૃસિંહદાસ વિભાકરે કાઢેલું. વિભાકરનાં નાટકો તે વખતે વખણાયેલાં. તેમાં મેં બેચાર લેખો મોકલેલા. એમાંના જ એક લેખે મને પ્રકાશમાં આણ્યો. વિભાકર ઘણું કરીને જૂનાગઢમાં ભણેલા. તે વખતે એમના ગુરુપદે કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા હતા. ત્યારે સૌરાષ્ટ્રમાં કૌશિકરામભાઈનું નામ એક મહા સમર્થ 'હેડમાસ્તર' તરીકેનું હતું. એ કૌશિકરામભાઈ હવે અમદાવાદમાં શેઠ અંબાલાલ સારાભાઈને ત્યાં રહ્યા હતા. 'રંગભૂમિ'માં જ્યાં મારો લેખ પ્રગટ થયો હતો, ત્યાં જ અકસ્માત સામે પાને, એમનો લેખ હતો. એ વખતે ગોંડલમાં બેઠાં મેં એક ધંધો આદરેલો, કે જ્યાં કોઈ જાહેરખબર દેખાય ત્યાં અરજી કરવી. એ પ્રમાણે અમદાવાદની એક ઇતિહાસ-શિક્ષક માટેની જાહેરખબર વાંચીને પણ કરેલી. કૌશિકરામભાઇએ પાછળથી કહ્યું તેમ: 'મેં રંગભૂમિમાં તમારો લેખ વાંચ્યો હતો. ત્યાર પછી એક દિવસે સરલાબહેને વાત કરીકે ઇતિહાસ-શિક્ષકની ઘણી અરજીઓ આવેલી છે. એમાંથી કોને ઈન્ટરવ્યૂ માટે બોલાવવા જેવા છે તે આજે નક્કી કરી લઇએ.' કૌશિકરામભાઈ અરજીઓ જોવા મંડચા. એમાં એમની દષ્ટિએ મારી અરજી પડી, અને તરત એમણે વાંચેલો મારો લેખ, યાદ આવ્યો. એમણે મને ઈન્ટરવ્યૂ માટે બોલાવવાની ભલામણ કરેલી. પરિણામે હું અમદાવાદ આવ્યો.''

શ્રી 'ધૂમકેતુ'ના ઘડતરકાળની કથા અહીં પૂરી થાય છે. અમદાવાદમાં આવ્યા પછી શેઠ અંબાલાલ સારાભાઇને ત્યાંથી સર ચીનુભાઈ બૅરાનેટના કુટુંબમાં શિક્ષક તરીકે તે ગયા અને એ વ્યવસાય દરમ્યાન તથા તે પછી નિવૃત્તિના સમયમાં છેક જીવનના અંતસુધીના લગભગ ચાર દાયકા એમણે આસનબદ્ધ થઇને જે સાહિત્ય સર્જનનો પ્રવાહ વહેવડાવ્યો તથા તે માટે ગુજરાતે એમને જે મબલખપણે ધન અને કીર્તિ બંને વડે નવાજ્યા એની કથા તો સુવિદિત છે.

કલદાર વિનાની દિલ્લગી ને સ્વાર્થરહિત પ્રણયખુમારીવાળું સૂર-પુર વીએના

રંગગઠરિયાં ૫૯

લેખક • ચંદ્રવદન ચી. મહેતા

ઈ. ૧૯૫૫માં ઑસ્ટ્રિયા ઉપરથી લશ્કરી કબજો ઊપડચો અને એને બીજે જ દિવસે ત્યાં રોશની, તાજગી અને તમન્ના તરવરી રહ્યાં. ગઈ કાલને ભૂસી નાખી પ્રજાએ એક થઈ પુનર્રચના શરૂ કરી દીધી. પણ આપણે એની વિગતોમાં નહિ ઊતરીએ. રહેવાને ઘર નથી, ખાવાને અન્ન નથી, બાંધકામના કામને છેડો નથી, ચારે કોર શત્રુએ બૉંબવર્ષા કરી ખડકાવેલો ભંગાર પડચો છે, આલીશાં મકાનો જમીન-દોસ્ત છે, રસ્તામાં ભોં ખોદાઇને ફૂદફૂદી ઊંડા ન રૂઝાએલા ફોલ્લા જેવાં ઊંડેલાં ઘારાં પડચાં છે, એક વખતના બાદશાહી ઠાઠમાઠ દોરદમામ અને ભભકથી ઊભરાતા શહેરમાંના ત્રણસો સાડી ત્રણસો વર્ષના સતત ચાલુ બાંધકામે બાંધવામાં આવેલા વિશાળ રાજમહાલયો અને બર્ગ પ્રાસાદોની અડીખમ અને તોતીંગ દીવાલોમાં ક્યાંક ગાબડાં પડચાં છે તો ક્યાંક એ જમીનદોસ્ત થઈ છે, એમાં શાહી નાટકશાળા—બર્ગ થીએટર અને સ્ટેટ ઓપેરાઘર, કાળની નહિ પણ કાળ કરતાં બૂરા દુશ્મનનાબૉંબમારાથી ભાંગીને ભોંય પડચાં છે.ભગવાન ઈસુની પ્રાર્થના કરવા માટેનાં ગગન ધૂમતાં શિખરોવાળાં દેવળો પણ ઈસુની ભક્તિ કરનારાઓના હાથે જ બચવા પામ્યાં નથી. હજી આજે જૂની જાહો-જલાલીની રોનકનો આછો ખયાલ ચોમેર નજર કરતાં આવી જાય છે.

ઈ. ૧૭૭૬માં આ બર્ગ થીએટર, યુરોપની જૂનામાં જૂની નાટક-શાળા જે પારી(સ)ની કૉમેડી ફ્રાંસ્વા (બંધાયા સાલ ૧૬૮૦) એની બાંધણીને અનુસરી–પણ અનેક સુધારાવધારા સાથે–બાદશાહ જોસેફ બીજાએ બંધાવ્યું. ઈ. ૧૮૬૩માં બંધાવાનું શરૂ થઈ ૧૮૬૯માં જે બંધાઈ રહ્યું તે સ્ટેટ ઓપેરા હાઉસમાં ત્યારે ૧૬૫૮ પ્રેક્ષકો વગર માઇક્રોફોને ઓપેરા સાંભળતાં. અહીં ૧૮૦૫માં પહેલી વાર ભજવાયો બેટોવનનો ફિડેલિયો ઓપેરા; અહીં સંગીતકારોને લઈ ઑર્કેસ્ટ્રા કંડ-ક્ટ કરવા ઊભો રહેલો ખ્યાતનામ રીચાર્ડ વાગ્નર. ત્યાર બાદ ખડા હુવા જગમશહૂર ફ્રાન્ઝ લેહર, કાર્લમૅન અને આઈસ્લર. એ બે અનેરી બાંધ-ણીનાં, કલાથી દેદીપ્યમાન, અદ્ભુત કારીગીરીથી મોહક અને આકર્ષક, સો ટચના સોનેરી રંગોથી ભભકદાર થીએટરો ૧૯૪૫ના માર્ચમાં, એના ઘુમ્મટની આરપાર ઝીકાએલા બૉંબ થકી તૂટચા, અને લાખો રૂપિયાની કિંમતના બસો બસો વર્ષના સંઘરાએલા વિવિધ પ્રકારના કિંમતી પોષાક, અસબાબ, રોનકદાર પરદા–ઝાલર, ખ્યાતનામ ચિતા-રાઓએ ચીતરેલાં અમૂલ્ય સેટિંગ–સજાવટ એ બધાં ઉપર પળવારમાં આગની જ્વાલા ફરી વળી, જોતજોતાંમાં બધાંને રાખ બનાવી દીધાં. કહે છે કે માનવી યાત્રાએ જાય એમ આખા વીએના શહેરનો એકેએક રહીશ ૪૫થી ૫૫ના વર્ષમાં એક કરતાં વધારે વાર ત્યાં જઈ, કોઈને ફરિયાદ કર્યા વિના આંસુ સારી આવ્યો છે.

અનિતા બોઝે મને બે સ્થપતિઓ સાથે ઓળખાણ કરાવી. એમણે એ ભંગારનો ચિતાર મારી નજર સામે ખડો કર્યો; પણ વાત કરતાં એમની આંખમાં પણ ઝળઝળિયાં આવતાં હતાં : દુશ્મને બૉંબ નાખી તારાજી કરી એ કારણે નહિ, દુશ્મને એમની પ્રજાને વહાલી એવી નાટકશાળાઓનું નિકંદન વાળ્યું એ કારણે. આંસુ કેમ ન ટપકે? સામા-ન્ય માણસના જીવતરમાં, એના મનન-વ્યવસાયમાં, એની રોજિંદી ઘટમાળમાં, એની ફુરસદની ઘડીઓમાં સૈકાઓથી ઑસ્ટ્રિયા અને હંગેરીનાં પ્રજાજનોમાં વંશપરંપરાજન્ય સંગીતપ્રેમ અને નાટકશાળા પ્રત્યેની ભક્તિ ઊભરાતાં ચાલ્યાં આવે છે. દુઃખ કેમ ન થાય? સૈકાઓથી સામાન્ય માણસે સતત સેવેલી કલાસાધના અને કલાસર્જન ભ્રષ્ટાય, ભંડાય, ભંગાય, ભસ્મીભૂત થાય, એથી કોનું દિલ નહિ દુભાય?

વળી આ નગરીના જમા પાસામાં એક બીજી વાત ઉમેરો; પારી (સ), મ્યૂનિક, મિલાનો, ફ્લૉરેન્સ, રોમ, વેનિસ, બૂડાપેસ્ત, વૉર્સો, બર્લિન, બૉન, આમ્સ્ટરડામ, લિપઝિક, પ્રાગ અને પડોશનું સાલ્સ-બર્ગ, એ બધાં સંગીત સર્જકોનાં યાત્રાધામો; પણ એ સૌની યાત્રાના કળશરૂપ, યાત્રાનું પૂરું ફળ મેળવવા આવવું પડે તેવું તે તો વીએના. ફ્રાન્સ અને જર્મનીની સરહદ ઉપરથી ર્હાઈન સરકતી ચાલી જાય છે. એની નજીકથી ફ્રીબર્ગ આગળથી ડાન્યૂબ નીકળી, ને એક પછી એક શહેરોને બંધાવતી, વિવિધ પ્રકારનાં લોકગીતો ગાતી વીએનાને વીંટ-ળાતી ચાલી છે. ત્યાં એ ભૂમિમાં જન્મ્યો શૂબર્ટ, જન્મ્યા બાપદીકરો જોહાન સ્ટ્રૉસ, ફરતા ફરતા આવ્યા બેટોવન, સાલ્સબર્ગથી આવ્યા મોત્સાર્ત, હેડિન બ્રામ્સ, સ્પેનથી આવ્યો માર્ટિન સોલર. સૌ યાત્રા-ઓમાંનું શ્રેષ્ઠ ધામ વીએનામાં તે ત્યાં આવી વસવાટ કરી રહ્યા, રોટલો કમાયા, રખડચા રઝળ્યા, સંગીતની સાધના સાથે પ્રણયસાધના કરી. કંઇક એમાં ફાવ્યા, તો કંઈક પ્રેમમાં ફસાઈ નિરાશાને વર્યા; વળી જીવ-નભર સંગીતના આયોજનોમાં જીવતર ગાળી કંઈકે આખરી શય્યા પાથરી તે પણ અહીં વીએનામાં. બહુ સામાન્ય માણસો; કોઈ રાંધના-રીના તો કોઇ પુસ્તક બાંધનારાઓના દીકરાઓ, કોઈ ભઠિયારાના તો કોઈસામાન્ય પંતુજીના વંશજો, ઘરમાં વડીલોની ખફા મરજીછતાં સંગીત-ને ચાળે ચડયા, અને અનહદ નાદની અમર સુરાવલી નીતારી જગતને ખોળે ધરી, હજારો પ્રેક્ષકોનાં હૈયાં ડોલાવ્યાં, તે અહીં, વીએનાનીનાટક-શાળામાં, અહીંનાં ઓપેરા હાઉસોમાં.

વીએનામાં પોતાના ઘરમાં હેડિન બેઠો છે; ગામનો ખાટકી ત્યાં એકાએક આવી પોતાની દીકરીના લગ્નપ્રસંગ માટે લાયક એવી કોઈ સંગીતરચના માટે આજીજી કરે છે; ચોવીસ કલાકમાં હેડિન રચના યોજી આપે છે;લગ્ન બાદ થોડા દિવસ રહી હેડિનનીયે પોતાના આંગણા-માં એ ને એ જ રચના વાદિત્રોમાં વાગતી સાંભળે છે; એ બારી બહાર ડોકાય છે; ત્યાં એ જ દીકરીનો બાપ બૅન્ડ વગાડનારાઓ સાથે એક સરસ ફૂલહાર થકી શણગારાએલો બળદિયો લાવી ઊભેલો દેખાય છે : 'હે ખાંસાહેબ! બીજું તો હું ગરીબ મનેખ શું આપું? પણ આ સરસ બળદ છે, આપ મારી રંકની આટલી ભેટ સ્વીકારો.' હેડિન એ સ્વી-કારે છે અને એ રચના 'બળદની મિન્યુએટ' નામે પ્રસિદ્ધ થાય છે!

એક વાર એ જ હેડિન લંડન જાય છે; ત્યાં 'ગૉડ સેઈવ ધ કિંગ' (ઈંગ્લંડનું રાષ્ટ્રગીત) સાંભળે છે; પાછો પોતાને વતન આવી ઑસ્ટ્રિયા માટે એ મતલબની સંવેદનાશીલ અને સૂરીલી, તાર ઉપર રણકે એવી યોજના રચી કાઢે છે; અને એમાં એ ખ્યાતનામ થાય છે.

વર્ષો બાદ ઈ. ૧૮૦૯માં વીએનામાં એ મરણપથારીએ પડચો છે; નેપોલિયન શહેર ઉપર ગોલંદાજી શરૂ કરે છે; તોપનો એક ગોળો બરા-બર હેડિનના ઘરની બાજુમાં જ ધણધણે છે; નોકરચાકરો, પડોશીઓ ગભરાટમાં પડે છે ત્યારે હેડિન માંડમાંડ ઊઠી, પોતાના પિયાનો ઉપર જઈ પેલા રાષ્ટ્રીય ગીતના બંધ વગાડી રહે છે; સૌ સૌને સ્થાને અણ-નમ અદાથી ઊભાં રહે છે; બાજી સુધરી જાય છે; હલ્લો ખાળવામાં

આવે છે; થોડા જ દિવસો બાદ હેડિન આ દુનિયામાંથી વિદાય લે છે. એનો રાષ્ટ્રીય ગીતનો બંધ સદા માટે અમર થઈ જાય છે.

વીએનામાં ઋતુ વસંત બેઠી છે; તરુવરો તાજગીથી લથબથી ઊઠયાં છે; ત્યાં વીએનાના એક મયખાનામાં બેટોવન(બીથોવન) મિત્રમંડળી સાથે બિરાજમાન છે; એની મોહોરદાર થેરેસા પણ હાજર છે; કો'કે ત્યાં બરાબર તાલ માપવા, મેટ્રોનો(ટકટકિયું)નું સંચાળુ યંત્ર બનાવીને ગોઠવ્યું છે; એમાં ધારી ગતિએ તાલમાપણી થઈ શકે એવી યોજના જોઈ બેટોવન ખુશખુશ થઈ જાય છે; અને એની આઠ નંબરની વિખ્યાત સિમ્ફની એમાંથી જન્મે છે! ફ્રાન્સથી વીએનામાં આવી રહેલો સંગીતકાર બર્લિયો(ઝ) એ બંધ માટે લખે છે કે 'આવી સૂરાવલી કદીક જ સંયોજકના મગજમાંથી ફળે છે. આ ફળી છે, કારણ એ સીધી સ્વર્ગથી ઊતરી આવી છે!'


એક નહિ, આવી અનેક કથાઓ, આખ્યાયિકાઓ, ટુચકાઓ વીએનામાં ઠેર ઠેર જાણવા મળે છે; ખૂણેખાંચરે એ ત્યાં પથરાએલા પડયા છે; લોક જમાનેજમાને એને ઓર બહલાવતાં રહ્યાં છે. મોત્સાર્ત (મોઝાર્ટ) અને બેટોવન કેટલાં ઘરોમાં રહ્યા, ક્યાંક્યાં એમણે ક્યાં અનેરાં ગીત રચ્યાં, ક્યાં કોની આગળ વગાડયાં, ક્યા ઘરમાં એણે જલસા યોજ્યા, એની યાદી બનાવવા બેસીએ તો ગણ્યાં ગણાય નહિ એટલાં ઘરો જોવા ભટકવું પડે. બેટોવન સ્વભાવનો મારા જેવો ચીડિયો. બહાર કોઈ ઘોંઘાટ કરે યા પડોશી પજવે કે તરત આ ઘર ખાલી કરી બીજે રહેવા જાય! એની 'ઈરોઈકા' નામની સિમ્ફની એણે નેપોલિયનને અર્પણ કરી હતી, પણ નેપોલિયને જ્યારે 'શાહાનશાહ'નો ખિતાબ ધારણ કર્યો ત્યારે બેટોવને ખીજાઇને 'અરે! એ ભૂલ્યો કે આખરે તો એ એક સામાન્ય માણસ જ છે. આ તે શી મહત્ત્વાકાંક્ષા?' કરી એ અર્પણના શબ્દો એમાંથી પોતાને હાથે છેકી નાખ્યા.

વીએનાની આસપાસનાં ગામડાંઓમાં ગ્રીનઝિંગ કે કોરનબર્ગ, ગિરિમાળ ઉપર ઝરૂખે બંધાએલાં યા ગિરિકુંજોમાં ઝૂલતાં, નાનીનાની વસાહતોમાંનાં સામાન્ય ધર્મશાળા જેવાં રેસ્ટોરાંમાં શૂબર્ટ-મોત્સાર્ત-બેટોવનની સંગીતકણિકાઓ રોજબરોજ રણકતી સંભળાય છે. પણ વીએનાને મદીલું-રંગીલું, હળવા સંગીતમાં નશીલું બનાવનાર તો પેલા બાપ અને દીકરો જોહાન સ્ટ્રૉસ (કે સ્ટ્રાઉસ?). એમણે જગમશહૂર વૉલ્ટઝ નૃત્યને ક્રીડંતાં કરીને ભારે કરી છે. એક સામાન્ય નાચરંગ કરવાની જગ્યાના માલિકનો દીકરો તે જોહાન સ્ટ્રૉસ. વૉલ્ટઝને એણે સંજીવની પાઈ, વૉલ્ટ્ઝના સર્જકનું બિરુદ મેળવ્યું. એનો દીકરો તો છની વયે વૉલ્ટ્ઝની આયોજના કરતો કરતો વૉલ્ટ્ઝના બેતાજ બાદશાહ તરીકે પંકાયો.


આજે નૃત્ય એટલે શરીરના તાલબદ્ધ હાવભાવ, અભિનયની ક્રિયા; પણ અસલમાં એનો અર્થ ધર્મક્રિયા સાથે સંકળાએલો મળે છે. પ્રભુને રીઝવવા, કોઈના ઉપર ભૂરકી નાખવા, માંદાઓને રોગમુક્ત કરવા ધર્માધિકારીઓ નૃત્યક્રિયાનો ઉપયોગ કરતા. જતે કાળે આંગિક અભિનયમાં ભાવપ્રદર્શન કરવામાં એ ક્રિયા પરિણમી. આ તો જગજૂની વાત. એમાં ક્યાં આપણે અટવાઇએ? પણ ઈ. ૧૭૦૦ની આસપાસ ઑસ્ટ્રિયામાં 'લાંડલર' નામનું એક લોકનૃત્ય થતું. એમાં સ્ત્રી-પુરુષો હાથોહાથ મેળવી-ભેટીને પણ-નાચતાં થયાં, અને સુગાળવાઓનાં નાકનાં ટીચકાં તડતડી ઊઠયાં. આ નૃત્યનો ત્રિતાલ પર આધાર. હૃદયંગમ આયોજન. લોકગીતની લીટીઓની પકડ. ફ્રાન્સમાં શૉપેં એવા અખતરા કરતો. બેટોવને પણ એ રચનામાં જમાવટ કરવી શરૂ કરેલી; પણ એના ઘાટને મઠારવામાં, એમાં ભારોભાર રસ ભરવામાં, એની રમતિયાળ જરા ધીમી, જરા વેગીલી, જરા તેજીલી, જરા નિંદરિયાં માદક ચાલમાં આયોજનો રચવામાં નાના સ્ટ્રૉસે હદ કરી નાખી. એ યુરોપ ફર્યો. એ એક જ ઘાટમાં અવનવા બંધ બાંધતો ચાલ્યો. પોલૅંડથી 'મઝુર્કા' લાવ્યો, બોહેમિયાથી એમાં 'પોલ્કા' ગૂંથ્યો, ફ્રાન્સમાંથી 'રોંદો'નો રંદો માર્યો, હંગેરીમાં નાચતાં (અસલ ભારતમાંથી—ખાસ કરી રાજપૂતાનામાંથી પરવારી નાઠેલાં ને ફરતાં રહેતાં) જિપ્સીઓનાં નૃત્યોમાંથી 'આલાઝોપા'ની ઝણઝણાટી વણી, જાતજાતના વૉલ્ટ્ઝની સૂરાવલીની વીએના શહેર પર એણે ચાદર પાથરી દીધી! કાફેઘરોમાં, શેરીઓમાં, ભોજન-સમારંભોમાં અને રાજમહાલયોમાં ટરાલ્લા ટ્ર; પછીના તાલે પહેલો ઠમકો, મુલાયમ ફૂદરડી બાદ બીજો લહેકો, નિંદરાતી પગલીઓ બાદ ત્રીજો લટકો—એમ, એક જ જુવાન જોડી નહિ, પણ બે-પાંચ, દશ-પંદર જોડાંઓ ઠેરઠેર, કવિઓએ બિરદાવેલી, ન કાળી ન ભૂખરી પણ અતિશયોક્તિના રંગે રંગેલી 'બ્લ્યૂ' ડાન્યૂબ નદીની લહેરો જેવી ગીતની લીટીઓ વણી, મણિમાળા જેવી ચળકતી વૉલ્ટ્ઝની રચનાઓમાં સજોડે થનગનવા લાગી. શિયાળો ગયા બાદ વીએનાની ઉત્તરે આવેલી હિમનાં અસ્તર ખંખેરી વસંતની લહેરકી અનુભવતી, એની વિવિધ વનરાજીઓમાં, પંખીગણોના શરૂશરૂના મધુરા કલરવ થવા માંડે એ, અને તરુવરો મન્દમન્દ ખરતાં પાંદડાંને પૂરાં ખંખેરી નવો સ્વાંગ સજે એ સમયનો અતિશય ઝીણો જે રમ્ય રવ ઉત્પન્ન થાય એ, અને સાથે, એમાંનાં કદાવર તરુવરોને પડખે ઊભેલા ભરવાડો પોતપોતાની વાંસળીઓમાં મીઠી હલકો ભરી આહ્લાદક, કદીક માદક, કદીક મીઠી મૂંઝવણ પેદા કરી ગૂઢ સંકેત સૂચવતી રમતિયાળ સૂરાવલીઓ વાયુમાં વણે એ, – એનો ત્રિવેણી-સંગમ સાધનારા વૉલ્ટ્ઝની રચના વીએનાને તો ઘેલું કરે, (એ તો બરાબર), પણ પછી તો એ વૉલ્ટ્ઝ ઉપર આખું યુરોપ ફેરફૂદરડી ફરવા માંડે એમાં શી નવાઈ?

એક સાંજે શહેરમાંથી પસાર થતી નદી ડાન્યૂબની એક કૅનાલને કાંઠે બહુ જ આકર્ષકરીતે બાંધેલા ઘાટને મથાળે પથરાએલા બાગમાં અમે ત્રણ ફરતાં હતાં; અનિતા, માર્થા અને હું. માર્થા અનિતાની બહેનપણી, સંગીતની શોખીન, જોહાન સ્ટ્રૉસની ભક્ત. એણે બાગમાં કંડારેલા સ્ટ્રૉસના સ્મારક સામે લઈ જઈ અમને ખડાં કરી દીધાં. ભવ્ય, આલીશાં કશું નહિ. સ્ટ્રૉસના પૂતળાની આસપાસ રળિયામણી કમાન; એ કમાનમાં વૉલ્ટ્ઝની સૂરાવલી સાંભળી ઘેલી થએલી, અંગ મરોડતી સોળેક ગોપીઓ; એમાંની કેટલીક તો હવામાં ઊડતી જ લાગે એવી; કેટલીક – એ નક્કર પથ્થરની પ્રતિમાઓ પણ – ફરફરતા વાયુમાં ઓગળતી લાગે એવી. દશ-પંદર મિનિટ ઊભા રહો તો એ પથ્થરમાંથી ધીમેધીમે વૉલ્ટ્ઝની પદાવલીઓ પાંગરતી સંભળાયા વિના ન રહે. બહુ નજાકતથી કરેલા એ મનોરમ સ્મારકને જોઈ સ્તબ્ધ જ થઈ જવાયે.

આવી એ નગરી; નાટયકાર મુનિ ભરતે ભાવના વિભાગમાં સૂચવેલા વિભાગોમાં ઉદ્દીપન વિભાવથી તરવરતી નગરી; શહેરની આસપાસ રોમાંચક સરિતા; એની આસપાસ છવાએલાં, વિસ્તરતાં, ગૂઢ સંકેત સૂચવતાં અને વાતાવરણને મુગ્ધ કરે એવા સંગીતથી સભર કરતાં વનઉપવનો – વાયોનીઝ વૂડ; ત્યાં પ્રણયની ઊર્મિ ન ઊછળે એ કેમ બને? વીએનાએ અનુભવેલી વેદના પારીએ(સે) અનુભવી નથી. ફના થઈ જવાની ફિલસૂફી જાણનારી નગરી જ પ્રેમની લહાણી માણી જાણે છે. પ્રમોર્મિમાં નાહતાં, કે પ્રણયની મસ્તી માણતાં અહીંની સુંદરી પારી(સ)ની રમણીની માફક પૈસામાં ભાવ બોલાવતી નથી એ આ નગરીની ખૂબી છે; એટલે દરજ્જે પારી(સ) કરતાં ચડિયાતી છે. ચારે કોર દુઃખ તો છે જ. તમે એકલવાયા, ગમગીન, હૃદયમાં વ્યથા અનુભવતા એકાંતમાં ઉદ્યાનમાં બાંકડે બેઠા હો, તો રસ્તે જતી રમણીને સમભાવ પેદા થઇ જાય, તમને પૂછે પણ ખરી, તમારા દુઃખમાં સહભાગી બનવા



હેડન (૧૭૩૨–૧૮૦૯)



બેટોવન (૧૭૭૦–૧૮૨૭)



મોત્સાર્ત (૧૭૫૬–૧૭૯૧)

તૈયાર પણ થાય જરી, સહસંવેદનાથી દુઃખ નાબૂદ તો ન કરી શકે, પણ હૃદય હળવું કરવા તો જરૂર તત્પર રહે. માનવ માનવ વચ્ચે ખભા મિલાવવાની જ ભાવના. ગરીબ છે છતાં પૈસાની આપલેની સૌદાગીરીની લાલસા પ્રબલ કે પ્રચલિત નથી. વાતો કરો, કૉફી પીઓ, દિમાગ ઠેકાણે આવતાં, મન હળવું થતાં દોસ્તી બાંધી છૂટા પડો. કલદાર વિનાની દિલ્લગી ને સ્વાર્થરહિત પ્રણયખુમારી અહીં મળે છે.

અને હવે જૂની બાદશાહી તો આજે છે નહિ, છતાં એણે વિસ્તારેલું કલાનું સામ્રાજ્ય લોકજનતાએ ભોગવી જાણ્યું છે; એને પચાવી એમાં તરબોળ થઈ, એટલી હદ સુધીનું વીએનામાં વણી લીધું છે કે આમલોક અને વીએના નગરી એ બેમાં ક્યાં યે ભેદ પારખવો મુશ્કેલ છે. મોત્સાર્ત-શૂબર્ટે લોકગીતની લીટીઓમાં સંગીત ભર્યું, વાગ્નરે એ સંગીત અને કાવ્ય નાટકના ઘાટમાં મરોડયું, કલાકાર સ્થપતિઓએ એવાં નાટકો ભજવવા માટે નાટકશાળાઓના વિવિધ ઘાટ બાંધી આપ્યા, એમાં નાટકમાંના ભાવો, સંગીતની અસરો, નૃત્યના અંગમરોડો અને કાવ્યની લહરીઓ પથ્થરમાં મૂર્તિમંત કરી નાટકશાળાઓને ખીચોખીચ ચીતરી કોતરી આપી, ત્યાં એ ગાનારાં-લલકારનારાં-અદા કરનારાં નટનટીઓની ખામી હોય ખરી?

વીએનાની ધારાસભામાં યે, મિનિસ્ટરના દફતરની બાબતમાં પ્રજાને રસ પડે એના કરતાં વીએનામાં ભજવાતાં નાટકોમાં, બંધાતાં નટઘરોમાં, નાટકશાળાઓના સંચાલકોમાં વધારે રસ છે. પ્રજાના જાહેર જીવનમાં એની મહત્તા છે અને રહેશે, કારણ પ્રજાજનો માને છે કે રાજકારણ એ નશ્વર છે, પ્રધાન આજે છે ને કાલે નથી, ધારાસભામાંની જીભાજોડી ક્ષુલ્લક થૂંક ઉડાડવાની ક્રિયા થકી જરા પણ વધારે અગત્યની નથી; મહત્ત્વની તો આ જીવતીજાગતી, સમૃદ્ધ, જીવનને તાજગી આપનારી, સભર બનાવનારી, બ્રહ્માનંદ-સહોદર રસનો અનુભવ કરાવનારી, જીવતરમાં સદાકાળ સજીવન રહે એવાં સંસ્મરણો પોષનારી કલા-સંસ્કૃતિ છે, અને એને પોષતા રહેવાની તથા જાળવ્યા કરવાની એમની રાષ્ટ્રીય ફરજ પણ છે.

સાંજના પહોરે ઉદ્યાનમાં, કે કદાચ કાફેમાં, યા રસ્તે ફૂટપાથબાંકડે, હાથમાં હાથ પરોવી કોઈ કિશોર-કિશોરી બેઠાં હોય, કદીક કોઈ થાકેલી લલનાએ પુરુષને ખભે પોતાનું માથું ઢાળી દીધું હોય એમ પ્રણય માણતાં હોય ત્યારે ત્યાંથી પસાર થતાં કે નજીકમાં બેઠા હો અને અછડતા શબ્દો કાને પડે તો એમાં, મોટે ભાગે વાતના વિષયમાં બે સ્ટ્રૉસમાં અમુક વૉલ્ટ્ઝ કોનો સારો, યા ઓપેરાહાઉસમાં મૉડર્ન ઓપેરામાં. સોપ્રાનો સૂર યા બૅલમાં અમુક બાલેરિનાની ટેકનિક કે નાટકના સેટિંગમાં હાઈનહાર્ટ પછીની જે અનેક અસરો, એવાએવા જ વિષયો ચર્ચાતા સંભળાશે. પણ વિવાદ પૂરો થાય, મનની સંવાદિતા સ્થિર થાય ત્યારે તો વીએનાના પ્રજાજનો એ સ્થિરતાને હમેશાં વાયોલિનની સૂરાવલીએ બાંધી શાંતિ ને સંતોષ અનુભવી મૌન જ પાળશે.

તે દિવસે શહેરનાં મ્યૂઝિયમો જોઈ, ખૂબ ફરી, સાંજે શહેરની બહાર વિસ્તરેલા દરાખના માંડવાઓ પાસેના નાનકડા 'હ્યૂરીગર'માં માર્થા, અનિતા, સુભાષ ધાર અને હું ચાર જણા એક ખૂણામાં થોડું તાજું ચીઝ અને તાજો ખટૂમડો નવો જ નિતારેલો દ્રાક્ષનો રસ પીતાં બેઠાં હતાં. બહાર ટેકરી પરથી દૂર દૂર બૂડાપેસ્ત તરફ દોડતી ડાન્યૂબને જોતાં હતાં, અંદર એક પછી એક વિવિધ ઉમરનાં યુગલો હસતાં-રમતાં દાખલ થતાં હતાં તે તરફ ધ્યાન આપતાં હતાં ત્યાં અનિતા આ 'હ્યૂરીગર'ની સંસ્થા માટે જ્ઞાન આપવું શરૂ કરે છે:

શહેરની ઉત્તરે ગ્રીનઝિંગ નામના પરાની નજીક ચારેકોર દરાખના વેલાઓના માંડવાઓ અમે જોતાં હતાં. આ હાન્સ ટાનીનો માંડવો, અડીખમ પાકી દીવાલનો બાંધેલો ચોતરો અને ઘર. હાન્સને આસપાસ ઊગેલી દરાખની જાતેજાતનું જ્ઞાન. મોસમ કઈ સારી ગઈ, કયા પ્રકારની દરાખ ઉત્તમ ઊતરી અને એનાં કારણ શાં, એનું એને (આપણી પેઠે રેડિયો ઉપર ખેડૂતો માટેના ખાસ કાર્યક્રમો સાંભળ્યા વિના પણ) પાકું જ્ઞાન. એના બાપે અને એના યે બાપે એને બતાવેલી ચાવીઓની એને બરાબર યાદ. કઈ સાલની દરાખોમાં કેવી 'સિરેહ' જામી હતી ને કેવો હતો એનો સ્વાદ, એ બધાંનો પણ એ જાણકાર. ઘરનો માલિક તો યે જાતે જ પીરસનાર, ખડે પગે ઊભો રહેનાર, ઘરવાળાં બૈરાંછોકરાં એને મદદગાર. રેસ્ટોરાં નહિ હોટેલ નહિ, ખાવામાં એના ઘરમાં જ બનાવેલી રોટી, માખણ, ચીઝ. કદીક પોતા માટે સારી વાની બનાવી હોય તો તે વધારે રાંધેલી હોય જ, ને એ તમને જોઈએ તો પીરસે. બાકી તો એના માંડવાનો તાજો નવો આસવ ચખાડે. પડોશનો સારો હોય તો થોડો આણી રાખે તે પણ આપે. ધીમે ધીમે એ પીતા રહો, ચીઝ વાગોળતા રહો, અને ખૂણામાં ત્રણચાર બજવૈયા વાયોલિન ઉપર એ બાજુના નનામા–છતાં ત્યાં જાણીતા, યા જાણીતા પણ જૂના–સંગીતકારોની તરજો વગાડે તે (અનુસંધાન પૃ. ૧૨૭)

આરોપીને જ મોંએથી સાચી હકીકતો કઢાવતું

સત્યાન્વેષી પ્રવાહી

લેખક • પુષ્કરભાઈ ગોકાણી

જૂઠું બોલવું એ અસ્વાભાવિક છે. એ માટે સજાગ રહેવું પડે છે. જાગરૂકતા ન હોય તો જૂઠાણા પરની પકડ ઢીલી પડી જાય છે કે સરકી જાય છે. આ હકીકતના આધારે જેમ પૉલીગ્રાફ–લાઈ ડિટેક્ટરની શોધ થઈ છે એ જ રીતે કેટલાંક એવાં રસાયણો પણ શોધાયાં છે જેના ઉપયોગથી શકમંદ માણસની જૂઠાણા પરની પકડ ઢીલી પાડી શકાય, એટલું જ નહિ, પણ એના મોંએથી સત્ય પણ કઢાવી શકાય.

આ સત્યાન્વેષી પ્રવાહીઓનો ઉપયોગ કરતાં, ડૉક્ટર જેની પરીક્ષા લેવાની હોય એ શકમંદ માણસને પ્રથમ તો સામાન્ય બેશુદ્ધિની દવા આપે છે. એનાથી આવેલી બેભાનાવસ્થામાંથી માણસ જ્યારે ભાનમાં આવવા લાગે ત્યારે પેલું સત્યાન્વેષી પ્રવાહી એના લોહીમાં દાખલ કરવામાં આવે છે. સાથોસાથ એને કંઈક ઉત્તેજક પદાર્થ–મોટે ભાગે આલ્કોહૉલ પણ આપવામાં આવે છે. આમ, પરસ્પર વિરોધી ગુણવાળા પદાર્થોને લીધે એક તરફ માણસના અંગેઅંગમાં આળસ, સુસ્તી અને નિરાશા વ્યાપી જાય છે; જ્યારે બીજી બાજુ એને બોલવાની પ્રબળ ઉત્તેજના થાય છે. એની આવી સ્થિતિમાં એને જો સિફતથી કાંઈ પૂછવામાં આવે તો એ સ્વાભાવિકતાથી એના જવાબ આપે છે. પોતાના જવાબમાં પોતાના બચાવ માટે પણ જૂઠાણું ભેળવવાની તકલીફ લેવા જેટલી એની માનસિક સ્વસ્થતા હોતી નથી. ઉત્તેજકને કારણે એ જીભ ચૂપ રાખવા જેટલો પણ સ્વસ્થ હોતો નથી, જ્યારે શરીરની સુસ્તી અને અર્ધ જાગરૂકતાને લીધે એનું મગજ સત્યથી વેગળો જુઠ્ઠો જવાબ વિચારવા જેટલો શ્રમ પણ લઈ શકતું નથી. આ રીતે એના મોંમાંથી સત્ય બહાર સરી પડે છે. ઘેનને કારણે પુછાતા સવાલોના જવાબ આપવાની જાગૃતિ પણ બહુ ઓછો સમય રહે છે અને એટલા ઓછા સમયમાં નિષ્ણાતે એની પાસેથી સાચી વાત કઢાવી લેવાની હોય છે.

સ્કોપોલેમાઈન, સોડિયમ પેન્ટોથેલ, સોડિયમ એમોટેલ વગેરે જેવી આલ્કલી દવાઓ સત્યાન્વેષી પ્રવાહીમાં વપરાય છે. પગની કે હાથની નસના માર્ગે એને ધીરેધીરે લોહીમાં દાખલ કરવામાં આવે છે. નવા કે નબળા મનના ગુનેગારો અને સ્ત્રીઓ ઉપર એની વધુ અસર પડે છે. રીઢા ગુનેગારોની પરીક્ષામાં એમણે અગાઉ કરેલાં ને સજામાંથી છટકી ગએલાં કેટલાંક ગુનાહિત કૃત્યો વિષે પણ તેઓ બોલી દે છે. આથી ક્યારેક જે ચાલુ ગુનાની તપાસ ચાલતી હોય એમાં કેટલીક બિનજરૂરી ને જુદે માર્ગે ચડાવી દે તેવી વિગતો પણ આવી ભળે છે ને સત્યની તારવણી જરા કઠિન બની જાય છે. સાથોસાથ ગુનેગાર અગાઉના કેટલાક વણઉકેલાએલા પ્રશ્નોના ઉકેલ પણ આપી દે છે.

પોતાની જાતને સાચવી લેવા માણસનું મન એક કિલ્લેબંધી ઊભી કરી રાખે છે. જાગૃત અવસ્થામાં તો એ ગમે તેવી કડક તપાસમાં પણ મચક આપ્યા વિના પકડમાંથી છૂટી જાય છે. પણ સત્યાન્વેષી પ્રવાહીની પરીક્ષામાં એની કિલ્લેબંધી તૂટી પડે છે અને બેભાનપણે વધારે વિચારવાની તકલીફમાં ન પડતાં એનું મન સરળ એવા સાચા જવાબો બોલી દે છે. આપણે એક કાલ્પનિક દૃષ્ટાંત જોઈએ :

ડૉ. ભાનુએ એને કૉચ પર સુવાડી અને એના મોં નજીક ટેઈપરેકૉર્ડરનું માઈક ધરી પૂછ્યું : 'તમારું નામ શું છે?'

દવાની અસર તળે એ લગભગ બેભાન હતી. ધીરેધીરે એ ભાનમાં આવવા મથતી હતી. ડૉક્ટરનો અવાજ કંઈક મીઠો પણ દૃઢ અને સત્તાવાહી હતો. અવાજની મીઠાશ એના જાગૃત માનસ માટે હતી, સત્તાવાહીપણું એના અજાગૃતપણા માટે. પણ સત્તાનો એનો રણકો એટલો આકરો નહોતો કે એ માટે શકમંદને ચીડ કે તિરસ્કાર જન્મે. ડૉક્ટરે ફરી જરા મોટેથી પૂછ્યું : 'તમારું નામ શું?' જવાબ આપવા એના હોઠ ફફડયા ખરા પણ ઘેનમાં એનો અવાજ તદ્દન અસ્પષ્ટ હતો.

'તમારે મોટે અવાજે જવાબ આપવાનો છે :' ડૉક્ટરે ફરમાવ્યું.

'બોલો તમારું નામ શું છે?' 'તરુલતા'.

'બરાબર, પણ આખું નામ શું?' 'તરુલતા.'

'એમ નહિ, પૂરેપૂરું નામ કહો.' 'તરુલતા શાહ.'

'તમે આ ટેસ્ટ લેવડાવવા તૈયાર થયાં હતાં એ યાદ છે?'

તરુલતાએ બગાસું ખાધું.

'તમને યાદ છે?' 'હા.'

'તમારો જમણો હાથ ઊંચો કરો.' તેણે પોતાનો હાથ ઊંચકવા પ્રયત્ન કર્યો પણ એમાં ખાસ સફળતા મળી નહિ.

'તરુલતાબેન, તમારો જમણો હાથ ઊંચો કરો. પ્રયત્ન કરો. તમારો જમણો હાથ ઊંચો કરો.' ડૉ. ભાનુએ ભારપૂર્વક આજ્ઞા કરી.

હાથ થોડો ઊંચકાયો.

'સરસ. હવે એ મૂકી દો. મને કહો કે તમને કોણ નથી ગમતું.'

'સુધીર'.

'તમે કોઈના પ્રેમમાં છો?' 'હા.'

'કોના?' 'મને બોલાવો નહિ.' તરુલતાએ ચિત્કાર કર્યો.

'જુઓ તરુલતાબેન! હું ડૉ. ભાનુ છું. તમે મારા પર શ્રદ્ધા રાખો. સુધીર ખરેખર સારો માણસ નહોતો. બોલો તમે કોના પ્રેમમાં છો?'

'અમર દેસાઈના.' 'એ ક્યાં રહે છે?'

'દવાના સ્ટોરમાં......ના, મને ખબર નથી.'

'જુઓ, સુધીર અત્યારે ક્યાં છે?' 'મરી ગયો.'

'ક્યારે મરી ગયો?' 'રાત્રે.'

'કોણે મારી નાખ્યો?' 'મેં.'

'ખરેખર?' 'હા.'

'અમરે માર્યો નથી?' 'ના.'

'તે સાથે આવ્યો હતો?' 'હા.'

'તેણે કેમ ન માર્યો?' 'એની હિંમત ન ચાલી.'

ડૉ. ભાનુ વિચારમાં પડી ગયા. બાજુમાં નર્સ એક પાત્રમાં સત્યાન્વેષી પ્રવાહીનું મિશ્રણ લઈને ઊભી હતી. ધીરેધીરે એ તરુલતાન લોહી સાથે ભળી રહ્યું હતું. કંઈ પણ ખોટા જવાબો વિચારવાની એનામાં તાકાત જ રહી નહોતી. ડૉક્ટરે ફરી પ્રશ્નો પૂછવા માંડયા :

'તરુલતાબેન, પ્રેમમાં તમે અમરનો બચાવ તો નથી કરતાંને?'

'ના; મેં જ સુધીરને માર્યો છે.'

'શા માટે?' 'એણે મારી જિંદગી બરબાદ કરી છે.'

'તમને ખયાલ હતો કે એને મારીને તમે છટકી શકવાનાં હતાં?'

'હા. અમે બીજા નામે આફ્રિકા જતાં રહેવાનાં હતાં.'

'તમે પિસ્તોલ કયાં રાખી છે?'

'ચોપાટીના દરિયામાં ફેંકી દીધી છે.' આટલા જવાબો આપતાં તો એ હવે તદ્દન ભાંગી પડીને ભાન ગુમાવી બેઠી હતી.

ડૉક્ટરે સંજ્ઞા કરી અને નર્સે તરુલતાની નસમાંની સોય ખેંચી લીધી. ટેઈપરેકૉર્ડર પણ બંધ કરી દીધું.

પણ ગુનેગારને મોઢે બોલાએલી ને ટેઈપરેકૉર્ડર પર નોંધાએલી આ કબૂલાત દસ્તાવેજી પુરાવો ગણાતી નથી. કોર્ટ (અનુ. પૃ. ૧૨૭)



પચ્ચીસ વર્ષ પહેલાં

એપ્રિલ ૧૯૪૦ અંક ૧૯૬

વલ્લભવિદ્યાનગર યુનિવર્સિટીના પુરાતત્ત્વ વિભાગના વડા થયા તે પહેલાંથી શ્રી અમૃતલાલ વસંતલાલ પંડ્યા પોતાની રસળતી કલમના પુરાતત્ત્વવિષયકલેખોથી 'અમૃતવસંત'-ના નામે અઢી ત્રણ દાયકા થયાં ગુજરાતમાં અને 'કુમાર'ના વાચકોમાં જાણીતા થયા છે. એમણે ઉત્તર ગુજરાતનાં પ્રાચીન ઇતિહાસ-કેન્દ્રોનો અભ્યાસ કરવા માટે પગપાળા કરેલા પ્રવાસનું વર્ણન આજથી પચ્ચીસ વર્ષ પર 'કુમાર'માં 'ભૂતકાળનીશોધમાં' એમથાળાનીચે ક્રમશઃ આપેલું. તેનો પરિચયાત્મક ભાગ :

"**ઇ**તિહાસ લેખન માટે કામ લાગે તેવાં બધી જાતનાં સાધનોનો અભ્યાસએપુરાતત્ત્વ કહેવાયછે. એનાબે પ્રકારછે:સવાક(બોલતાં) અને અવાક (મૂગાં). પહેલામાં ગ્રંથસ્થ તથા કંઠસ્થ સાહિત્ય, શિલાલેખ–તામ્રપટ, સિક્કા વગેરેનો, અને બીજામાં સ્થાપત્ય ખોદકામ મૂર્તિશાસ્ત્ર, માનવવંશશાસ્ત્ર વગેરેનોસમાવેશ થાયછે. ગુજરાતના ઇતિહાસલેખનમાં અત્યાર સુધી સવાકસાધનો જ ઉપયોગમાંલેવાયાં છે.

મૂક સાધનોને આધારે જેટલો પ્રામાણિક ઇતિહાસ લખાવો શક્ય છે તેટલો સવાક સાધનોને આધારે નહિ; કેમ કે સવાક સાધનોમાં–ગ્રંથસ્થ તેમજ કંઠસ્થ સાહિત્યમાં કાળાન્તરે લોકજીભે ને કલમે ફેરફારો, વધારા, સુધારા વગેરે થયા કરતા હોય છે.

સૌરાષ્ટ્રને બાદ કરતાં ગુજરાતના ઐતિહાસિક કાળનો પ્રારંભ શ્રીમાળથી શરૂ થએલો લેખાય છે. શ્રીમાળની જાહોજલાલી પૂર તેજમાં પ્રકાશતી હતીતેજવેળા સુરાષ્ટ્રમાં વલભીપુર ભરયૌવનમાં મહાલતું હતું. એ બંને પાટનગરોનો ઇતિહાસ પહેલવહેલો પંચાસરને સંગમક્ષેત્રે ભેગો મળ્યો ને પછી પંચાસરનું સ્થાન પાટણે લીધું. છેવટે પાટણની સમૃદ્ધિ ને માનનો વારસોઅમદાવાદને ગયો. આ બધા ઇતિહાસના ખરેખરા ભેદને જાણવા માટે આ ઇતિહાસક્ષેત્રોને સાંધતા પ્રદેશોની ભૂગોળના રહસ્યને જાણવું એ પહેલું અગત્યનું છે એમ મને શરૂથી જ થયા કરતું હતું.


ગયા (૧૯૩૯ના) માર્ચની આખરે ઓઢવા પાથરવા માટે એક શેતરંજી, ધાબળો ને ઓસીકું, કામ લાગેતેવી ચોપડીઓ, નોટબુક, સ્કેચબુક, માપણીનાં સાધનો, એકાદ જોડી કપડાં પાણીનો પ્યાલો તથા પ્રાતઃકર્મનાં સાધનો એટલું એક થેલીમાં ભરીલઈ હું ઊપડયો.

મુસાફરીનો કાર્યક્રમ આ પ્રમાણે હતો : પાટણથી મણુંદરોડ થઈ ચાણસ્માથી પગપાળા ધર્મોડું ને કંબોઈ થઈ દેલમાળ. પછી વાઘેલ, લોટેશ્વર, મુંજપર, શંખેશ્વર, પંચાસર અને આદરીઆણે થઈ કચ્છના નાના રણને કાંઠે ઝિંઝુવાડે પહોંચી જવું. પ્રાચીન કાળમાં રણ એ દરિયો હતો એટલે તેને લગતું સંશોધન કરી તેને કાંઠેકાંઠે સાંતલપુરસુધી ચાલી જૂનાં બંદરોની ભાળ મેળવવી. સાંતલપુરથી રાધણપુર તરફ નમી જવું, ને ત્યાંથી ડીસા કૅંપ થઈ રાણીવાડે પહોંચવું. ત્યાંથી ટ્રેન પકડી ભિન્નમાલ અને જાલોર જવું. જાલોરથી પગરસ્તે સિરોહી થઈ આબુ પર ચડવું. ત્યાં કામકાજ પતાવી ચંદ્રાવતી જવું. ત્યાંથી જંગલ રસ્તે તારંગા જવું ને તારંગેથી ટ્રેનમાં બેસી સિદ્ધપુર અને સિદ્ધપુરથી સરસ્વતીને કાંઠેકાંઠે પાછા પાટણ આવી જવું. મોઢેરાનો કાર્યક્રમ જુદો રાખેલો.

૨૭મી માર્ચની સવારે ૬ વાગ્યે ટ્રેનમાં ઊપડયો. ૧૧ વાગ્યે ચાણસ્મા આવીને દેલમાળનો પંથ પકડયો. ત્રણ વાગ્યે ધર્મોડું ગામ આવ્યું. ગામના નામ પરથી મને લાગ્યું કે એને ધર્મારણ્ય સાથે તો કંઈ સંબંધ નહિ હોય? પણ તેવું કશું નહોતું. ધર્મોડું છોડતાં કેરડાના ગીચ જંગલમાં ચાલવું પડ્યું.

પાંચના શુમારે હું કંબોઇને પાદરે આવી પહોંચ્યો. આ કંબોઇ ગામ ગુજરાતના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે. વિ. સં. ૧૦૪૩ના બલેરાના તામ્રપત્રમાં 'મોઢેરા અર્ધાષ્ટમના કંબોઈ ગામ'ના દાનનો ઉલ્લેખ છે. ઈ. સ. ૧૩૯૨માં મુઝફરખાને ફરાત–ઉલ–મુલ્કને કંબોઈના યુદ્ધમાં જ હરાવ્યો હતો. આ વિજય ગુજરાતના મુસલમાની ઇતિહાસમાં એક અગત્યનો બનાવ ગણાય છે. આથી કંબોઈ જીતપુર પણ કહેવાયું. કંબોઈ મારા કાર્યક્રમની બહાર હતું. ચાણસ્મા અને કંબોઈમાં અનુક્રમે શ્રી મણિલાલ મિસ્ત્રી અને શ્રી ચકુભાઈ દવે એ બે પુરાતત્ત્વસંશોધકો વસે છે. કંબોઇથી રાત્રે ૭॥ વાગ્યે દેલમાળ આવ્યો.

દેલમાળનું આખું ગામ જેઠીમલ્લોનું હતું. આજે ત્યાં અઢીસો ઘરની વસતિ છે જેમાં જેઠીમલ્લોનાં ૯૦ ઘર રહ્યાં છે. અગાઉના વખતમાં અહીં એટલાં બધાં મંદિરો હતાં કે એ ગામ 'દેવલમાળ' કહેવાતું.



આજથી પચ્ચીસ વર્ષ પહેલાં અનેક વાચકોને રસ લગાડી ગએલી લેખમાળા 'ભૂતકાળની શોધમાં' કરેલા ઉત્તરગુજરાતના પ્રવાસનો નકશો.

આહીં લીંબજા માતાના મંદિરમાં પશ્ચિમે જેઠીમલ્લોના એક વીર પુરુષ લાખાજી જેઠીની ઊંચાઈ અને વામની પહોળાઈ દર્શાવતો સ્તંભ છે. દિલ્હીથી પાટણ થઈ અમદાવાદ જતાં અકબરે અહીં પડાવ નાખેલો તે વેળા તેની સાથેના દિલ્હીથી આવેલા બધા પહેલવાનોને આ જેઠીમલ્લ લાખાજીએ હરાવેલા. નજીકમાં એક મોટો લીમડો હતો. બાદશાહે કહ્યું કે એને ઉખેડી બતાવે તો ખરો પહેલવાન. લાખાજીએ કહ્યું કે હું એ કરી બતાવીશ, પણ મારો જીવ જશે. એમ કહી તે લીમડાને વળગી પડચો ને હચમચાવીને ઉખેડી નાખ્યો, પણ તેમ કરતાં તેની આંખો બહાર નીકળી આવી ને તે મરણ પામ્યો. આ લીમડો ઉખેડવામાં તેનાં ઈષ્ટદેવીએ તેને મદદ કરી હતી. ત્યારથી એ માતા લીંબજા માતા કહેવાયાં.

ગરીબાઈના ભોગ થઈ પડેલા જેઠીમલ્લોમાં હવે શક્તિ રહી નથી. ખેતી અને મજૂરી કરીને તેઓ માંડમાંડ ગુજરાન ચલાવે છે.

ખંડેરાવ ગાયકવાડના સમયમાં ભગીરથ મલ્લ બહુ ખ્યાતિ પામ્યો હતો. તેનો પાળિયો અહીં છે. મહારાજા સયાજીરાવનો મલ્લવિદ્યાગુરુ પણ દેલમાળનો જ એક જેઠીમલ્લ હતો.


ગુજરાતના ઇતિહાસમાં કળાધામ મોઢેરાના રાજ્યનું પૃષ્ઠ હજી સુધી કોરું છે. દેલમાળનો સમાવેશ આ મોઢેરા રાજ્યમાં થતો હતો. તેના સ્થાપત્યમાં મોઢેરાના સ્થાપત્યની છાપ દેખાય છે. દેલમાળની પ્રાચીન ઈમારતો પથ્થરની છે ને સ્થાપત્ય બારમા–તેરમા સૈકાનું છે. પાટણથી અમદાવાદના ધોરી માર્ગ પર દેલમાળ અગત્યનું સ્થળ હતું.

પ્રાચીન સારસ્વતમંડલ હાલ પાટણવાડો કહેવાય છે. તેની દક્ષિણે વઢીઆર પરગણું હતું. હાલ પણ તેનું એ જ નામ છે. પૂર્વે એ પ્રદેશ ધર્મારણ્ય કહેવાતો. પુરાણો અને મહાભારતમાં એનું નામ છે. આ આખા પ્રદેશ પર એક વેળા મોઢેરાના રાજ્યનો ધ્વજ ફરકતો. એ પ્રદેશમાં મોટું જંગલ હતું અને આજે પણ ક્યાંક ક્યાંક એ જંગલના અવશેષો રહી જવા પામ્યા છે. આ ધર્મારણ્યની વચ્ચોવચ રૂપેણ નદી વહેતી હતી. હાલ પણ પાટણવાડા કરતાં વઢીઆરની જમીન ઘણી ફળદ્રુપ છે. ધર્મારણ્યની કેટલીક નદીઓ હાલ સુકાઈ ગઈ છે. લગભગ બેચરાજી અને મોઢેરાની નજીકથી માંડી હાલ સરસ્વતી જે જગ્યાએ કચ્છના રણને મળે છે ત્યાં સુધીના વિસ્તારમાં પૂર્વકાળમાં કોઈ બહુ મોટી નદી હતી. વાઘેલથી લોટેશ્વર અને વારાહીથી સમી જતાં તેનો બેથી ચાર માઈલ જેટલો પહોળો પટ મેં ઓળંગેલો છે. હાલ એ ખાર કહેવાય છે. હજી યે વરસાદમાં તેમાં પાણી ભરાઈ રહે છે. બરોડા ગૅઝેટીઅરના લેખકનો અભિપ્રાય છે કે પુરાણકાળમાં કચ્છના રણનો સમુદ્ર બેચરાજી સુધી લંબાએલો હોવો જોઇએ ને આ ખાર તેના જ અવશેષ રૂપે છે.


સ્કંદપુરાણમાં એક મોઢ પુરાણ છે ને તેમાંથી મોઢેરાના ઇતિહાસ માટે ઘણો પ્રકાશ મળે તેમ છે. એમાં ધર્મારણ્ય, મોઢેરા અને જેઠીમલ્લો વિષે થોડું લખ્યું છે.

પાટણવાડો એટલે પાટણની ચારે પાસનો પ્રદેશ. એની તથા વઢીઆરની વચ્ચે હાલ કોઈ નદી વગેરે કુદરતી સીમા નથી. આખા ઉત્તર ગુજરાતમાં વઢીઆરના જેવો રસાળ એકે પ્રદેશ નથી. સોલંકી મૂળરાજનાં તામ્રપત્રોમાં એનું નામ 'વર્દ્ધિવિષય' લખ્યું છે. એની રસાળતાથી એ 'વૃદ્ધિકર' છે એટલે જ આ નામ પડચું. પ્રાચીન કાળમાં ઉત્તર ગુજરાતની સીમા પૂર્વે અરવલ્લીની હારમાળા અને ઉત્તરે લૂણીના પ્રવાહ સુધી ચાલી ગઇ હતી. આ પ્રદેશનું નામ આનર્ત્ત હતું. તેમાં હાલના પાટણવાડા કાંકરેજી (સારસ્વત-મંડલ) અને વઢીઆર (વર્દ્ધિવિષય)ના વિસ્તારમાં મોટું વન હતું જે ધર્મારણ્ય કહેવાતું હતું. જ્યાં કણ્વ મુનિનો આશ્રમ હતો. મહાભારત તથા લગભગ બધાં પુરાણોમાં ધર્મારણ્યનો ઉલ્લેખ મળે છે. સ્કંદપુરાણાંતર્ગત મોઢપુરાણ પ્રમાણે વૈવસ્વત મનુનું બીજું નામ 'ધર્મ' પણ હતું. એણે આ અરણ્યમાં આવીને તપ કર્યું, એટલે એનું નામ 'ધર્મારણ્ય' પડચું હતું.


વઢીઆરમાં પ્રચલિત સ્થાનિક કથાઓ પ્રમાણે બીજાં બે પૌરાણિક સ્થળો સંભવે છે: બનાસના મુખ નજીક ગૌતમાશ્રમ હતો જે હાલ ગોતરકા કહેવાય છે તે, અને મુંજપર નજીક લોટેશ્વરમાં શિવે લોહાસુર રાક્ષસનો વધ કર્યો હતો તે. ઋષિઓ જ્યારે આશ્રમો બાંધી તપ કરતા તે જમાનામાં ધર્મારણ્યમાં પુષ્કળ રાક્ષસો વસતા હતા. આ પ્રદેશના મૂળ વતની 'પાટણવાડીઆ' શાખાના કોળીઓ છે, ને ધર્મારણ્યમાં વસતા પેલા ઋષિઓને સંતાપનાર એમના અસભ્ય પૂર્વજો જ હશે. ઇસ્વીસનના પ્રારંભ સુધી એમાં દુર્ગમ જંગલો હતાં. કોળીઓ કહે છે કે સૌ પહેલાં અમારા વડવાઓએ જ આ પ્રદેશનાં જંગલો કાપી જમીનને ખેડવા લાયક બનાવી હતી. હાલ 'કડવા' કણબીઓ આ પ્રદેશમાં વસે છે. એમના ભાટો એમના આગમન વિષે કહે છે કે કણબીઓ અસલ તો અવધ કે કાન્યકુબ્જમાં



ઉત્તર ગુજરાતના વઢીઆર પ્રદેશની ઘાસની ગંજી



ભારહુતમાં બૌદ્ધ જાતકોનાં ભાસ્કર્યોમાં મળી આવતી સ્તૂપોની પ્રારંભિક આકૃતિ



વઢીઆર પ્રદેશના કોળીઓની ઝૂંપડી

વસતા. લવ અને કુશ અયોધ્યા છોડી મથુરામાં આવ્યા તેમની સાથે એઓ પણ મથુરા પ્રદેશમાં જઈ વસ્યા. યાદવોએ મથુરા પર આક્રમણ કર્યું એથી કણબીઓ મારવાડના માર્ગે કનકસેન રાજા સાથે ગુજરાતમાં આવીને વસ્યા. અહીં સાબરમતી તથા મહી વચ્ચે આવેલો 'ચરોતર' પ્રદેશ એમનું ખાસ મથક બન્યો.

જૅકસનના મત પ્રમાણે કણબીઓ હૂણોની ગુર્જર અને મિહિર શાખાઓના વંશજો છે ને છઠ્ઠા સૈકાની અધવચ્ચે પંજાબથી રજપૂતાના થઈ ગુજરાતમાં આવીને વસ્યા છે. એમની દંતકથાઓ પ્રમાણે કનકસેન રાજા એમનો આગેવાન હતો, જે ઘણે ભાગે કુશનરાજ કનિષ્ક હતો. આ પ્રમાણે ઈસ્વીસનની શરૂઆતમાં ધર્મારણ્યમાં કણબીઓ આવી વસ્યા ને તેમણે મૂળ વતની કોળીઓ મારફત આ પ્રદેશનાં જંગલો કપાવી જમીનને ખેડાણ યોગ્ય કરાવી. ગુજરાતના લેખોમાં એમનો સૌથી પહેલો ઉલ્લેખ શીલાદિત્યે આનર્ત્તપુર (વડનગર)ના એક બ્રાહ્મણને લખી આપેલા ઈ. ૬૦૭ના

તામ્રપત્રમાં મળે છે. એમાં કણબી માટે સંસ્કૃત શબ્દ 'કુટુમ્બિ' વપરાયો છે.

અહીં મને કદી નહિ જોએલા એવા આકારવાળી ઘાસની ગંજીઓ દેખાઇ. મંદિરના ગોળ ઘુમ્મટ જેવો જ ઘાટ અને ઘુમ્મટના કળશ સમાં શોભી રહેલાં ટોચે મૂકેલાં બે નાનાં-મોટાં માટલાં : જાણે કે ઘાસનાં જ મંદિરો ઊભાં કર્યાં ન હોય! આ વિષે મેં એ લોકોને પૂછ્યું કે શું શોભા સારુ તમે એ ઘુમ્મટાકારે ખડકો છો? તેઓ બોલ્યા શોભા અમારે અહીં કોને બતાવવી હતી? ચોમાસાનું પાણી અંદર ન પેસે એટલે એમને ગોળ ઘાટ આપીએ છીએ. એમને નીચેથી ખડકતા ખડકતા ઉપર આવીએ ને ગોળ આકાર છતાં ટોચમાં થઇ પાણી પેસવાની બીક રહે છે એટલે એક મોટા માટલાને તળીએ તેના મોઢા જેવડું જ બાકોરું પાડી છેલ્લો પૂળો તેમાં ભરાવી દઈએ છીએ. તો ય વળી પૂળાને છેડેથી થોડુંક પાણી મહીં પેસવાનો ભય રહે છે એટલે તેના ઉપર એક આખું નાનું માટલું ઊંધું વાળી દઇ એ છેડાને ઢાંકી દઈએ છીએ. (જુઓ ચિત્ર નં. ૧)

હિંદમાં પ્રારંભકાળમાં બંધાતી ઝૂંપડીઓના આકારમાં જ મંદિરો તથા સ્તૂપોની ઉત્પત્તિનાં મૂળ રહેલાં છે એ તો હું જાણતો જ હતો. હિંદના ઐતિહાસિક સ્થાપત્યનો પ્રાચીનતમ નમૂનો ભારહુત (અલ્લાહાબાદ અને જબલપુર વચ્ચે સતના પાસે)માં મળી આવ્યો છે. ત્યાં બુદ્ધના પૂર્વજન્મોને લગતાં ભાસ્કર્યોમાં હિંદની પ્રાચીનતમ દહેરીઓનાં ચિત્રો દેખાય છે. એ ગોળ ઝૂંપડીઓના જેવાં જ છે. સ્તૂપોની રચના દહેરીઓ કરતાં પણ પ્રાચીન છે. સાંચી, સારનાથ અને બીજાં સ્થળોના સ્તૂપો એ જ આકારના છે. મૃત પૂર્વજો વિષે માન ને ભયની ભાવના સર્જનજૂની છે. મૃતકને દાટી કે બાળી, તે સ્થળે ઝૂંપડી બાંધી દેવામાં આવતી. પછી જ્યારે સંસ્કૃતિએ આગે કદમ માંડયાં ને લોકો રહેઠાણ માટે પથ્થર વાપરવા લાગ્યા ત્યારે આ મૃત વ્યક્તિની યાદગીરીની ઝૂંપડીઓ પણ તેની જ બનવા લાગી. ધાર્મિક વિષયોમાં માનવહૃદય જૂની પરંપરાને જ જાળવી રાખે છે; એથી પથ્થરનાં આ સ્મૃતિસ્થળોનો આકાર મૂળ ઝૂંપડીના જેવો જ રખાયો. રાજાઓનાં એવાં બાંધકામ મોટા આકારનાં થવા લાગ્યાં.


કળાના પ્રકારોને જન્મ આપવામાં ભૌગોલિક વિશેષતા મોટે ભાગે કારણભૂત હોય છે. કાંપના પ્રદેશોમાં પથ્થર મળતો નથી, એટલે ત્યાં લોકો કાચી કે પાકી ઈંટો પાડી તેનાં બાંધકામો કરે છે. ઈંટો આકારે ચોરસ હોય, એટલે તેઓનાં ચણતરો ચોરસ જ થઈ શકે છે. એવા પ્રદેશોમાં મૃતકની દહેરીઓ (સમાધિઓ) ચોરસ ઘાટની થવા લાગી. મિસરમાં પ્રાચીનતમ એવો સક્કારાનો પિરામિડ, બાબીલોનીઆની ઝિગ્ગુરત નામની કબરો અને આપણા ગોસાઈ–બાવાઓની સમાધિઓ આકાર પ્રકારે સરખાં જ છે. એક ત્રીજો સમાધિ પ્રકાર ડૉલ્મેન (Dolmen) અથવા 'છતેડી' (છત્રી) કહેવાય છે. આપણે ત્યાંનાં જંગલોમાં ભીલ, કોળી, દુબળા વગેરે વાંસ કે બરુનાં ઝૂંપડાં બાંધીને રહેતા ને હજી પણ રહે છે. આ લોકો પોતાનાં મુડદાંને દાટી તે સ્થળે નાનું છાપરું ઊભું કરી દેતા. પછીથી પથ્થરોની શિલાઓ રોપી સમાધિ બાંધવા લાગ્યા. એકેકી શિલા, જમણી ડાબી તથા પાછલી બાજુએ, તે સ્થિર ઊભી રહી શકે તેટલી જમીનમાં દાટી દેતા. પછી એક મોટી શિલા ઉપર આડી મૂકી દેતા. સામેનો ભાગ ખુલ્લો જ રાખતા. આદિકાળથી જ માનવજાતિ આવી છતેડીઓ બાંધતી આવી છે. હિંદમાં મોટે ભાગે તે નાગલોકના સાગરથાણા સમા કચ્છમાં તથા ગુજરાતની કચ્છની પડોશ ઉપરાંત મદ્રાસ ઈલાકા અને આસામમાં મળી આવે છે. કચ્છના રાજવંશમાં તો દરેક રાજકુટુંબીની સમાધિ ઉપર પ્રાચીન કાળથી જ આવી છતેડી ઊભી કરવામાં આવે છે. કેટલીકની અંદર નાગની પાકી માટીની પ્રતિમાઓ જોવામાં આવે છે.

અહીં ગામ બહાર કોળી–વાઘરીઓનાં ઝૂંપડાંઓના આકારે મારું ખાસ ધ્યાન ખેંચ્યું. પ્રારંભનો માનવ શિકાર કે ફળમૂળાદિ પર ગુજરાન ચલાવતો ને તેને રહેવા માટે એક ઝૂંપડી બસ થઈ પડતી. પછી તેણે ગોપનું જીવન ગ્રહણ કર્યું, એટલે ઢોરઢાંખરને રાતે બાંધી રાખવા, ઝૂંપડીની સામે, બારણાની લગોલગ, એક છાપરું બાંધવું પડ્યું. પાછળથી, વરસાદનાં પાણી ને જીવજંતુઓથી રક્ષણ મેળવવા માટે માટીનો ઓટલો કરી તેના ઉપર આ બંને બંધાતાં. આમ ઝૂંપડી મટી તે ઘર બની રહી, ને ધીમેધીમે ઓટલો, ઓરડો, પરસાળ અને ઘુમટ એવા તેના ચાર ભાગ થયા. આપણા એ પ્રારંભિક ઘરને દહેરા સાથે સરખાવી જોશો તો માલૂમ પડશે કે તે એ પ્રારંભિક ઘરની જ કળામય અનુકૃતિ છે. ઘરનાં ઓટલો, ઓરડો, પરસાળ અને ઘુમટ તેમાં અનુક્રમે પીઠ, ગર્ભમંડપ અને શિખર થઇ ગયાં છે. આગળ જતાં વિશેષ કૌટુંબિક જરૂરિયાતોને કારણે આ ઘરમાં પરસાળની સામે થોડીક ખુલ્લી જગ્યા રાખી દઈ ચોક કરવામાં આવ્યો ને એની સામે વધારાનું એક બીજું છાપરું બાંધ્યું. મંદિરનો સભામંડપ એનું પ્રતિરૂપ થયો.

શતરંજનો કોયડો

સુરેશ મોદી

V. A. Korolikov



White to play and win

સ્થિતિ: 24/p1K4p/k1ppppRp/rp5B/1p2q3/8

કોયડો : સફેદે રમવાનું અને જીતવાનું.

ઉકેલ : આ કોયડામાં કાળા પાસે સફેદના ઊંટના બદલામાં વજીર અને સાત પ્યાદાં વધુ છે. છતાં સફેદ જીતી શકે છે. જીતવાની રીત જાન્યુઆરીમાં આપેલ કોયડા જેવી જ રમૂજભરી છે. ઉકેલ માટે નીચે ઉલટાવીને જુઓ.

નિબંધ લેખન ઇનામી-સ્પર્ધા

કૉલેજનાં ગુજરાતી ભાષાભાષી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે શ્રી ફૉર્બસ ગુજરાતી સભા, મુંબાઇ સંયોજિત 'શ્રી કરસનદાસ મૂળજી સ્મારક નિબંધલેખન'ની ઈનામી સ્પર્ધા. વિષય : 'અત્યારની આર્થિક તેમ જ સામાજિક પરિસ્થિતિને કારણે કુટુંબજીવનમાં ઉત્પન્ન થતી વિષમતા અને તેનું નિરાકરણ'. નિબંધો મોકલવાની છેલ્લી તારીખ : ૧૫મી જુલાઈ ૧૯૬૫, વધુ વિગત માટે લખો : શ્રી ફૉર્બસ ગુજરાતી સભા, ૩૬૫ વિઠ્ઠલભાઈ પટેલ રોડ, કૉંગ્રેસ હાઉસલેન, મુંબાઈ-૪

શતરંજના કોયડાનો ઉકેલ

1 R–N1. હવે સફેદ 2B–Q7 mateની ધમકી આપે છે. 1…Q–N5; કાળા માટે અહીં આ એક જ માર્ગ છે. 2 B × Q, P × P; 3 R–QB1. અહીં સફેદ 4 R × P mateની ધમકી આપે છે. 3…, R–QB6; 4 R–Q1 ફરી પાછી 5 R × P mateની ધમકી આવે છે. 4…, P–Q 6; 5 R–K1. વળી એની એ ધમકી ને એવો જ બચાવ ચાલ્યા કરે છે. 5…, P–K6; 6 R–KB1; PB6; 7 R–KN1, P–N6; 8 R–KR1, P–R6; 9 R × P અને હવે કાળો ગમેતેમ ચાલે પણ 10 R–R4 mateથી બચી શકે તેમ નથી.





મેઘલી રાતો કદી, હો દૂધલી રાતો કદી,
ઓળીઘોળી જાતને આઠે પહર ગાતી જતી;
સિંધુને ખોળે સમાવા હર મુકામે સાબદી,
જિંદગી કેરી વહો ભરપૂર બે કાંઠે નદી.
આપજો બસ એટલું, કાંઈ અગર આપો મને.
—મકરન્દ દવે

શ્રી દહેજિયા: સ્ટેઈટ બૅંક ઑવ ઇંડિયાના નવા અધ્યક્ષ


ઉચ્ચ કક્ષાની સરકારી નોકરીમાં યશોજ્જ્વલ કારકિર્દી ભોગવી પોતાના વતનને ગૌરવાન્વિત કરનાર ગુજરાતના સપૂતોમાં તાજેતરમાં જ 'સ્ટેઇટ બૅંક ઑવ ઇન્ડિયા'ના ચૅરમૅનના હોદ્દે આવેલા શ્રી વેણીલાલ ત્રિભોવનદાસ દહેજિયાનો સમાવેશ થાય છે.

સુરતની સરકારી શાળાના શિક્ષકના આ પુત્રને, અનેકને અકળાવનાર અને અભ્યાસ-વિમુખ બનાવનાર ગણિત માટેનો પ્રેમ પિતા તરફથી વારસામાં મળેલો. પરિણામે તેઓએ ઈ. ૧૯૨૯માં વિલ્સન કૉલેજમાંથી બી.એસસી.ની પરીક્ષા મુંબાઈ યુનિવર્સિટીમાં ગણિતના વિષય સાથે પ્રથમ નંબરે પાસ કરેલી; અને એ સમયે ગણિતમાં એમણે મેળવેલા માર્કનો વિક્રમ, એમના જ એક પુત્રે તોડયો ત્યાં સુધી અકબંધ રહેલો! ત્યાર બાદ તેઓ કેમ્બ્રિજ જઈ આઈ.સી. એસ. થઇ આવીને, એમના જેવા તેજસ્વી યુવાન માટે બીજા કોઈ ક્ષેત્રમાં સગવડ ન હોવાથી તેઓ સરકારી નોકરીમાં જોડાયા. તેમાં મુંબાઇ રાજ્યમાં પાંચ વર્ષ ગૃહખાતામાં, પાંચ વર્ષ નાણાખાતામાં અને ત્રણ વર્ષ રાજકીય ખાતામાં સેક્રેટરી તરીકે યશસ્વી સેવાઓ આપ્યા બાદ ઈ. ૧૯૫૯માં તે પોર્ટ ટ્રસ્ટના ચૅરમૅન બન્યા હતા.

ઈ. ૧૯૬૦માં મુંબાઇ રાજ્યના વિભાગીકરણ વખતે ગુજરાત-મહારાષ્ટ્રની અસ્કયામતોની વહેંચણીમાં અન્ય સરકારી અમલદારો સાથે મહત્ત્વની કામગીરી બજાવનાર શ્રી દહેજિયા. ઈ. ૧૯૬૦ થી '૬૫ સુધી દિલ્હી સરકારના નાણાખાતામાં લેવાયા, જ્યાં એમણે ત્રીજી પંચવર્ષીય યોજનાનાં પાંચે વર્ષોનાં બજેટમાં ૮૦૦ કરોડની મહેસૂલી આવકને ૧૧૦૦ કરોડની બનાવવામાં યથાશક્તિ ફાળો આપેલો. દેશની આર્થિક બાજુનો એમનો અનુભવ ઊંચી ને અધિકૃત કક્ષાનો ગણાય છે. એમના પિતાને નિવૃત્તિ પછી માત્ર છ જ રૂપિયાનું પેન્શન મળવાનું નક્કી થયું ત્યારે એમને એ ગંભીર અન્યાય લાગીને એનો ખટકો મનમાં રહેલો. પણ નાણાખાતાના અધિકારપદે આવ્યા પછી એમણે એ અંગે તપાસ કરતાં જ્યારે કશું ગેરવાજબીપણું ન જણાયું ત્યારે એ ખટકો દૂર કરી દીધો. છતાં સરકારી નોકરી વિષે એમનો અભિપ્રાય તો જુદો જ રહ્યો છે: 'મારે જો મારી કારકિર્દી ફરી શરૂ કરવાની હોય તો હું સરકારી નોકરી તો ન જ સ્વીકારું'. એમ દૃઢતાથી જાહેર કરનાર શ્રી દહેજિયાના ત્રણ પુત્રોમાંથી એક આજે કેમ્બ્રિજ મેડિકલ ઑસ્પિટલમાં છે ને બીજા બેએ પણ ઉચ્ચ કક્ષાની પરીક્ષાઓ (ટ્રીપૉસ-ઑનર્સ) પાસ કરી હોવા છતાં એકે સરકારી નોકરીમાં જોડાયો નથી.



ગણિતઘેલા ગણાતા આ પ્રખર આંકડાપંડિત ટેનિસ ને બાગકામ સાથે શતરંજના પણ એટલા શૉખીન છે કે કૉલેજકાળ દરમિયાન મોડી રાત સુધી રમી હૉસ્ટેલના



સાગરકાંઠાના જીવ-૧
મૂન-જેલી

પક્ષીઓ, પ્રાણીઓ અને જંતુઓ વગેરે પછી આપણે હવે અહીં દરિયાકાંઠાની જીવસૃષ્ટિનો આછો શો પરિચય કરીશું.

દરિયાના પાણીમાં છત્રી જેવા આકારના કેટલાક જીવ તરતા હોય છે. છત્રી જેમ ઉઘાડવાસ થાય એમ પોતાનું શરીર ઉઘાડબંધ હલાવીને એ તરે છે. એના શરીરની કિનાર પર ઝાલર પણ હોય છે; એ છે એની સ્પર્શેન્દ્રિય. એમાં ઝેરી પ્રવાહી પણ હોઈ તેના વડે એ પોતાના શિકાર–ઝીણી જળજીવાતને પામી જઈ મારીને આરોગી જાય છે. આ જીવ તે 'મૂન-જેલી.'


ઇંડામાંથી એ જન્મે છે. જન્મે ત્યારે જામફળ જેવા આકારનું એનું ટચૂકડું શરીર વાળથી ઢંકાએલું હોય છે. એ વાળ હલાવીને એ તરે છે. પણ થોડા જ વખત પછી પાણીને તળિયે જઇ એ કોઇ શંખ કે ખડકને વળગી જાય છે. ત્યારે એ કોઈ સૂક્ષ્મ છોડ જેવું જ લાગે છે. થોડા મહિના પછી વિકાસ પામી એ ત્યાંથી છૂટું પડે છે ને ઊંધું પડી શરીર હલાવી તરતું ચાલ્યું જાય છે. આગળ જતાં એ કેટલાક ઈંચ જેટલો શરીર વિકાસ પામે છે.

છત્રી જેવા એના શરીરને મથાળે લાલ ટપકાં રૂપે આંખો હોય છે. એ કશું 'દેખી' નથી શકતી પણ અજવાળા-અંધારાનો તફાવત પામી શકે છે. છત્રીના દાંડા પેઠે મૂન-જેલીના પેટાળમાં એક લાંબું અંગ હોય છે જે એનું મૂખ છે. પોતાનો ખોરાક પકડવામાં એ પણ કામ લાગે છે. શરીર પર પટ્ટાવાળી 'સ્પેકલ્ડ જેલી' દેખાવે ફૂલની કળી જેવા શરીરની 'રોઝબડ જેલી' અને 'કૉમ્બ જેલી' એવી એની બીજી જાતો પણ થાય છે. દરેકનો જીવનક્રમ લગભગ સરખો જ છે. બધી 'જેલી' દેખાવે સુંદર લાગે છે. રાત્રે પણ એ સરસ દેખાય છે કેમકે ત્યારે કેટલીકના શરીરમાંથી પ્રકાશ પ્રસરતો હોય છે.

નિયમનો ભંગ કરવા બદલ એમને અનેક વાર એ રમતનાં સાધનો જપ્ત થવા દેવાં પડેલાં.

બૅંકોની અક્કડ નીતિ અને વહીવટનો જે અનુભવ લોકોને ઘણી વાર સહેવો પડે છે તેને સ્થાને સરલ, આકર્ષક અને આવકારક વલણના હિમાયતી શ્રી દહેજિયાના ખયાલ આધુનિક જ નહિ, કંઈક ક્રાંતિકારક પણ છે. બદલાતા જતા આ કાળમાં લોકોએ બૅંકો પાસે જવાને બદલે બૅંકોએ લોકો પાસે જવું જોઇએ એમ તેઓ માને છે.

નાણાખાતાના બહોળા અનુભવ, આંકડાશાસ્ત્રનું ઊંડું જ્ઞાન ને વહેવારુ બુદ્ધિ ધરાવતા આ 'સમર્થ વૃદ્ધ'ને હાથે સ્ટેઈટ બૅંક અનેકવિધ યોજનાઓ દ્વારા પ્રજાની સેવાઓ કરી શકશે એ નિઃશંક.



ટીલિયાનું અવસાન

ગયા વર્ષે ભારતની ટપાલટિકિટ પર જેનું ચિત્ર પ્રકટ થયું હતું એ ગિરનો ૨૪ વર્ષનો આ સિંહ ગઈ ૧૮મી માર્ચે મૃત્યુ પામ્યો. ગિરના સિંહ જોવા આવતા દેશવિદેશના પ્રવાસીઓ સામે એ અનેક વાર રજૂ થયો હતો એટલું જ નહિ, પણ એમની તસવીરો ને ચલચિત્રોમાં પણ એ ઘણી વાર ઝડપાયો હતો. આ રીતે એણે સરકારને લગભગ એક લાખ રૂપિયાની કમાણી કરાવી આપી હતી. ૬૫૦ રતલ વજન અને નવ ફૂટની કાયા ધરાવતા આ વનરાજના કપાળમાં એક ટીલું હોઈ લોકો લાડમાં એને 'ટીલિયો' કે 'તિલક મહારાજ' કહી ઓળખતા. અન્ય હિંસક પ્રાણીઓ તરફના હુમલા વખતે એકાએક વચ્ચે ઝંપલાવીને એણે ગિરના વનરક્ષકનો બેએક વાર જીવ પણ બચાવેલો. સ્વભાવે એ રમતિયાળ હતો. પોતાની પાછળ એ ૨૪ સિંહ-સિંહણનો વિશાળ પરિવાર મૂકી ગયો છે.



બે બાજુ સંતોલનની સગવડ સાથે હવા ભરેલાં એવાં પગાં હૅમ્બર્ગમાં તૈયાર થયાં છે, જે પહેરીને પાણી પર ચાલી શકાય. (યુ.પી.એસ.)

જીવી જાણનારા કરનાલસિંગ

દેશની સરહદ ઉપરના પાક. આક્રમણ સામે ગુજરાતની સ્પેશ્યલ રીઝર્વ પોલીસે માત્ર કચ્છ સરહદે જ નહિ પણ પશ્ચિમ બંગાલની કુચબિહાર-દહાગ્રામ સરહદે પણ પ્રશંસાપાત્ર કામગીરી બજાવી છે. ગઇ તા. ૯ એપ્રિલે કચ્છમાંની ભારત-પાક સરહદ ઉપર પાકિસ્તાની સૈન્યના હુમલા વખતે ગુજરાત એસ. આર. પી.ના ડેપ્યુટી કમાન્ડન્ટ શ્રી કરનાલસિંગની હિમ્મતની રસભરી કહાણી જાણવા મળી છે.

વહેલી સવારે ત્રણ વાગ્યે પાકિસ્તાનીઓએ સખ્ત મારો ચલાવ્યો ત્યારે રાત્રિના અંધારામાં શ્રી કરનાલસિંગ મશીનગન લઇ ચોકીની પૂર્વમાં આગળની બાજુ કૂદીને નીકળી ગયા અને થોડે દૂર સુધી જઇ પોઝીશન લઈ લીધી.

પાકિસ્તાની સૈન્યની ટુકડી જેવી હુમલો કરવા આવી કે તરત જ શ્રી કરનાલસિંગે મશીનગનથી આડો ગોળીબાર કરી ૩૪ માણસોને મારી નાખ્યા કેટલાકને ઘાયલ કર્યા અને જે ચારેક જણા જાન બચાવવા ચોકીમાં દોડયા તેમને આપણા સિપાઇઓએ કબજે કર્યા. આ લડાઇમાં આપણા ૧૯ સિપાઇઓ ગુમ થયા છે. જેમાં કરનાલસિંગ પણ હજુ બેપત્તા છે.

એક વધુ અભિનવ પ્રકાશન

New English Encyclopedia

'નૉલેજ,' 'અન્ડરસ્ટૅન્ડિંગ સાયન્સ', 'ફાઇન્ડિંગ આઉટ', જૉલી રૅાજર' 'એનિમલ્સ' અને 'ડિસ્કવરિંગ આર્ટ'નાં અદ્વિતીય પ્રકાશનો પછી આગળ વધીને પુર્નેલ ઍન્ડ કંપની હવે New English Encyclopedia નામે એક નવું અઠવાડિક પ્રકાશન બહાર પાડે છે. અઢારઅઢાર અંકનો એક એવા કુલ બાર ગ્રંથોમાં પૂરો થનાર, હપતે હપતે આગળ વધતો આ એક અતિ સુંદર જ્ઞાનકોષ છે. પંદરથી વીસ હજાર વિષયો પર છેલ્લામાં છેલ્લી અધિકૃત માહિતી આ જ્ઞાનકોષમાં અક્ષરાનુક્રમે મૂકવામાં આવી છે. સર મૉર્ટિમર વ્હીલર, સર જ્હૉન રોધેન્સ્ટાઈન, સર બર્નાર્ડ લૅાવેલ, નૉર્મન ફિશર વગેરે જેવા નિષ્ણાતોના સલાહકાર સંપાદક-મંડળની દોરવણી નીચે તૈયાર થતા આ જ્ઞાનકોષની પ્રત્યેક વાનગી સાથેનાં પૂર્ણરંગી ચિત્રો, આલેખો, નકશા અને માનચિત્રો તથા ફોટોગ્રાફોને લીધે આ એક મહામૂલો સંદર્ભકોષ બની રહેશે. આ ઉપરાંત, એના ત્રીજા અંકથી એમાં અંગ્રેજી શબ્દકોષનાં અલગ પાનાં પણ ઉમેરવામાં આવનાર છે. અને ૮૫૬ પાનાંના એ શબ્દકોષમાં પણ ૩૦૦૦ જેટલાં રંગીન ચિત્રો સાથે ૩૦,૦૦૦ જેટલા શબ્દો સમજાવવામાં આવનાર છે! ૯ પાઉન્ડ અને ૨ શિલિંગનું એનું વાર્ષિક લવાજમ પરવડે એ સૌએ અવશ્ય વસાવવા જેવું આ પ્રકાશન છે. આ પ્રકાશકોએ કલા અને વિજ્ઞાનનાં ક્ષેત્રોને આવરી લેવા સાથે લગભગ બારેક જેટલા કાયમી વિભાગોમાં વર્તમાન જગતનાં પલટાતાં સ્વરૂપોની માહિતીઓ આપતા પૂર્ણરંગી સચિત્ર New Knowledge નામક એક વધુ પ્રકાશનની જાહેરાત પણ કરી છે.

બહુધા અરણ્યમાં થતું, મધ્યમ કદનું, કાંટાળું વૃક્ષ; પાન બાવળ જેવાં; સંસ્કૃત નામ ખદિર; લૅટિન નામ ઍકેસિયા કેટેચ્યુ. ખેરના લાકડામાંથી કાથો બને છે. એ લાકડું ઘણું કઠિન હોવાથી ઇમારતના કામમાં ઘણું ઉપયોગી છે. મજબૂતાઇને કારણે સુતારો-લુહારો ઓજારના હાથા તરીકે ખેરનું લાકડું પસંદ કરે છે. ઔષધમાં ખેરની છાલ, ખેરસાર વગેરે અંગો પ્રાચીન કાળથી વપરાય છે. ગાંધીને ત્યાં એ મળે છે.

ગુણકર્મો

કડવું, તૂરું, શીતવીર્ય અને પાચન; પિત્ત, કફ, કુષ્ઠ, ખાંસી, સોજા, ખુજલી, વ્રણ, અરુચિ, ચરબી (મેદ), પ્રમેહ, તાવ, સફેદ કોઢ, આમ (કાચો રસ), લોહીવિકાર તથા પાંડુ રોગનો નાશ કરે છે.

કુષ્ઠ

'કુષ્ઠ' ઉપરથી જ કોઢ શબ્દ તો આવ્યો છે; પણ મૂળ કુષ્ઠ શબ્દ ૨૦ પ્રકારના ચામડીના રોગો માટે વપરાય છે. એ ૨૦ પ્રકારમાં સફેદ કોઢ, દાદર, ખરજવું વગેરે બધા ત્વચારોગો આવી જાય છે. સફેદ કોઢ માટે 'શ્વેત કુષ્ઠ' શબ્દ પણ વપરાય છે. આચાર્ય ચરકે બધા જ પ્રકારના કુષ્ઠ રોગોને મટાડનાર સર્વશ્રેષ્ઠ ઔષધ તરીકે ખદિરનો ઉલ્લેખ કર્યો છે. (સૂત્ર સ્થાન, અધ્યાય ૨૫)

સફેદ કોઢ તથા ચામડીના અન્ય વિકારોમાં ખેરની છાલનો ઉકાળો સવાર-સાંજ પીવાથી તથા મીઠું, મરચું અને બજારુ ચીજો છોડી દેવાથી ઉત્તમ લાભ થયાનો અનુભવ છે. એક તોલો છાલની ભૂકીને ૧૬ તોલા પાણીમાં ધીમા તાપે ઉકાળીને $\frac{1}{8}$ ભાગનું પાણી બાકી રહે એટલે ઉતારી, ગાળી, ઠરી ગયા પછી સવારે નરણા કોઠે અને સાંજે ૫ વાગે પીવું.

પ્રમેહ

'પ્ર' એટલે પુષ્કળ અને મેહ એટલે મૂત્ર. આયુર્વેદમાં ૨૦ પ્રકારના પ્રમેહનું નિરૂપણ છે.

કફથી થતા દસ પ્રમેહોમાં એક છે 'શનૈર્મેહ' એમાં મૂત્રપ્રવૃત્તિ ધીમે ધીમે વેગરહિત થાય છે. શરીરમાં કફ વધી જવાથી થતા આ શનૈર્મેહમાં ઉપલો ખેરનો કવાથ સવાર-સાંજ પીવો; અને ભારે, ચીકણી, ગળી, ખાટી અને ખારી ચીજો છોડી દેવી. ઉત્તમ લાભ થશે. જેમાં સાકર જતી હોય એવા મધુમેહ (ડાયાબિટીઝ)માં પણ આ રીતે પથ્યપાલન સાથે ખેરની છાલનો ઉકાળો પીવાથી લાભ થશે.

પેઢામાંથી રક્તસ્રાવ

દાંતનાં પેઢાં શિથિલ થઈ ગયાં હોય, દાંત હાલતા હોય અને રક્તસ્રાવ થતો હોય તો ઉપર પ્રમાણે ખેરની છાલનો ઉકાળો કરી ઠંડો પડે એટલે ગાળીને એનો કોગળો મોંમાં ૫-૧૦ મિનિટ ભરી રાખવો. આને શાસ્ત્રમાં ગંડૂષવિધિ કહે છે. ખેરની છાલના ક્વાથને મોંમાં ભરી રાખવાથી રક્તસ્રાવ બંધ થાય છે અને દાંત તથા પેઢાં મજબૂત બને.

વ્રણ (ઘા)

ઘામાંથી પરુ નીકળતું હોય તો ખેરની છાલનો ઉકાળો પીવો તથા તેના નવશેકા ક્વાથને ગાળી એનાથી વ્રણને ધોવો. ઘામાંથી લોહી-પરુ નીકળતાં બંધ થશે અને વ્રણ રુઝાઈ જશે.

જીર્ણ જ્વર

તાવ લાંબો ચાલે એની બરોળ ઉપર અનિષ્ટ અસર થાય છે. ખેરની છાલ અને કરિયાતાના સમભાગ ભૂકામાંથી ઉકાળો બનાવી રોગીને રોજ સવારે નરણા કોઠે પીવા આપવાથી બરોળની વૃદ્ધિ અટકે છે અને શરીરને શક્તિ મળે છે (ડૉ. વા. ગ. દેસાઈ).

ઝાડા


ખૂબ ઝાડા થઈ ગયા હોય તો ખેરની છાલના ઉકાળાથી મટી જાય છે. છાલના ઉકાળામાં સ્તંભન ગુણ છે તેથી તે ઝાડાને અટકાવે છે. પરિણામે ઝાડો બંધાય છે.

શાસ્ત્રીય દવાઓ


ખદિરઘૃત એ જાણીતી દવા છે. પ્રમાણિત ફાર્મસીમાંથી લાવીને વાપરવું. જે સ્ત્રીઓને કોઠે ગરમી હોય અને કસુવાવડ થઈ જતી હોય એમને માટે તે અમૃત તુલ્ય છે. સવાર-સાંજ દોઢદોઢ તોલો ઘી દૂધ સાથે લેવું.

ચામડીનાં દર્દોમાં ખદિરારિષ્ટ સવાર-સાંજ દોઢ દોઢ તોલો પાણી ઉમેરીને પીવો. ફાર્મસીઓ વેચે છે.


લાભશંકર ઠાકર



મ્યૂનિકની આર્ટ ગૅલેરીમાં હમણાં આવી અનોખા પ્રકારની ૧૮૦ ચિત્રકૃતિઓ રજૂ થઈ હતી. 'ઉચ્ચ કોટિની મૉડર્ન કલાકૃતિઓ' જેવાં એ ચિત્રોની વિશેષતા એ છે કે એ બધાં જ ત્યાંના પાગલખાનાના દર્દીઓએ ચીતરેલાં છે!



હાનોવર (જર્મની)ના એક બાગની ૩૦૦મી જયંતી નિમિત્તે તૈયાર થએલું એક અભિનવ સ્મારક. બીજા વિશ્વયુદ્ધમાં નાશ પામેલા અહીંના એક વિશ્રામગૃહને સ્થાને આ સ્મારકરૂપ 'રેસ્તોરાં' સહેલાણીઓને ખૂબ જ આકર્ષશે. (યુ. પી. એસ.)



← **'રેડિયો ટોર્ચ'** (જુઓ ચિત્ર બાજુમાં) ટ્રાન્ઝિસ્ટરવાળાં ટ્રાન્સમીટર અને રીસીવરવાળી દસેક ઔંસ વજનની એક એવી 'રેડિયો ટોર્ચ' બનાવાઈ છે કે જેના વડે અંધજનો સંજ્ઞાઓ મોકલી શકશે અને માર્ગમાં આડે આવતી વસ્તુઓ પર અથડાઇને પ્રતિધ્વનિ રૂપે આવતી એની વિવિધ સંજ્ઞાઓ પરથી વગર જોયે માણસ એના અંતરનો અંદાજ મેળવી શકશે, એટલું જ નહિ, પણ એ પદાર્થની સપાટી કેવી હશે તે પણ જાણી શકશે.

કંકાવટી

'મારી જીવન-સ્મૃતિ તથા નોંધપોથી'

કનુબહેન (કનકલક્ષ્મી) દવેએ આત્મકથાના ૧લા ખંડ 'જીવન-સ્મૃતિ'(૧૯૩૮)માં પોતાના બાલ્યજીવન અને શાળાજીવનનાં થોડાંક, પણ લગ્નજીવનનાં અને સાહિત્યજીવનનાં વિસ્તારથી સંસ્મરણો લખ્યાં છે. પતિ સાથે પેટલાદ, બોરસદ, અંકલેશ્વર, સુરત, પાટણ, મુંબાઈ વગેરે અનેક સ્થળે રહેતાં પોતાના પ્રયાસથી અને પતિના પ્રેરક સંગથી એમણે જૂના-નવા ગુજરાતી, સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્યનો રંગ લાગ્યો, ને સાહિત્યરસિકતા કેળવાતી ચાલી તેમ લેખન-વાચન-ચિંતન પણ વધવા લાગ્યાં. પોતે જે જોયું, સાંભળ્યું, લખ્યું, વાંચ્યું અને અનુભવ્યું તેને લગતા સાહિત્યજીવનના તેમજ પોતાને થએલા સાંસારિક અનુભવોના પ્રત્યાઘાતો એમણે નિખાલસતાપૂર્વક તટસ્થતાથી આ વૃત્તાંતમાં આપ્યા છે. અહીં કનુબહેનના ઉચ્ચગ્રાહી, સંસ્કારી,સાહિત્યરસિક, સત્યપ્રિય સંવેદનશીલ પ્રગતિશીલ વ્યક્તિત્વનો પરિચય તેમની સંસ્કૃત પણ સરળ ને રસાળ વાણીમાં થાય છે, ને લેખિકાએ પોતાને 'જન્મપ્રૌઢા' કહ્યાં છે તેમાં સહમત થવાની વૃત્તિ થઇ આવે છે.

કનુબહેને આ પુસ્તકના બીજા ખંડને આપેલું 'નોંધપોથી' અથવા 'સંવેદન-સંહિતા' નામ તો અધૂરું ગણાય, કેમ કે એમની ધર્મ, નીતિ, તત્ત્વજ્ઞાન, પ્રેમ, લગ્નભાવના, સંસાર, શિક્ષણ, સાહિત્ય, કલા, વિજ્ઞાન, રાષ્ટ્ર અને રાજકારણ વિષેની એ ચિંતન સંહિતા પણ છે. બાલ્યાવસ્થાથી જ સ્વપ્નસૃષ્ટિ રચવાની પ્રકૃતિવાળાં કનુબહેન, પોતાને સાહિત્યરસિક ને પ્રેમાળ પતિ મળતાં, સાહિત્યસૃષ્ટિમાં વિહરી આત્મવિકાસ સાધી શક્યાં. સંસાર અને સાહિત્ય-સૃષ્ટિનાં પોતાનાં સંવેદનોને એમણે એમાં સરળ, સચોટ, સંસ્કારી વાણીમાં ઝીલ્યાં છે અને એમનાં સાત્ત્વિકતા, સૌન્દર્યોપાસના સમાનતા પ્રિયતા, સ્વાતંત્ર્યપ્રેમ અને વિશ્વૈક્યવાંછાની પણ પિછાન કરાવી છે.

ઉપેન્દ્ર ર. ભટ્ટ



આજે જ્યારે ચલચિત્ર જોઇ લોકો પ્રેમ કરતાં શીખે છે ત્યારે એ વિચાર આપણે જરૂર કરવો રહ્યો કે પ્રેમ છોકરા-છોકરી એકબીજાની પાછળ દોડાદોડી કરે ત્યાં સમાપ્ત નથી થતો. લગ્ન પછી કેટલીક વખત એ જ છોકરા-છોકરીઓ જ્યારે પરણીને સાથે રહે છે ત્યારે સમજ નથી પડતી કે એમના પ્રેમને શું થઈ ગયું છે! બે જુદીજુદી ટેવવાળા, જુદાજુદા કુટુંબના માણસો સાથે રહેવા માંડે ત્યારે જ એમને એકબીજાની ટેવો–એકબીજાના સ્વભાવનો પરિચય થવા માંડે છે. હવે નાની છોકરી ઘરમાં નથી આવતી કે જે કુમળી ડાળની માફક જેમ વાળો તેમ વળે. હવે બારીની આડમાંથી અલપઝલપ બાળપત્નીને જોતો નાનો બાળક પતિ નથી હોતો કે જે નાનપણથી જ એ પત્નીનું ધ્યાન કરવા માંડે. હવે તો સમજુ પાકટ ઉંમરનાં બે જુવાન માણસો–જેનું ઘડતર છેક કુમળું નથી રહ્યું એવાં પરણે છે અને આવાં લગ્નમાં પતિપત્ની સમજુ ન હોય તો એવાં લગ્નો ખરાબે ચઢવાનો સંભવ વધારે છે–વધતો જાય છે.

ને આવાં ખરાબે ચઢેલાં લગ્નોનું પરિણામ ઘણી વાર લગ્નવિચ્છેદમાં આવે છે. એ પરિણામની અસર માત્ર પરણેલા યુગલ પર જ નહિ પણ તેમનાં કુટુંબીજનો પર અને ખાસ કરીને બાળકો હોય તો તેના પર થાય છે. પશ્ચિમમાં આવા લગ્નવિચ્છેદ સામાન્ય થઈ પડ્યા છે. ત્યાં તોફાની અનિયત્રિત બાળકોનો પ્રશ્ન પણ એક કોયડા જેવો થઈ ગયો છે. પશ્ચિમના આંધળા અનુકરણના છાંટા આપણને પણ ઊડવા માંડ્યા છે.

આજે પુરુષની અનિયંત્રિત સત્તા સ્ત્રી માન્ય નહિ કરે કારણ કે સ્ત્રીના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર તો થઈ જ ચૂક્યો છે. પણ સાથે વ્યક્તિત્વનો અર્થ સ્વચ્છંદ તો નથી જ એ આપણે ભૂલવું ન જોઇએ.

લીલાવતી મુનશી

ગલકાંનાં મૂઠિયાં

સામગ્રી: ૧।। શેર કુણાં ગલકાં, ૦।। શેર ઘઉં-ચણાનો એકઠો લોટ, એક ચમચી ખાંડ; મીઠું–મરચું–હળદર–ધાણાજીરુ જોઈતા પ્રમાણમાં; બે મરચાં, બે કટકી આદુ, એક ઝૂડી કોથમીર; તથા તેલ, અજમો, હીંગ ને તલ.

રીત: લીલો મસાલો સાફ કરી વાટવો. ગલકાંને છોલી, છીણી લોટમાં ભેળવવાં. પછી તેમાં લીલો મસાલો, ઉપરનો મસાલો તથા મોણ ભેળવી લોટને મસળવો જેથી પાણી વગર બંધાઈ જશે. પછી નાનાંનાનાં મૂઠિયાં બનાવી, એક તપેલીમાં ચાળણી અરધી ડૂબે તેટલું પાણી લઈ. ચાળણી ઉપર મૂઠિયાં ગોઠવી સગડી ઉપર મૂકવાં. પંદર મિનિટમાં જ ચડી જશે. હવે મૂઠિયાંના કટકા કરી તેલ, અજમો. હીંગ અને તલ મૂકી વઘારવાં. ગલકાંનાં મૂઠિયાં સ્વાદમાં ખૂબ મીઠાં અને પચવામાં હલકાં છે.

શીશીઓ રાખવાના ટેબલ કે કબાટના ખાનામાં નીચે બ્લૉટિંગ પેપર પાથરી રાખજો શીશીમાંથી નીતરેલાં કે ટપકેલાં તેલ વગેરે એથી શોષાઈ જશે, ને ખાનું બગડશે નહિ.

આઇસ્ક્રીમનો જન્મ: અમેરિકાના ચોથા પ્રમુખને ત્યાં થતી મિજબાનીની તૈયારી કોઈ કારણસર એકાએક બંધ રહી એથી મિજબાની માટે દૂધ અને ઈંડાંમાંથી બનાવેલો ખાદ્ય પદાર્થ એક હબસણ દાસીએ બરફની પેટીમાં સાચવવા મૂકી દીધો. બીજા દિવસે મહેમાનોને અન્ય ખાણા સાથે આ પદાર્થ પણ આપવા માટે કાઢવામાં આવ્યો ત્યારે એમાંનો રાસાયણિક ફેરફાર જોઈ તે પીરસતાં જ એક મહેમાને 'ઝેર' 'ઝેર' કહીને બૂમાબૂમ કરી. એથી પેલી દાસીને કેદ કરવામાં આવી; પણ પાછળથી યજમાન પત્નીએ આ પદાર્થ ચાખી એ અત્યંત સ્વાદિષ્ટ છે એમ જાહેર કર્યું ત્યારે સૌએ આનંદથી ખાધો, દાસી મુક્ત થઈ અને આઈસ્ક્રીમની શોધક તરીકે ખ્યાતિ પામી.



જુદીજુદી ડિઝાઇનોવાળી છીંટના નકામા ટુકડામાંથી આવું સોહામણું બ્રેસીઅર બનાવી શકાય. ટુકડાઓના કટ કઈ રીતે મૂકવા તે પણ ઉપરની આકૃતિ પરથી સમજાશે.

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : લૉર્ડ જૉસેફ લીસ્ટર



દર્દીને બેભાન બનાવનારી દવા આપીને એને 'ઉંઘાડી' દઇ આજે દાક્તર પૂરતી શાંતિ ને સ્વસ્થતાથી એના શરીર પર વાઢકાપ જે કરી શકે છે એવી સ્થિતિ સવાસો વર્ષ પહેલાં નહોતી. એ વખતનાં ઑપરેશનોમાં તો દર્દીને 'બ્રાન્ડી' કે 'રમ' આપી અર્ધજાગ્રત જેવી સ્થિતિમાં મુકાતો ને વાઢકાપની પીડાથી એ ધમપછાડા ન મારી શકે એટલા સારુ એને જકડીને પકડી રાખવો પડતો. એ કાળના મહાન અંગ્રેજ સર્જનોમાંના એક લૉર્ડ જૉસેફ લીસ્ટર શારીરિક વાઢકાપના ક્ષેત્રમાં વિખ્યાત હતા.

એમનો જન્મ એસેક્સ પરગણામાં અપ્ટન મુકામે એક સુખી ક્વેકરપંથી કુટુંબમાં ઈ. ૧૮૨૭ની પાંચમી એપ્રિલે થએલો. મદ્યનો ધીકતો ધંધો કરતા પિતા વિજ્ઞાનના વ્યાસંગી હતા. સૂક્ષ્મદર્શન યંત્રમાં કેટલાક સુધારા કરી એની કાર્યશક્તિ વધારી તેઓ રૉએલ સોસાએટીમાં ફેલો બન્યા હતા. મોટા દાક્તરો અને વિજ્ઞાનીઓ પાસે પણ 'માઈક્રોસ્કોપ' મળવું મુશ્કેલ હતું એ કાળમાં લીસ્ટર કુટુંબનાં બાળકો એ કિમતી સાધનનો ઉપયોગ કરી શકતા હતા. અત્યંત નાજુક એવા 'ડિસેકશન' (શરીરછેદન)માં નાનપણથી જ પારંગત જૉસેફને સર્જન બનવાની મહત્ત્વાકાંક્ષા હતી.

લંડનની યુનિવર્સિટી કૉલેજમાં નવ વર્ષ અભ્યાસ કરી એણે શરીરછેદન માટેની ત્યાંની સર્વોચ્ચ ઉપાધિ મેળવી ને રૉયલ કૉલેજમાં ફેલો નિમાયા. એ સમયમાં ઑપરેશનની નિષ્ફળતાથી થતાં મરણો કરતાં યે વાઢકાપના ઘા વકરી જઈ એમાંથી પેદા થતા ઝેરથી દર્દીના મરી જવાનું પ્રમાણ ઘણું વધારે હતું. એનું કારણ કે એના ઉપચારની હજી કોઈને માહિતી ન હતી.

લીસ્ટર પણ આ દિશામાં સંશોધનો કરી રહ્યા હતા. એમણે જેમ્સ સાઈક જેવા ત્યારના વિખ્યાત સર્જન સાથે એડિનબરઅમાં સાત વર્ષ કામ કર્યું. એમની પુત્રી ઍગ્નસ સાથે લીસ્ટરે લગ્ન પણ કર્યું. ૧૮૬૦માં એ ગ્લાસગોમાં સર્જરીના પ્રોફેસર નિમાયા. .

૧૮૬૫માં ફ્રાંસમાં લૂઈ પાસ્તરે, રોગ ફેલાવનાર જીવાણુઓની શોધ કરી. આસપાસ અને હવામાં સઘળે ફેલાએલા, પ્રજનન દ્વારા વૃદ્ધિ પામતા, માનવશરીર પેર થએલા વાઢકાપમાં ચેપ ફેલાવનારા એ જંતુઓનો નાશ કરવાની દિશામાં લીસ્ટરે શોધખોળ આદરી. કાર્બોલિક ઍસિડમાં એમને એ મારક શક્તિ જોવા મળી. એમણે એ પણ જોયું કે આ જંતુઓ ફેલાવવામાં વાઢકાપ ભેગાં દાકતરના હાથ અને હથિયારો પણ કારણભૂત છે, એટલે એમણે કાર્બોલિક ઍસિડથી સાફ કરવાનું રાખ્યું એટલું જ નહિ, હવાની શુદ્ધિ માટે તેઓ કાર્બોલિકનો છંટકાવ પણ કરાવતા. એ દાહક તેજાબમાં મંદતા લાવવા એમણે એમાં તેલ યા પાણી ભેળવવા માડચું. પરિણામે દર્દીના ઘા વકરીને થતા મોતનું પ્રમાણ ઘણું ઘટવા માંડચું.

વૈદ્યક વિજ્ઞાનમાં 'લીસ્ટેરિયન ક્રાંતિ'ને નામે ઓળખાતી એમની આ રીતને સૌએ વધાવી લીધી. આજે તો હવે કાર્બોલિકનો એ રીતનો વપરાશ નથી થતો, પણ ઑપરેશન વખતે દાકતરના હાથ, હથિયાર, પાટા અને ખંડ બધું અત્યંત ચીવટપૂર્વક સ્વચ્છ રાખવાનો આગ્રહ એમના વિચારમાંથી જ વિકસ્યો છે. આજના ઑપરેટિંગ-થીએટર, સરળતાથી ધોઇ શકાય એવી ચળકતી શ્વેત નિર્મળ લાદીઓ મઢેલી દીવાલો, ચોકખાચટ્ટ જભ્ભા અને મોંબંધ પહેરેલા સર્જનો ને પરિચારિકાઓ એ લૉર્ડ લીસ્ટરના પ્રથમ સ્મારક રૂપ છે.

દુનિયાભરમાંથી એમને હવે માન મળવા માંડચું. પાસ્તરે એમને 'બૅક્ટિરીઑલૉજી'-ના સહસ્થાપક તરીકે બિરદાવ્યા. ૧૮૯૭માં એમને રૉયલ સોસાએટીના પ્રમુખ બનાવ્યા ને ઉમરાવપદ આપવામાં આવ્યું. આવું પદ પામનાર બ્રિટનના તેઓ પહેલા દાક્તર હતા. 'ઑર્ડર ઑવ મેરિટ' મેળવનાર સૌ પ્રથમ બાર વ્યક્તિઓમાં તેઓ પણ હતા. ઈ. ૧૯૧૨માં એમનું અવસાન થયું.



પ્રસંગવિશેષ : 'બાઉન્ટી' પર બંડ, ૨૮ એપ્રિલ ૧૭૮૯

કૅપ્ટન કૂકની યાદગાર સફર પછી સત્તર વર્ષે દક્ષિણ પૅસિફિક ટાપુઓમાંથી 'બ્રેડફ્રુટ' લાવીને વેસ્ટ ઈંડીઝમાં એનું વાવેતર કરવાના ખયાલથી જ્યૉર્જ ત્રીજાના સમયમાં 'બાઉન્ટી' નામે એક જહાજમાં લેફ્ટેનન્ટ બ્લાઈની સરદારી નીચે ચાળીસ માણસોનો કાફલો મોકલવામાં આવ્યો. ૧૭૮૭ની ૨૩મી ડિસેમ્બરે સ્પિટહેડથી ઊપડી છેક ૨૬મી ઑક્ટોબરે બાઉન્ટી ઓટાહિટી (આજના ટાહિટી) ટાપુ પહોંચ્યું. ૨૬૦૦૦ માઇલ દૂરથી આવેલા આ પરદેશીઓની ત્યાંના વાસીઓએ એવી તો સુંદર સરભરા કરી કે છ માસ બાદ જ્યારે બાઉન્ટી દેશ આવવા ઊપડચું ત્યારે એના કાફલામાંના ઘણાની ઇચ્છા ત્યાં જ રોકાઇ રહેવાની હતી. અનેક ભેટો સાથે 'બ્રેડફ્રુટ'ની કલમોનો મોટો જથ્થો મેળવવા માટે બ્લાઈ રસ્તે મનોમન ગૌરવ અનુભવતો હતો. એમાં ૨૮મી એપ્રિલની વહેલી સવારે એકાએક એની કૅબિનમાં પ્રવેશી ત્રણ ખલાસીઓએ એને મુશ્કેટાટ બાંધ્યો ને તુતક પર લાવી, અન્ય અઢાર અમલદારો સાથે હોડીમાં ઉતારી, થોડાં ખોરાક-પાણી વગેરે આપી સૌને મધદરિયે છોડી દીધા; 'બાઉન્ટી'ને ઓટાહિટી તરફ વાળી ગયા. બ્લાઈ અને એના સાથીઓ અનેક ભયંકર મુસીબતો વેઠી અંતે ૪૧ દિવસે ૩૬૧૮ માઇલ દૂર તિમૂર ને ત્યાંથી ઇંગ્લંડ પાછા ફર્યા. 'બાઉન્ટી' પરના ખલાસીઓના બંડની વિગતો જાણી સરકારે એ સૌને પકડી લાવવા શસ્ત્રસજ્જ જહાજ 'પૅન્ડોરા' મોકલ્યું. ઓટાહિટી પરથી ૧૪ બંડખોરોને લઈ પાછું ફરતું 'પૅન્ડોરા' માર્ગમાં અકસ્માતથી ડૂબી ગયું. એમાંથી બચીને પાછા ફરેલા ખલાસીઓ સાથેના બંડખોરોમાંથી ત્રણને મોતની સજા થઈ. બીજાઓને પણ ઓછીવત્તી સજા મળી. વીસ વર્ષ પછી 'બાઉન્ટી' પણ ખલાસ થઈ ગયાના ખબરો મળ્યા. આ રોમાંચક કથા પરથી સરસ ફિલ્મ પણ ઊતરી છે.

આવતહીં હર્ષ નહીં નૈનન નહીં સનેહ,
તુલસી તહીં ન જાઇએ કંચન બરસે મેહ.

ગ્રીસ જીતવા નીકળેલા સિકંદરે તેનું પાટનગર આથેન્સ કબજે કર્યું ત્યારે તેણે ગ્રીસના એક ફીનીશિયન સરદારની બહાદુરી વિષે બહુ સાંભળેલું; તેથી તેણે એ સરદારને બેલાવી તે પોતાના પક્ષે આવી જાય તો તેને ખાસ મિત્ર બનાવી મોટું ઈનામ આપવા જણાવ્યું. ફીનીશિયને ઉત્તર દીધો કે 'આપ નામદારને મારા ઉપર કંઇકે લાગણી હોય તો હું એટલું જ માગી લઉં છું કે મારી પ્રમાણિક્તા મારી પાસેથી ખૂંચવી ના લો.'



મુક્તપણે ચૂંટણીમાં મત આપવાનો નાગરિકોનો અધિકાર પ્રાચીન ગ્રીસમાં છેક ૨૪૦૦ વર્ષથી સ્થપાએલો છે. એ કાળે એક મોટી કોઠીમાં કાંકરા નાખી લોકો પોતાનો મત નોંધાવતા.

કહેવતોના અર્થ : 'દેખને મેં ઢબ્બુ, ઔર ચલને મેં સિરવાઇ'—જૂના વખતમાં બે પૈસાના ચલણ માટે ઘણા મોટા કદનો ઢબ્બુ નામનો સિક્કો હતો, પણ એના જેવડા જ મોટા કદના 'સિરવાઇ' નામના હલકી જાતના સિક્કાનું કશું મૂલ્ય ન હતું; તેને આધારે ચાલતી આ કહેવત દેખાવ અને ગુણ વચ્ચેનો ફેર દર્શાવવા માટે અથવા તો બહારના દેખાવ પરથી ન છેતરાવા માટે વપરાતી આવી છે. એને મળતી બીજી કહેવતો : 'મોટા પણ માંહેથી ખોટા'; 'ઢમઢોલ માંહે પોલ'; 'ઊજળે લૂગડે લબેશરી'; 'ઉપર કી અચ્છી બની, ભીતર કી રામ જાને'; 'માંહેના ગુણ મહાદેવજી જાણે' વગેરે.



ગુંદર, સરેસ, તેલના રંગ વગેરેનો ઉપયોગ કરતી વેળા પીંછી પર તેના રેલા ઊતરી હાથ બગડે છે. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે પતરાની નાની ગળણી પીંછી પર જડી દેવાથી હાથ બગડતા અટકશે.


અનેકાર્થી શબ્દ : **ગાંથી** = ગાંઠ (ગ્રંથિનો અપભ્રંશ); ગઠ્ઠો કે પિંડ; દૂંટી કે નાભિ; પોટકું; ફાંસો; ઠરાવ; મુશ્કેલી કે અઘરું કામ; ગેરસમજ; કપટ કે દગો; ખાનગી વાત; ખિસ્સું કે થેલી; આદુ, સૂંઠ કે હળદરના કટકા (ગાંઠ)ને માટે એકલો વપરાતો શબ્દ.



પ્રેસિડન્ટ અબ્રાહમ લિંકનની સોમી મૃત્યુતિથિ–૧૫મી એપ્રિલે ભારતે બહાર પાડેલી ખાસ ટપાલટિકિટ.



આંખો વડે જ બધું જોઇ શકાય છે એમ કહેવું બિલકુલ ખોટું છે. આપણી આંખો જાતે કશું જોતી જ નથી. ખરું દૃષ્ટિકેન્દ્ર તો આપણા મગજમાં રહેલું છે, જ્યાં બધાં દૃશ્યની પ્રતિમૂર્તિઓ ઘડાઈ તેનું વર્ગીકરણ થાય છે. આંખે પહોંચાડેલા સંવેદનની પ્રતિમૂર્તિઓ આપણા મગજમાં જ્યારે નથી ઘડાતી ત્યારે આપણે બધું જોવા છતાં દૃષ્ટિવાન નથી હોતો. ઘણી વખતે આપણે કેટલું બધું જોતા ચાલ્યા જઇએ છીએ, પણ આપણું મગજ બીજા કશા પર કેન્દ્રિત થએલું હોય છે એટલે એની પ્રતિમૂર્તિ મગજમાં નથી ઘડાતી. એ બતાવે છે કે દૃગસંવેદનોના અર્થ ઘટાવતું કેન્દ્ર આંખોમાં નહિ પણ મગજમાં આવેલું છે.




કલાકણિકા : મિસરમાં સંસ્કૃત માનવે જગતની જે પ્રાચીનતમ ને સમૃદ્ધ સંસ્કૃતિ ખીલવી હતી તેમાં માત્ર થાંભલાઓના પણ અનેકવિધ પ્રકારો સર્જેલા. ઉપર a b અને c કમળની કળી ને પુષ્પના ઘાટ પર તથા d ખજૂરીપત્રના ઘાટને આધારે રચેલા છે.

લાંબુ જીવવાની ઇચ્છા ઘણાંને હોય છે; સારી રીતે જીવવાની બહુ ઓછાંને.

સાપ બરફ ઉપર ચાલી શકતો નથી. તેના કડીબંધ અંકોડા ખેંચવાને ખરબચડી જમીન જરૂરી છે. સાપનો ભય હોય ત્યાં ચોમેર કાચ જેવી સપાટી હોય તો તે આવી ન શકે.



સ્થપતિઓ, ચિત્રકારો, નકશા-નવીસો વગેરેને પોતપોતાનાં ડ્રૉઈંગબોર્ડ મનફાવતા ઢાળ પર રાખવાં જોઇએ છે; તેને માટે આ ચિત્રમાં બોર્ડને જડેલી કરામત ખપની છે.



કાલીયદમન (કાંગડા કલમ) ભારતના રાષ્ટ્રીય કલાભંડાર 'નૅશનલ મ્યૂઝિયમ ઑવ ઇંડિયા'ના સંગ્રહમાંથી

ધરતીની ઉરધબક જેવી સોહામણી ટેકરીઓવાળા નદીતટની પાર દેખાતું ગામ, વિષમય જળનું પાન કરવાથી બેશુદ્ધ થઈ પડેલા ગોપ અને ગાયો, ઘેઘૂર કદંબના થડ પર લટકાવેલાં કૃષ્ણનાં વસ્ત્રાભૂષણો, બહુમુખી વિષધર કાલીય નાગ, તેનો પરાજય કરવા છતાં તેને જીવંત રાખનાર નંદપુત્રને રીઝવતી નાગપત્નીઓ, અને એ સર્વના કેન્દ્રમાં કર્તવ્યપાલનના સંતોષથી પુલકિત કૃષ્ણ: એ બધાંનું સમુચિત સંયોજન કરીને કાંગડા કલાકારે નમણી રેખાઓ, મુલાયમ નિરૂપણ અને (અહીં અ-છતી) મધુર રંગાવટ વડે આ નાનકડા ચિત્રવિસ્તારમાં પણ છલોછલ કલારસ વહેવડાવ્યો છે.